દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 253 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 October 2024, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર,૨૪ ઑક્ટોબર ૨૦૨૪ (૧૩ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૭ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


### ગુજરાતમાં અતિવૃષ્ટિથી પાયમાલ થયેલા ખેડૂતો માટે

# ₹ ૧,૪૧૯ કરોડના સહાય પેકેજની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે અતિવૃષ્ટિથી આર્થિક રીતે પાયમાલ થયેલા ખેડૂતો માટે સહાય પેકેજની જાહેરાત કરી હતી. સરકારે ખેડૂતો માટે ૧,૪૧૯ કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. જેનો રાજ્યના ૨૦ જિલ્લાના સાત લાખથી વધુ ખેડૂતોને લાભ મળશે. ૮.૫ લાખ હેક્ટર જમીનના ખેડૂતોને સહાય ચૂકવાશે. જોકે, ખેડૂતોને આ સહાય ક્યાં સુધીમાં ખાતામાં મળી જશે તે વિશે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. રાજ્ય સરકાર આ અગાઉ ઓગસ્ટમાં ૩૫૦ કરોડનું પેકેજ જાહેર કરી ચૂકી છે.

રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન ઋષિકેશ પટેલ દ્વારા બુધવારે પ્રેસ કોન્ફરન્સ કરીને ઑગસ્ટમાં વરસેલા વરસાદના કારણે જે ખેડૂતોનો મુખ્ય પાક જેવો કે ડાંગર, સોયાબીન, મગફળી જેવા પાક બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો, તેવા ખેડૂતો માટે સહાય ૧૪૧૯.૬૨ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયાની સહાય અને બિન પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૧૧ હજારની સહાય આપવામાં આવશે. કૃષિ પ્રધાન રાઘવજી પટેલના જણાવ્યા અનુસાર, ૬ હજારથી વધુ ગામોના આશરે ૭લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૮ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચુકવવામાં આવશે. આ સહાય પેકેજ ફક્ત ઑગસ્ટ મહિનામાં વરસેલા વરસાદમાં થયેલાં નુકસાન માટે જ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પાછોતરા વરસાદને લઈને થયેલાં પાક નુકસાન વિશે પણ સર્વે કરવામાં આવશે. તેમજ તે અંગે પણ ખેડૂતોને સહાય માટે રાજ્ય સરકાર વિચાર કરશે.

રાજ્યના વિવિધ જિલ્લાઓ જેવા કે, સુરેન્દ્રનગર, દ્વારકા, આણંદ, કચ્છ, તાપી, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, પંચમહાલ, નવસારી, વડોદરા, મોરબી, જામનગર, સુરત, પાટણમાં ઓગસ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદથી ખેડૂતોનો ઊભો પાક તણાઈ ગયો હતો. ■

## કેન્દ્ર સરકાર ઉજવશે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ

નવી દિલ્હીઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે જાહેરાત કરી હતી કે સરકાર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી દેશ માટેના તેમના નોંધપાત્ર યોગદાનના સન્માનમાં ૨૦૨૪ થી ૨૦૨૬ સુધીના બે વર્ષના રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ સાથે કરશે. શાહે જણાવ્યું હતું કે વિશ્વની સૌથી મજબૂત લોકશાહીમાંની એકની સ્થાપનાના સ્વપ્નદ્રષ્ટા શિલ્પકાર તરીકે સરદાર પટેલનો કાયમી વારસો અને કાશ્મીરથી લક્ષદ્વીપ સુધી ભારતને એક કરવામાં તેમની મુખ્ય ભૂમિકા અવિશ્વસનીય છે.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ‘‘તેમના નોંધપાત્ર યોગદાનને સન્માન આપવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભારત સરકાર તેમની ૧૫૦મી જન્મજયંતી ૨૦૨૪ થી ૨૦૨૬ સુધી બે વર્ષની દેશવ્યાપી ઉજવણી સાથે ઉજવશે. ■

## ચક્રવાત ‘દાના’ને ધ્યાનમાં રાખી ઓડિશામાં ૨૮૮ રેસ્ક્યૂ ટીમ તહેનાત

### ૧૦ લાખ લોકોનું કરાશે સ્થળાંતર

ભુવનેશ્વરઃ ઓડિશા સરકારે બંગાળની ખાડીમાં સર્જાયેલું ડીપ ડિપ્રેશન બુધવારે સવારે ચક્રવાતી તોફાન ‘દાના’માં પરિવર્તિત થયા બાદ દરિયાકાંઠાના વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર શરૂ કરાયું હતું. ૧૪ જિલ્લાઓના સંવેદનશીલ વિસ્તારોમાં ૨૮૮ બચાવદળની ટીમો તહેનાત કરવામાં આવી છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી.

રાજ્ય સરકારે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ૧૯ ટીમો, ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સની ૫૧ ટીમો અને ફાયર સર્વિસની ૧૭૮ ટીમો તહેનાત કરી છે. આ ઉપરાંત અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૪૦ વધારાની ટીમો પણ તહેનાત કરવામાં આવી છે.

ભારતીય વાયુસેનાએ બુધવારે સવારે ૧૫૦ એનડીઆરએફ જવાનો અને રાહત સામગ્રીને બે વિમાનમાં ભુવનેશ્વર (જુઓ પાનું ૨) ▶▶



પરાળ અને પ્રદૂષણઃ અમૃતસરના સીમાડે પરાળ (સૂકું ઘાસ) સળગાવતો ખેડૂત. પરાળ સળગાવવાથી હવાનું પ્રદૂષણ વધતું હોવાનું કહેવાય છે. પરાળ સળગાવવાનું રોકવા કેન્દ્ર સરકાર પૂરતા પગલાં નહિ લેતી હોવાનો આક્ષેપ કરીને સર્વોચ્ચ અદાલતે તેની ટીકા કરી હતી. (પીટીઆઇ)

## ત્રાસવાદ સામેની લડતમાં ‘બેવડું ધોરણ’ નહિ ચલાવાયઃ મોદી

### ચીનને ટોણો માર્યોઃ યુવાનોને ગેરમાર્ગે દોરાતા રોકવા ભાર આપ્યો




**ત્રિપુટીઃ** રશિયાના કઝાનમાં ‘બ્રિક્સ’ના દેશોના નેતાઓની બેઠકમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ. (પીટીઆઇ)

કઝાનઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે ત્રાસવાદ સામેની લડતમાં ‘બેવડું ધોરણ’ નહિ ચલાવાય. આ પડકારનો સામનો કરવા ‘સમાન વિચારધારા’ જરૂરી છે.

અહીં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાની ૧૭મી ‘બ્રિક્સ’ સમિટને સંબોધતા મોદીએ યુવાનોને કટ્ટરપંથી બનતા રોકવા માટે ‘અસરકારક પગલાં’ લેવાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો.

‘બ્રિક્સ’ સમિટમાં મોદી ઉપરાંત રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને ઇરાનના મસૌદ પેઝેશકિઆન હાજર રહ્યા હતા. મોદીએ જણાવ્યું હતું કે ત્રાસવાદ અને (જુઓ પાનું ૨) ▶▶

### ભારત અને ચીનની દ્વિપક્ષીય વાતચીત

## સરહદ પર શાંતિ જ અમારી પ્રાથમિકતાઃ વડા પ્રધાન

કઝાન (રશિયા) : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કઝાનમાં બ્રિક્સ શિખર સંમેલનમાં ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. બેઠક બાદ મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવી એ અમારી પ્રાથમિકતા છે.

મે ૨૦૨૦માં પૂર્વ લદાખ સીમા વિવાદ બાદ આ બે દેશો વચ્ચે પહેલી વાર ટોચના સ્તરે ઔપચારિક વાતચીત થઈ છે.

મોદી અને જિનપિંગ વચ્ચે મંત્રણા એ સમયે થઈ છે જ્યારે પૂર્વ લદાખમાં વાસ્તવિક અંકુશરેખા પર બન્ને દેશોના પેટ્રોલિંગ કરવા અંગે સમજૂતી બે દિવસ પહેલાં કરાઈ હતી. ચાર વર્ષથી ચાલતા ગતિરોધને પૂરો કરવાની આને મોટી સફળતા માનવામાં આવે છે.

શી જિનપિન્ગ સાથે વાતચીત બાદ મોદીએ કહ્યું હતું કે અમે પાંચ વર્ષ બાદ ઔપચારિક બેઠક કરી (જુઓ પાનું ૨) ▶▶

## ભારત દુનિયાની સૌથી ઝડપી વિકસતી અર્થવ્યવસ્થાઃ આઇએમએફ

વોશિંગ્ટનઃ ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઇએમએફ)ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને દેશના મેક્રો ઇકોનોમિક ફંડામેન્ટલ્સ સારા છે. આઇએમએફના એશિયા પેસિફિક વિભાગના ડાયરેક્ટર કૃષ્ણા શ્રીનિવાસને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. અમે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સાત ટકા વૃદ્ધિનો અંદાજ લગાવીએ છીએ જે ગ્રામીણ વપરાશમાં સુધારાને સમર્થન મળશે કારણ કે પાક અનુકૂળ રહ્યા છે. ખાદ્યપદાર્થોના ભાવ સામાન્ય થવાને કારણે કેટલીક વધઘટ હોવા છતાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ફુગાવો ઘટીને ૪.૪ ટકા રહેવાની ધારણા છે.

અન્ય મૂળભૂત બાબતોના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, ચૂંટણીઓ હોવા છતાં નાણાકીય એકત્રીકરણ ટ્રેક પર છે. રિઝર્વની સ્થિતિ એકદમ સારી છે. ભારત માટે સામાન્ય રીતે મેક્રો ફંડામેન્ટલ્સ સારા છે. તેમણે સૂચન કર્યું હતું કે ચૂંટણી પછી દેશની સુધારણા પ્રાથમિકતાઓ ત્રણ ક્ષેત્રોમાં હોવી જોઈએ.

તેમણે કહ્યું હતું કે, સૌ પ્રથમ વાત એ છે કે ભારતમાં રોજગાર સર્જનને લઇને અનેક સવાલો ઊભા છે. આ સંદર્ભમાં મને લાગે છે કે ૨૦૧૯-૨૦માં અપનાવવામાં આવેલા લેબર કોડ્સનો અમલ કરવો મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે કામદારોને સામાજિક સુરક્ષા પૂરી (જુઓ પાનું ૨) ▶▶

## સંસદમાં વાયનાડના ‘એક નહીં, બે સાંસદ હશે’: રાહુલ

વાયનાડ (કેરળ): લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે કહ્યું કે તેમની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા વાયનાડથી ચૂંટાયા પછી આ દેશનો એકમાત્ર એવો મતવિસ્તાર હશે જેના સંસદમાં એક નહીં પરંતુ બે સાંસદ હશે. ઉત્તર પ્રદેશના રાયબરેલીના લોકસભા સભ્યએ કહ્યું કે તેઓ વાયનાડથી બિનસત્તાવાર સાંસદ રહેશે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે પ્રિયંકા ગાંધી વાયનાડથી સત્તાવાર સાંસદ હશે, જ્યારે તેઓ બિનસત્તાવાર સાંસદ હશે. પ્રિયંકા ગાંધીના ઉમેદવારી પત્ર ભર્યા અગાઉ યોજાયેલા રોડ શૉ કલપેટ્ટામાં એક જાહેરસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે , ‘‘એક સંસદના સત્તાવાર સભ્ય છે અને બીજા સંસદના બિનસત્તાવાર સભ્ય છે. બંને વાયનાડના લોકોની સુરક્ષા માટે સાથે મળીને કામ કરશે.’’

૨૦૧૯ થી ૨૦૨૪ સુધી વાયનાડ લોકસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરનારા રાહુલ ગાંધીએ કહ્યું કે જેમ જિલ્લાના લોકોએ તેમની સૌથી વધુ જરૂર હોય ત્યારે તેમનું રક્ષણ કર્યું અને કાળજી લીધી તે જ રીતે તેમની બહેનની પણ કાળજી લેવી જોઈએ.

તેમણે કહ્યું હતું કે, મારા હાથમાં જે રાખડી છે તે મારી બહેને પહેરાવી છે. જ્યાં સુધી તે તૂટી ન જાય ત્યાં સુધી હું તેને ઉતારતો નથી. તે તેમની બહેનનું રક્ષણ કરતા ભાઈનું પ્રતીક છે. તેથી હું વાયનાડના લોકોને વિનંતી કરું છું કે તેઓ મારી બહેનનું ધ્યાન રાખે અને તેનું રક્ષણ કરે. તે પોતાની તમામ શક્તિ વાયનાડની સમસ્યાઓ અને તમારી સુરક્ષા માટે સમર્પિત કરશે.

તેમણે વધુમાં કહ્યું કે વાયનાડના ‘‘બિનસત્તાવાર સાંસદ’’ હોવાને કારણે તેઓ અહીં આવતા રહેશે અને લોકોને પડતી સમસ્યાઓના નિરાકરણ માટે કામ કરશે. તેઓ એક કે બે વાક્યોમાં તેમની બહેનની વ્યાખ્યા કરી શકે છે.

તેમણે કહ્યું હતું કે , જ્યારે અમારા પિતાનું અવસાન થયું ત્યારે તેમણે મારી માતાનું ધ્યાન રાખ્યું અને તેની સંભાળ લીધી હતી. ■

## પ્રિયંકા ગાંધીએ વાયનાડથી ઉમેદવારીપત્ર ભર્યું

### ૩૫ વર્ષના અનુભવનો દાવો કર્યો



વાયનાડ (કેરળ) : કોંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધીએ બુધવારે વાયનાડ લોકસભા પેટાચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરીને પહેલી વાર ચૂંટણીના રાજકારણમાં પદાર્પણ કર્યું છે. પ્રિયંકાએ કહ્યું હતું કે મને રાજકારણમાં ૩૫ વર્ષનો અનુભવ છે. મેં ૧૯૮૯માં મારા દિવંગત પિતા રાજીવ ગાંધી માટે પ્રચાર કર્યો હતો.

૧૩ નવેમ્બરની પેટાચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરતા પહેલાં તેમણે કાલપેટ્ટામાં મોટી સભાને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે મેં મારી માતા સોનિયા ગાંધી, ભાઈ રાહુલ ગાંધી અને પક્ષના બીજા સાથીદારો માટે ૩૫ વર્ષ પ્રચાર કર્યા છે. ભાજપના વાયનાડનાં ઉમેદવાર નાવ્યા હરિદાસે મંગળવારે કહ્યું હતું કે પ્રિયંકા કરતાં લોકોનું પ્રતિનિધિત્વ (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં પંજાબ યુનિવર્સિટી પરિસરમાં પ્રદર્શન, 30 વિદ્યાર્થી ઈજાગ્રસ્ત

લાહોરઃ પાકિસ્તાનના લાહોરમાં પંજાબ યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થિની કથિત આત્મહત્યા, ઉત્પીડન અને અન્ય મુદ્દાઓને લઈને કેમ્પસમાં એક વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા ગાર્ડ સાથેની અથડામણમાં ઓછામાં ઓછા ૩૦ વિદ્યાર્થીઓ ઇજાગ્રસ્ત થયા હતા. પોલીસે બુધવારે આ જાણકારી આપી હતી. પોલીસે જણાવ્યું હતું કે મંગળવારે થયેલી અથડામણમાં ૧૦ સુરક્ષાકર્મીઓ અને એક પોલીસ અધિકારી પણ ઘાયલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, પંજાબ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ ફેડરેશન (પીયૂએસએફ) ના બેનર હેઠળ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ એક વિદ્યાર્થિનીની કથિત આત્મહત્યા, ઉત્પીડન, જાસૂસી એજન્સીઓ દ્વારા ખાસ કરીને બલૂચ વિદ્યાર્થીઓની ગુપ્ત માહિતી એકત્ર કરવા અને ફી વધારાનો વિરોધ કરી રહ્યા હતા ત્યારે આ અથડામણ થઈ હતી.

પંજાબ યુનિવર્સિટીના પ્રવક્તા ખુર્રમ શહઝાદે બુધવારે પીટીઆઈને જણાવ્યું હતું પ્રદર્શનકારીઓએ ઉશ્કેરણીજનક ભાષણો કર્યા હતા અને જ્યારે યુનિવર્સિટીના સુરક્ષા કર્મચારીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે વિદ્યાર્થીઓએ તેમના પર પથ્થરમારો કર્યો હતો, જેના પગલે ૧૦ સુરક્ષા કર્મચારીઓ અને એક પોલીસકર્મી અને કેટલાક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. તેમણે કહ્યું કે યુનિવર્સિટીના સુરક્ષા કર્મચારીઓ પર હુમલો કરવા બદલ ૫૦થી વધુ વિદ્યાર્થીઓ વિરુદ્ધ એફઆઇઆર નોંધવામાં આવી છે. પોલીસે મોડી રાતે દરોડા પાડી કેટલાક વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી. ■

## બારામુલ્લામાં આતંકવાદીને પકડવા શોધ અભિયાન ચાલુ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : લશ્કરે બીજા સુરક્ષાદળો સાથે મળીને ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના વનીગામ પટ્ટન વિસ્તારમાં બુધવારે સવારે ઘેરાબંદી અને શોધ અભિયાન શરૂ કર્યું છે. આ વિસ્તારમાં આતંકવાદીઓની ઘૂસણખોરી કરવાની બાતમી છે. ગગનગીર નરસંહાર અંગે હવે પોલીસે પણ કબૂલાત કરી છે કે હુમલાખોર બાંડીપાડા-ગુરેજ વિસ્તારની સામેની પારથી આવ્યા હતા.

સૂત્રોએ કહ્યું હતું કે વાની ગામમાં શરૂ કરાયેલા શોધ અભિયાનમાં ભારતીય લશ્કર તથા જમ્મુ અને કાશ્મીર પોલીસની સંયુકત ટીમ સામેલ થઈ છે. આ વિસ્તારમાં શંકાસ્પદ ગતિવિધિની બાતમી મળતાં ઘેરાબંદી કરવામાં આવી છે. સુરક્ષા દળોએ ઝડપી કાર્યવાહી કરીને શોધ અભિયાન માટે વાનીગામ પટ્ટન અને એની આસપાસના મુખ્ય સ્થળોને સુરક્ષિત કરી દીધા છે. મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત કરવામાં આવ્યા છે અને શોધ અભિયાન ચાલુ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગગનગીર નરસંહારની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કર્મચારીઓને નિશાન બનાવનાર આતંકવાદી પાકિસ્તાની ઘૂસણખોરો હતા જે બાંડીપોરાથી જિલ્લામાં આવ્યા (જુઓ પાનું ૨) ▶▶



ધડાકોઃ યુગાન્ડાના કમ્પાલાના સીમાડે ધોરીમાર્ગની નજીક ઇંધણ લઇ જતી એક ટ્રકમાં લાગેલી આગ ઓલવવા પ્રયાસ કરી રહેલા અગ્નિશામક દળના જવાનો. (એપી / પીટીઆઇ)

## બેંગલૂરુમાં ઈમારત ધરાશાયી થવાની ઘટનામાં મૃત્યુઆંક છ થયો



**બચાવ કામગીરીઃ** બેંગલૂરુમાં તૂટી પડેલી ઈમારતના કાટમાળ ખાતે બચાવ કામગીરી કરી રહેલા નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના જવાનો. બંધાઇ રહેલી ઈમારત તૂટવાની આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા છ જણ માર્યા ગયા હતા. (પીટીઆઇ)

બેંગલૂરુઃ બેંગલુરુમાં બાબુસાપલ્યા ખાતે એક નિર્માણાધીન ઇમારત ધરાશાયી થયા બાદ શોધ અને બચાવ કામગીરી દરમિયાન વધુ ચાર મૃતદેહો મળી આવ્યા હતા. આ માહિતી પોલીસે બુધવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મંગળવારની ઘટના બાદથી ફાયર અને ઇમરજન્સી વિભાગ, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો બચાવ કામગીરીમાં રોકાયેલી છે. આ ઘટના બની ત્યારે શહેરમાં ભારે વરસાદ પડી રહ્યો હતો. જેમાં એક (જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા કાયમી કેમ નથી ઉકેલાતી?

**શિયાળો** આવતાં જ દિલ્હીમાં ફરી પર્યાવરણની મોંકાણ મંડાઈ છે અને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે ફરી પંજાબ સરકારને ઝાટકી પણ કોઈ ચોક્કસ નિવેડો આવ્યો નથી.

બીજી તરફ દિલ્હીની આમ આદમી પાર્ટી સરકાર પણ સક્રિય થઈ છે અને ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) સ્ટેજ ટુ પ્રતિબંધો અમલી બનાવ્યા છે. આ પ્રતિબંધો હેઠળ દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના પરિવહન પ્રધાનોને પત્ર લખીને તેમના પ્રદેશોમાંથી કોઈ ડીઝલ બસ દિલ્હીમાં પ્રવેશ ન કરે તેની ખાતરી કરવા કહ્યું છે. ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) સ્ટેજ ટુના પ્રતિબંધો હેઠળ દિલ્હીમાં દોડતી સ્થાનિક ડીઝલ બસોને પણ પ્રતિબંધિત કરી દેવાઈ છે કે જેથી કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટે અને શહેરમાં હવાની ગુણવત્તા સુધરે.

આ સિવાય રસ્તા પર ઊડતી ધૂળને નિયંત્રિત કરવા માટે પાણીના છંટકાવમાં વધારો, ધૂળને દબાવવાનાં પગલાં, ભીડને દૂર કરવા વધારાના ટ્રાફિક કર્મચારીઓની તૈનાત સહિતના અન્ય પગલાંની પણ જાહેરાત કરાઈ છે પણ રાયના કહેવા પ્રમાણે, અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ડીઝલ બસો દિલ્હીમાં પ્રવેશ કરે છે તેના કારણે હવામાં પ્રદૂષણ સૌથી વધારે વધે છે તેથી બીજાં રાજ્યોને ડીઝલ બસો રોકવા માટે કહેવાયું છે. રાયે બીજાં રાજ્યોને આંતરરાજ્ય પરિવહન માટે સીએનજી અથવા ઇલેક્ટ્રિક બસોનો ઉપયોગ કરવા જેવાં વધુ અસરકારક પગલાં ભરવા પણ કહ્યું છે.

દિલ્હી સરકારના આ પ્લાનથી હવાની ગુણવત્તા સુધરશે ને પ્રદૂષણ ઘટશે તેમાં શંકા છે કેમ કે આ પ્રકારનાં પગલાં તો દર વરસે જાહેર કરાય છે ને દર વરસે પ્રદૂષણની પારાયણ મંડાઈને ઊભી રહે છે. શિયાળો આવતાં જ પ્રદૂષણ વધવા માંડે એટલે પોતે સાવ હાથ પર હાથ મૂકીને બેસી નથી રહી એ સાબિત કરવા માટે રાજ્ય સરકાર થોડાંક પગલાં જાહેર કરી દે છે પણ તેનાથી અત્યાર લગી કોઈ ફરક પડ્યો નથી ને પડવાનો પણ નથી. તેનું કારણ એ કે, રાજ્ય સરકાર જે પણ પગલાં લે છે એ દિલ્હીમાં પ્રદૂષણ ફેલાવતાં મુખ્ય પરિબળોને અસર નથી કરતાં તેથી આ પગલાં આંગળાં ચાટીને પેટ ભરવા જેવાં છે.

સુપ્રીમ કોર્ટ માટે પણ દિલ્હીનું પ્રદૂષણ રુટિન સમસ્યા છે. દર વરસે શિયાળો આવતાં જ સુપ્રીમ કોર્ટમાં આ મામલો પહોંચે છે. સુપ્રીમ કોર્ટ કોઈ વરસે આ રાજ્ય સરકારને ખખડાવી નાખે છે તો કોઈ વાર બીજી રાજ્ય સરકારને ખખડાવી નાખે છે. કોઈ વરસે એક એજન્સી અડફેટે ચડી જાય છે તો બીજા વરસે બીજી એજન્સી અડફેટે ચડી જાય છે. સુપ્રીમ કોર્ટ તેમને તતડાવીને સંતોષ માને છે પણ આ સમસ્યાનો કાયમી ઉકેલ શું એ વિશે કોઈ ફરમાન કરતી નથી.

આ વરસે સુપ્રીમ કોર્ટે કમીશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)નો વારો પાડી નાખ્યો છે. ૨૮ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે પરાળ સળગાવવા સામે અસરકારક પગલાં ન લેવા બદલ કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)ને ઝાટકી નાખી હતી. કોર્ટે કહેલું કે પ્રદૂષણને કારણે ઈમરજન્સી જેવી સ્થિતિ છે પણ પરાળી બાળવામાં કોઈ ઘટાડો થતો નથી. સુપ્રીમ કોર્ટે સવાલ પણ કરેલો કે, પરાળ સળગાવવા સામે અસરકારક પગલાં લેતા નથી? શા માટે સતત બેઠકો યોજવામાં આવતી નથી? તમારી કાર્યવાહી માત્ર કાગળ પર છે અને તમે મૂકપ્રેક્ષક બનીને તમાશો જોયા કરો છો.

સુપ્રીમ કોર્ટની વાત બરાબર છે પણ સીએક્યુએમ કઈ રીતે પરાળને બાળતી રોકી શકે?. કેન્દ્ર સરકારે ૨૦૨૧માં સીએક્યુએનની રચના કરી હતી. સીએક્યુએને દિલ્હી-એનસીઆર અને આસપાસના વિસ્તારોમાં વધતા પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે બનાવાઈ છે પણ એ કાગળ નહોર વિનાનો વાઘ છે તેથી તેનાથી કશું થાય તેમ નથી. ખેડૂતોને પરાળ બાળતા રોકવા માટે જરૂર પડે તો બળપ્રયોગ કરવો પડે પણ એવી કોઈ ક્ષમતા આ સમિતિ પાસે નથી. પંજાબ અને હરિયાણાના ખેડૂતો પરાળ બાળે છે તેને ત્યાંની સરકારો રોકી શકતી નથી તો પછી સીએક્યુએમ જેવી એજન્સીનું તો કોઈ ગજું જ ના કહેવાય.

સીએક્યુએમએ સરકારી રાહે જવાબ આપી દીધો કે, આ સમિતિની રચના કર્યા બાદ તેમણે ૮૨ કાયદાકીય આદેશો બહાર પાડ્યા છે અને ૧૫ સૂચનો જારી કર્યાં છે. તેમની ટીમે ૧૯,૦૦૦ સ્થળોનું નિરીક્ષણ કર્યું છે અને ૧૦,૦૦૦થી વધુ કારખાનાંને બંધ કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તેની સામે પણ વાંધો લઈને કહ્યું કે, સીએક્યુએમ ત્રણ વર્ષથી અસ્તિત્વમાં હોવા છતાં માત્ર ૮૨ સૂચના જ આપી છે એ પૂરતું નથી.

સમિતિએ વધુ સક્રિય થવાની જરૂર છે અને તેની સૂચનાઓ પ્રદૂષણની સમસ્યામાં ઘટાડો કરી રહી છે કે નહીં એ પણ જોવું જોઈએ. જો કે સવાલ એ જ આવીને ઊભો રહે છે કે, સીએક્યુએમ કઈ રીતે આ બધું રોકી શકે? તેની પાસે મેનપાવર નથી કે સત્તા નથી તેથી તેની પાસેથી અપેક્ષા રાખવા જેવી નથી.

આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટ કે સરકારે આ બધું કરવાના બદલે સમસ્યાના મૂળમાં જઈને પ્રદૂષણની સમસ્યાનો હલ કઈ રીતે લાવી શકાય એ વિચારવું જોઈએ. અત્યારે આપણે બીજી સમસ્યાઓ વિશે ના વિચારીએ અને પરાળની સમસ્યાનો જ વિચાર કરીએ તો પણ પરાળ સળગાવતી રોકી શકાય એ માટે પગલાં લેવાં જોઈએ. સુપ્રીમ કોર્ટે એ મુદ્દાને સ્પર્શ પણ કર્યો છે પણ કોઈ નક્કર ઉપાય નથી કર્યો.

સુપ્રીમ કોર્ટે પંજાબના ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને કહ્યું હતું કે, જે ખેડૂતો પરાળી સળગાવે છે તેમને વિલન બનાવી દેવામાં આવે છે અને તેમનો પક્ષ કોઈ સાંભળતું નથી. ખેડૂતો પરાળી કેમ સળગાવે છે એ વિશે વિચારવું જોઈએ અને પંજાબ તથા હરિયાણા સરકારે તેમને પરાળી સળગાવવાથી રોકવા માટે આર્થિક સહાય આપવી જોઈએ. કમનસીબી એ છે કે, કોઈ સરકાર એ કરવા માટે તૈયાર નથી. બધાં જ્ઞાન આપવા માટે તૈયાર છે પણ ખેડૂતોને સહાય આપીને પરાળી સળગતી રોકવા માટે તૈયાર નથી.

હરિયાણા સરકારે એ દિશામાં નક્કર પગલું ભર્યું છે. હરિયાણામાં પરાલી એક્સ-સીટુ મેનેજમેન્ટ પોલિસી હેઠળ પાકના વેસ્ટેજમાંથી વીજળી, બાયોગેસ, બાયો-સીએનજી, બાયો-ખાતર, બાયો-ઈંધણ અને ઇથેનોલ ડાંગરના ભૂસામાંથી બનાવવામાં આવે છે. ખેડૂતોને ભૂસાંને એકત્ર કરવા, સંગ્રહ કરવા અને તેને ભૂસાં આધારિત ઉદ્યોગો અને પ્લાન્ટ સુધી પહોંચાડવા માટે કૃષિ સાધનો અને મશીનરી પર સબસિડી આપવામાં આવી રહી છે. આ રીતે ખેડૂતોને આર્થિક ફાયદો મળે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૨૪-૧૦-૨૦૨૪, ગુરુપુષ્યામૃત યોગ, કાલાષ્ટમી,

- ભારતીય દિનાંક ૨, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પુષ્ય.
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.,

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૬-૫૬,
- ઓટઃ સવારે ક. ૧૧-૫૩, રાત્રે ક. ૨૩-૨૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, ‘રાક્ષસ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - અષ્ટમી. કાલાષ્ટમી, ગુરુપુષ્યામૃત યોગ સૂર્યોદયથી સૂર્યોદય.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, નવદુર્ગા પૂજા, સપ્તસતી પાઠ વાંચન, હવન, ગુરુ-શનિ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, નવા વાસણ, દસ્તાવેજ, દુકાન-વેપાર, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, પશુ લે-વેંચ, દેવદર્શન, નામકરણ, અન્નપ્રાશન, દુકાન-વેપાર, નૌકા બાંધવી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.

ગુરુપુષ્યામૃતસિદ્ધિ યોગના મુહૂર્તોઃ (૧) સવારે ક. ૦૬-૩૭ થી સવારે ક. ૦૮-૦૩ (શુભ) (૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૩ (ચલ) (૩) બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૪૯ (લાભ) (૪) બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૬ (અમૃત) (૫) સાંજે ક. ૧૬-૪૨ થી ક. ૧૮-૦૯ (શુભ) (૬) સાંજે ક. ૧૮-૦૯ થી રાત્રે ક. ૧૯-૪૨ (અમૃત) (૭) રાત્રે ક. ૧૯-૪૨ થી રાત્રે ક. ૨૧-૧૬ (ચલ) (૮) મધ્યરાત્રે ક. ૦૦-૨૩ થી ક. ૦૧-૫૬ (તા. ૨૫) (લાભ) (૯) મધ્યરાત્રિ પછી ક.૦૩-૩૦ થી ક. ૦૫-૦૩ (તા. ૨૫) (શુભ) (૧૦) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૩ થી ક. ૦૬-૩૭ (તા.૨૫) (અમૃત)

- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ પરિવારના વ્યવહારમાં સંભાળવું, ચંદ્ર-રાહુ ત્રિકોણ જવાબદારીવાળું સ્થાન મળે, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લોકપ્રિય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૨૫)
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# છીંકને અપશુકન કેમ માનવામાં આવે છે? ઈસ્લામની વિચારધારામાં છીંકનું વર્ણન

**છીંકને** કેટલાક લોકો અપશુકન સમજે છે, હદ તો એ વાતની છે કે છીંક ખાનારને નફરતથી યા હલકી નજરથી જોવામાં આવે છે. રસ્તામાં ચાલતાં કોઈને છીંક આવે તો આગળ ચાલવાનું બંધ કરે છે. કોઈ શુભ કાર્યને રોકી દેવામાં આવે છે. આ ઉપરાંત છીંક વિશે સમાજમાં ખોટી વિચારધારા જોવામાં આવે છે.

-આવી ગેરસમજ વિચારધારાને ધ્યાનમાં રાખી શારીરિક-માનસિક અને આરોગ્યની દૃષ્ટિએ છીંક માટે ઈસ્લામની વિચારધારાનું સવિસ્તાર વર્ણન અહીં કરવામાં આવેલ છે. ઈસ્લામ ધર્મે તેની ઉમ્મત અર્થાત્ પ્રજાજનો, અનુયાયીઓને

* છીંકના ફાયદા,
* છીંક ખાનાર માટે દુઆ (પ્રાર્થના) કરવા,
* છીંક આવે ત્યારે પઢવાની દુઆ,
* આરોગ્યની દૃષ્ટિએ,
* માનસિક-શારીરિક રીતે છીંકના લાભાલાભ વગેરેનું
* રસપ્રદ માર્ગદર્શન મુસલમાનોને આપેલ છે.

- મુસલમાનનો તેના કોમી ભાઈ પ્રત્યેનો હક-ફરજ એ છે કે-

* મુલાકાતના સમયે સલામ કરે,
* બીમાર થાય તો ખબરઅંતર પૂછવા જાય,
* પીઠ પાછળ તેની ભલાઈ ચાહે અને જ્યારે તે
* છીંક ખાય તો તેના હકમાં દુઆ માગે.

- છીંક આવે ત્યારે છીંકનારે

‘અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન લા શરીક લહ’ અર્થાત્ ‘તમામ સ્તુતિ (વખાણ) સઘળી દુનિયાઓના પાલનહાર માટે છે જેનો કોઈ ભાગીદાર નથી’ કહેવું જોઈએ.

- ઉપરોક્ત અલ્લાહની સ્તુતિ સાંભળી મોમીન ભાઈઓએ તેના હકમાં દુઆ કરતાં ‘યરહમ કોમુલ્લાહ’ (ખુદા તમારી પર રહેમ-કૃપા કરે) કહેવું જોઈએ.

-આ સાંભળીને છીંકનારે પણ તેના મોમીન ભાઈઓના હકમાં દુઆ કરતાં ‘યહદી કોમુલ્લાહો વયુસ્લેહો બાલકુમ’ (ખુદા તમારો માર્ગદર્શક બની રહે અને તમારી પ્રગતિ કરે) કહેવું જોઈએ.

- પયગંબર અસનાદ હુઝુર અનવર (સ.) જણાવે છે કે

* ‘જ્યારે કોઈ મોમીન છીંકે તો તમે તેના માટે દુઆ કરો. ચાહે તમે તેનાથી ગમે તેટલા દૂર હો.’

- તંદુરસ્તી અને સંતોષકારક હાલતમાં ખુદાના તરફથી બંદા પર ઘણી જ ને’મતો-કૃપા, ઈશ્વરિય દેણગી ઊતરે છે (મહેરબાની થાય છે) પરંતુ બંદો તે ને’મતોનો આભાર માનવાનું ભૂલી જાય છે. તેથી ખુદા તઆલા હવાને હુકમ કરે છે કે તે બંદાને શરીરમાંથી પસાર થઈ નાક દ્વારા નીકળી જાય. આ કારણે જ છીંક આવે તો ‘અલ્હમ્દોલિલ્લાહ’ કહીને અલ્લાહના વખાણ કરવાનો હુકમ છે અને આ રીતે ખુદાના વખાણ કરવા એ તેની ને’મતો-કૃપાઓનો આભાર અને ભૂલની માફી-ક્ષમાયાચના થઈ જાય છે.

- છીંક એ બહુજ સારી વસ્તુ છે. કારણ કે તેનાથી શરીરને ફાયદો પહોંચે છે અને ખુદાની યાદ આવે છે.

* ‘જ્યારે કોઈને છીંક આવે તો’ અલ્હમ્દોલિલ્લાહે રબ્બીલ આલમીન વ સલ્લલ્લાહો અલા મોહંમદીવ વ અહલેબૈતેહી’ કહો.
* ‘જે માણસ છીંક લીધા પછી ‘અલ્હમ્દોલિલ્લાહે રબ્બીલ આલમીન અલાકુલ્લેહાલીન’ કહે તો તેને કાન અને દાંતનો દુઃખાવો ક્યારેય થશે નહીં...’
* ત્રણેક છીંકો આવે ત્યાં સુધી શરીરને ફાયદો થાય છે, પરંતુ ત્રણથી વધારે છીંકો આવે તો તે બીમારીને લીધે છે.
* જેને છીંક આવે તે માણસ સાત દિવસ સુધી મરવાથી બચી જાય છે.
* બીમાર માણસને છીંક આવવી એ તંદુરસ્તીની નિશાની છે અને શરીરમાં રાહત પહોંચે છે.
* કોઈ મોમીના (સ્ત્રી) છીંકે તો ‘આનાકીલ્લાહ’ (ખુદા તને સલામત રાખે) કહેવું જોઈએ.
* કોઈ બાળક છીંકે તો ‘ઝરઅકલ્લાહ’ (ખુદા તને દીર્ઘાયુ કરે)
* કોઈ બીમાર છીંકે તો કહે ‘શેફાકલ્લાહ’ (ખુદા તને તંદુરસ્ત રાખે)
* કોઈ કાફીર (ઈશ્વર, અલ્લાહને ન માનનાર- કુદરતને ઝુટલાવનાર-અવગણના કરનાર છીંકે તો કહે ‘હદાકલ્લાહ’ (ખુદા તને હિદાયત આપે-માર્ગદર્શન-ધર્મની સાચી સમજ) આપે અને
* પયગંબર યા ઈમામ, સહાબાએ કીરામ- (સાથી સંગાથીઓ-ઈમાન લાવનારા) છીંકે તો કહે ‘સલ્લલ્લાહો અલયક’ (ખુદા તમારી પર રહેમત-ઈશ્વરીય દયા-દેણગી ઉતારે)

- વધુ પડતી છીંકો પાંચ બીમારીઓ આવવાથી બચાવે છે.

૧- શરદી,
૨- લકવો (પેરેલાઈસ),
૩- આંખોમાં પાણી ઊતરવું.
૪- નાકની અંદરની જગા સુકાઈને કડક થઈ જવી અને
૫- આંખોમાં વાળ થઈ જવા જેનાથી પોંપણો પડતી થાય છે.

- અગર ચાહે છીંકો ઓછી થઈ જાય છે રતી મરવાનું તેલ નાકમાં ટપકાવે.

- અગર કોઈને નમાઝમાં છીંક આવે તો ‘અલ્હમ્દોલિલ્લાહે રબ્બીલ અલમીન (તમામ તારિફ-વખાણ-સ્તુતિ રોજી આપનાર પાલનહાર માટે છે.) કહે.

- છીંકનો અવાજ સાંભળનારે ‘અલ્હમ્દોલિલ્લાહે વ સલ્લલ્લાહો અલા મોહંમદીવ વ આલે મોહંમદ (ખુદા તમારા પર પોતાના આશીર્વાદ મોકલે અને શાંતિ અર્પે તથા આપના કુટુંબ-પરિવાર-વંશજો પર પણ પોતાના આશીર્વાદ મોકલે, શાંતિ અર્પે) કહેવું જોઈએ.

નોંધઃ છીંક વિશેનો પ્રસ્તુત લેખ હદીસ (પયગંબરો, ઈમામો, વલીઅલ્લાહ, સહાબીઓ (ઈમાન લાવનારા સાથી-સંગાથીઓ)ના આચરણ, કથન-વાક્યોમાં-વહેવારમાં વપરાતા શબ્દો માર્ગદર્શન-શિક્ષણ પર આધારિત છે અને ઈસ્લામની વિચારધારાનું વર્ણન છે. ઉપરાંત છીંક ખાનાર અને છીંક આવે ત્યારે પઢવાની દુઆ કે જે મૂળ અરબી શબ્દોનો ગુજરાતીમાં ભાવાનુવાદ કરવાનો નમ્ર પ્રયત્ન માત્ર છે.

### સાપ્તાહિક સંદેશઃ

પયગંબર હઝરત મોહંમદ સાહેબ કોઈ મરી ગયેલા માણસનો ખરખરો કરતાં ફરમાવ્યું કે, ‘મરણ પામતા કોઈ એવી બાબત નથી કે જે તમારા માટે નવી હોય! અથવા તમારા ઉપર જ એમ બનેલ હોય! એ નો હંમેશાંથી જારી છે અને હંમેશાં રહેશે. તમારો મરણ પામનાર માણસ મુસાફરીમાં હતો તમે માની લો કે તે કોઈ મુસાફરીએ ગયો છે. જો તે આવીને મળે તો સહુથી સારું, નહીં તો તમે ખચિત તેને મળશો...!’

## ટ્રેનમાં મહિલા પાસેથી ૭૫૦ કારતૂસ પકડાઈ

બલિયા (ઉત્તર પ્રદેશ) : બિહારના છપરા જઈ રહેલી પેસેન્જર ટ્રેનમાં બુધવારે ૨૦ વર્ષની મહિલા પાસેથી ૭૫૦ કારતૂસ પકડાઈ હોવાની માહિતી પોલીસે આપી હતી.

ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)એ બલિયા રેલવે સ્ટેશનમાં આ ધરપકડ કરી હતી. આરોપી ટ્રેન નંબર ૦૫૪૪૬માં.૩૧૫ બોરની ૭૫૦ કારતૂસ લઈને મુસાફરી કરી રહી છે એવી બાતમીને પગલે એ ધરપકડ કરવામાં આવી હતી, એમ બલિયાના જીઆરપી ઈન્ચાર્જ સુભાષ ચંદ્ર યાદવે આપી હતી. મહિલાને મનિતા સિંહ તરીકે ઓળખી કાઢવામાં આવી છે અને તે મિર્ઝાપુર જિલ્લાના રાજગઢ પોલીસ સ્ટેશન વિસ્તારની રહેવાસી છે. કારતૂસો વારાણસીથી ઊપડનાર ગાડીમાં મહિલા પાસે રહેલી બૅગમાંથી મળી આવી હતી. પૂછપરછ દરમિયાન મહિલાએ પોલીસને કહ્યું હતું કે હું કારતૂસ લઈને છપરા જઈ રહી હતી. મને બે ઈસમ અંકીત કુમાર પાંડે અને રોશન યાદવે આ કારતૂસ ગાઝીપુરમાં આપવાની સૂચના આપી હતી. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### ભારત દુનિયાની

પાડવાની સાથે શ્રમ બજારોને મજબૂત કરવાની તક પૂરી પાડશે. તેમણે કહ્યું હતું કે ‘‘બીજી બાબત એ છે કે જો તમે સ્પર્ધાત્મક બનવા માગતા હોવ તો તમારે કેટલાક વેપાર પ્રતિબંધો દૂર કરવા પડશે. કારણ કે જ્યારે તમે વેપારને ઉદાર બનાવો છો ત્યારે તમે ઉત્પાદક કંપનીઓને ટકી રહેવા દો છો. ત્યાં વધુ સ્પર્ધા છે અને તે નોકરીઓનું સર્જન કરી શકે છે. મને લાગે છે કે વધુ વેપાર પ્રતિબંધો હટાવવામાં આવે તે મહત્ત્વપૂર્ણ છે.

શ્રીનિવાસને કહ્યું હતું કે, અને અંતે હું કહીશ કે સુધારાઓ ચાલુ રાખો. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરો, પછી તે ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોય કે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર. આ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે અને તે આ સાથે જ ચાલુ રહેશે. જો કે, હું કહીશ કે આનાથી આગળ વધીને તમારે કૃષિ અને જમીન સુધારણા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. તમારે શિક્ષણ અને કૌશલ્યોને મજબૂત કરવા વિશે વિચારવું પડશે.

કર્મચારીઓની કુશળતામાં રોકાણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા શ્રીનિવાસને જણાવ્યું હતું કે, એક અર્થતંત્ર માટે, જે સર્વિસ સેક્ટરમાં ઘણી નોકરીઓનું સર્જન કરી શકે છે તેના માટે યોગ્ય કુશળતા હોવી મહત્ત્વપૂર્ણ છે. તેથી શિક્ષણમાં રોકાણ કરવું, શ્રમ દળોને કૌશલ્ય બનાવવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ■

### સરહદ પર

રહ્યા છીએ. અમારું માનવું છે કે ભારત-ચીન સંબંધ અમારા લોકો માટે જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે શાંતિ, સ્થિરતા અને પ્રગતિ માટે પણ મહત્ત્વના છે. છેલ્લાં ચાર વર્ષથી સીમા અંગે ઊભા થયેલા મુદ્દા પર બનેલી સંમતીનું અમે સ્વાગત કરીએ છીએ. સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવી રાખવી એ અમારા સંબંધોની પ્રાથમિકતા હોવી ઘટે. નવેમ્બર ૨૦૨૨માં ઈન્ડોનેશિયાના પ્રમુખે યોજેલા જી-૨૦ના નેતાઓ માટેના ડિનરમાં મોદી અને શીએ એકમેકનું અભિવાદન કર્યું હતું અને ટૂંકી વાતચીત કરી હતી. ગયા વર્ષે ઓગસ્ટમાં જોહનિસબર્ગમાં બ્રિક્સની સમીટ દરમિયાન મોદી અને શીએ અનૌપચારિક વાતચીત કરી હતી. (એજન્સી) ■

### ત્રાસવાદ સામેની

ત્રાસવાદને ભંડોળ મળતું રોકવા માટે બધાની ‘સમાન વિચારધારા’ અને ‘મક્કમ ટેકા’ની જરૂર છે. આ ગંભીર બાબતમાં ‘બેવડું ધોરણ’ નહિ ચલાવાય. યુવાનોને કટ્ટરપંથી બનાવતા ગેરમાર્ગે તેઓ ન દોરાય, તે માટે નક્કર પગલાં લેવાની પણ જરૂર છે.

પાકિસ્તાનમાંના અમુક ત્રાસવાદીઓ સામેની સંયુક્ત રાષ્ટ્રસંઘમાંની કેટલીક દરખાસ્તને રોકવાના ચીનના પગલાંને લઇને મોદીએ બીજિંગને ટોણો માર્યો હતો.

ભારતના વડા પ્રધાને જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ત્રાસવાદના સંબંધમાં સંયુક્ત રાષ્ટ્રસંઘમાંની દરખાસ્ત અંગે બધાએ સાથે મળેલી કામગીરી કરવી જોઇએ. તેવી જ રીતે સાયબર સિક્યોરિટી અને સલામત એઆઇ માટે પણ સંયુક્ત અસરકારક પગલાંની જરૂર છે.તેમણે જણાવ્યું હતું કે અમે ‘બ્રિક્સ’ સંગઠનમાં અન્ય દેશોને ભાગીદાર બનાવીને તેનું વિસ્તરણ કરવા તૈયાર છીએ, પણ આ સંસ્થાના સ્થાપક સભ્ય દેશોના હિતનું સન્માન થવું જરૂરી છે.

મોદીએ જણાવ્યું હતું કે આપણે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ, બહુરાષ્ટ્રીય વિકાસ બૅન્ક, વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન જેવી વૈશ્વિક સંસ્થાઓ કે સંગઠનોમાં સમયબદ્ધ રીતે સુધારા કરવાની જરૂર છે. (એજન્સી) ■

### બેંગલૂરુમાં

શ્રમિકનું મોત થયું હતું અને મંગળવારે બચાવ ટીમે તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ(પૂર્વ બેંગલુરુ) ડી દેવરાજે જણાવ્યું કે અત્યાર સુધીમાં પાંચ મૃતદેહો મળી આવ્યા છે અને અન્ય પાંચ ઘાયલ છે. અન્ય ત્રણ લોકોને શોધવા માટે ઓપરેશન ચાલી રહ્યું છે, જેઓ ફસાયા હોવાની આશંકા છે. તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં કુલ ૧૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ ઇમારત સાત માળની હતી. ફાયર વિભાગના એક અધિકારીએ જણાવ્યું કે પ્રાથમિક તપાસ મુજબ આખી ઇમારત ધરાશાયી થઇ ગઇ હતી, ત્યારબાદ લોકો તેની નીચે ફસાઇ ગયા હતા. ■

### બારામુલ્લામાં

હતા. પોલીસનું વધુમાં કહેવું છે કે આતંકવાદીઓએ હાલમાં જ ઘૂસણખોરી કરી હશે.

પોલીસ સૂત્રોનું કહેવું છે કે જીવતા બચી ગયેલા લોકોની કરેલી પૂછપરછ દરમિયાન ખબર પડી હતી કે હુમલાખોરો સ્થાનિક લોકો નહોતા. એવી સંભાવના છે કે હુમલાખોરો પાકિસ્તાની આતંકવાદી હતા જેઓ હાલમાં જ ગુરેજ સેક્ટરમાંથી ઘૂસણખોરી કરીને આવ્યા હતા. કંગનની પાછળ પર્વતની ઊંચી શૃંખલા છે જે ગુરેજ અને બાંડીપોરાને જોડે છે. આતંકવાદીઓ હુમલો કર્યા બાદ જંગલમાં નાસી ગયા હતા.

રવિવારે એપીસીઓ ઈન્ફ્રાટેકના સાત કર્મચારીની હત્યા કરવામાં આવી હતી અને આમાં એક સ્થાનિક ડૉક્ટર પણ હતા. આતંકવાદીઓએ જેડ-મોડ સુરંગમાં તેમની શિબિર પર ગોળીબાર કર્યો હતો. આ સુરંગ કંગન શહેર અને સોનમર્ગ પર્યટક રિસોર્ટને શ્રીનગર-લેહ રાષ્ટ્રીય રાજમાર્ગ સાથે જોડે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમને વિશ્વસનીય સગડ મળ્યા નથી, પરંતુ અમે વિવિધ જિલ્લામાંથી શકમંદોને પકડયા છે. ■

### પ્રિયંકા ગાંધીએ

કરવાનો મને વધારે અનુભવ છે. આના જવાબમાં પ્રિયંકાએ આ નિવેદન કર્યું હતું. પ્રિયંકાના પ્રવચન વખતે મંચ પર લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધરામૈયા અને બીજા સિનિયર નેતાઓ હાજર હતા. પ્રિયંકાએ કહ્યું હતું કે વાયનાડના લોકોનું પ્રતિનિધિત્વ કરવું એ એક ગૌરવ હશે. જિલ્લામાં ભૂસ્ખલન થયું ત્યારે વાયનાડના લોકોએ દાખવેલી હિંમત મારા હૃદયને સ્પર્શી ગઈ હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે એક વાર મારી બહેન જીતશે ત્યાર બાદ વાયનાડના બે સંસદસભ્યો હશે. હું બિનસત્તાવાર સંસદસભ્ય અને પ્રિયંકા સત્તાવાર સંસદસભ્ય હશે. રાહુલે ૨૦૧૯થી ૨૦૨૪ સુધી લોકસભામાં વાયનાડનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ વર્ષે રાહુલે રાયબરેલી અને વાયનાડ બન્ને બેઠકો જીતતાં તેમણે રાયબરેલીની બેઠક રાખીને વાયનાડની બેઠક ખાલી કરી હતી. તેમણે વાયનાડના લોકોને તેમની બહેનની દરકાર લઈને તેને સંસદમાં મોકલવાની વિનંતી કરી હતી. (એજન્સી) ■

### ચક્રવાત ‘દાના’

પહોંચાડી હતી. અંગુલ, પુરી, નયાગઢ, ખોરધા, કટક, જગતસિંહપુર, કેન્દ્રપાડા, જાજપુર, ભદ્રક, બાલાસોર, ક્યોઝર, ઢેંકનાલ, ગંજમ અને મયૂરભંજ જિલ્લાઓને ‘એલર્ટ’ પર મૂકવામાં આવ્યા છે.

વિશેષ રાહત કમિશનરની ઓફિસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘રાજ્યએ ૧૪ જિલ્લાઓમાં ૩,૦૦૦થી વધુ સંવેદનશીલ સ્થળો (ગામો)ની ઓળખ કરી છે અને તે મુખ્યત્વે દરિયાકાંઠાના વિસ્તારમાં છે.’’ ત્યાંથી લોકોના સ્થળાંતરની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. શુક્રવારે સવારે ચક્રવાત દાના ટકરાય તે અગાઉ લગભગ ૧૦,૬૦,૩૩૬ લોકોનું સ્થળાંતર કરવામાં આવે તેવી શક્યતા છે. તેમણે કહ્યું કે જાન-માલની સુરક્ષા માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગના નવા બુલેટિન મુજબ, પૂર્વ-મધ્ય બંગાળની ખાડી પર રચાયેલ ડીપ ડિપ્રેશન ૧૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને ચક્રવાતી તોફાન ‘દાના’માં પરિવર્તિત થશે.

હવામાન વિભાગે કહ્યું હતુ કે ‘‘તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધવાની અને ૨૪ ઓક્ટોબરની સવાર સુધીમાં ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં પરિવર્તિત થવાની સંભાવના છે.’’ ૨૪ ઑક્ટોબરની રાતથી ૨૫ ઑક્ટોબરની સવાર સુધી તે પુરી અને સાગર દ્વીપ વચ્ચે ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાને પાર કરશે. દરમિયાન પવનની ગતિ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક હોઈ શકે છે. ૨૪ અને ૨૫ ઓક્ટોબરના રોજ ઘણી જગ્યાએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે અને બાલાસોર, મયૂરભંજ અને જાજપુર જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ અત્યંત ભારે વરસાદ વરસી શકે છે.

ઓડિશાના મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પૂજારીએ જણાવ્યું હતું કે, ‘‘તમામ માછીમારો મંગળવાર સાંજ સુધીમાં દરિયાકાંઠે પરત ફર્યા હતા.’’ પૂજારીએ લોકોને વહીવટીતંત્રને સહકાર આપવા અને બુધવારે સાંજ સુધીમાં આશ્રય શિબિરોમાં જવાની અપીલ કરી હતી. ‘‘અમે શિબિરોમાં ખોરાક, પીવાનું પાણી, બેબી ફૂડ અને મહિલા પોલીસ જેવી તમામ વ્યવસ્થા કરી છે.’’ ■

# ગુજરાતના સરકારી કર્મચારીઓને બખ્ખાં: દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકાર દ્વારા સરકારી કર્મચારીઓ પરિવારજનો સાથે દિવાળીના તહેવારોની હર્ષોલ્લાસભેર દ્વારા ઉજવણી કરી શકે તે માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી હતી. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. સરકારની આ જાહેરાત બાદ કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઇબીજ નિમિત્તે જાહેર રજા આવે છે.

આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી, પરંતુ તે દિવસે પણ રજા જાહેર કરાઈ છે.

૧ તારીખે રજા આપવામાં આવી છે, જો કે તેના બદલામાં ૯ તારીખે કચેરીઓ ચાલુ રહેશે.

દિવાળી પર્વમાં સરકારી કર્મચારી/અધિકારીઓ તહેવારો માણી શકે તે હેતુથી તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ તમામ સરકારી કચેરીઓ (જેમાં પંચાયત અને રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન સહિત) બંધ રહેશે અને તેના બદલામાં ૯-૧૧-૨૦૨૪ બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે.

આ હુકમો ગુજરાત સરકારની બધી કચેરીઓને તથા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / કોર્પોરેશન તેમજ પંચાયત કચેરીઓને પણ લાગુ પડશે. ■

# ગુજરાતમાં દિવાળીના તહેવારો ટાણે જ શાકભાજીના ભાવ આસમાને: ગરીબ અને મધ્યમ વર્ગની હાલત કફોડી બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દિવાળીના તહેવારો ટાણે જ શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગરીબ અને મધ્યમ વર્ગની હાલત કફોડી બની છે, અગાઉ અનાજ-કઠોળ, ખાદ્યતેલ સહિતની જીવન જરૂરિયાતની ચીજોના વધેલા ભાવથી ત્રસ્ત લોકો માટે જાયે તો જાયે કહાં તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે દિવાળીના તહેવારોની સિઝનમાં શાકભાજીના ભાવ પ્રમાણમાં ખૂબ ઓછા હોય છે. રૂ.૨૦થી ૨૫ કિલોના ભાવે મળતા ટમેટા મોટાભાગના તમામ શાકમાં રૂ.૧૨૦ના ભાવે વેચાઇ રહ્યા છે. માત્ર ટમેટા જ નહીં કોથમીર, આદું અને ડુંગળી સહિતના શાકભાજીના ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિકિલો થઇ ગયા છે. જેના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે.

રાજ્યમાં મોટાભાગના શાકભાજીનો ભાવ હવે ૧૦૦ રૂપિયા પ્રતિકિલો સુધી પહોંચી ગયો છે. જેમ કે, લીલાં વટાણાંનો ભાવ ૧૪૦ રૂપિયા પ્રતિકિલો છે, સરગવો ૧૦૦ રૂપિયા, અને ગવારના ભાવ ૧૩૦ રૂપિયા પ્રતિ કિલો છે, જ્યારે ચોળી ૧૨૦ રૂપિયામાં વેચાઈ રહી છે. ભાવમાં આકસ્મિક ઉછાળાને કારણે લોકો માટે શાકભાજી ખરીદવું મુશ્કેલ બન્યું છે. તેની સાથે સાથે, ભીંડા ૭૦ રૂપિયા, કાકડી ૬૦ રૂપિયા, રીંગણ ૭૦ રૂપિયા અને બટાકા ૩૫ રૂપિયામાં મળી રહ્યા છે. કાકડીના ભાવ ૫૦ રૂપિયા પ્રતિકિલો સુધી પહોંચી ગયા છે.

વેપારીઓના જણાવ્યા મુજબ તહેવારો નજીક છે અને દિવાળી સુધી શાકભાજીના ભાવમાં ઘટાડો થવાની શક્યતાઓ ઓછી છે. જ્યાં સુધી શાકભાજીનો જથ્થો બજારમાં ઉપલબ્ધ નહીં થાય, ત્યાં સુધી આ ભાવો મોંઘા જ રહેશે. ત્યારે હવે લોકો શાકભાજી મોંઘા ભાવે જ ખરીદી કરવા મજબૂર થયા છે. ■

# ગુજરાતમાં પ્રાથમિક-માધ્યમિક શાળાઓના પ્રવાસ માટે નવી ગાઈડલાઈનની જાહેરાત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગ દ્વારા પ્રાથમિક-માધ્યમિક શાળાઓના પ્રવાસ માટે નવી ગાઈડલાઈન તૈયાર કરી દેવામાં આવી છે, જે આગામી ત્રણ દિવસમાં જ જાહેર કરી દેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડોદરાના હરણી બોટ દુર્ઘટના કાંડમાં ન્યૂ સનરાઈઝ સ્કૂલના નિર્દોષ ૧૨ માસૂમ બાળકો સહિત ૧૪ વ્યક્તિના પાણીમાં ડૂબી જવાથી મોત થયા હતા, આ દુર્ઘટના કાંડ બાદ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં તમામ શાળાઓ માટે પ્રવાસની મંજૂરી આપવાની બંધ કરી દેવામાં આવી હતી. તેની સાથે જ નવી ગાઈડલાઈન ન આવે ત્યાં સુધી કોઈપણ શાળાએ પ્રવાસનું આયોજન કરવું નહીં તેવો આદેશ પણ કરવામાં આવ્યો હતો.

જોકે, હવે દિવાળીનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે અને દિવાળી બાદ શાળામાં બાળકોને સર્વાંગી શિક્ષણના ભાગરૂપે પ્રવાસ યોજાતો હોય છે. ત્યારે શિક્ષણવિભાગને પ્રવાસ માટે અનેક શાળામાંથી મંજૂરી માટેની અરજી કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં લઈ હવે શિક્ષણવિભાગ દ્વારા નવી ગાઈડલાઈન બનાવી સરકારને સોંપવામાં આવી છે, જેમાં શાળાએ પ્રવાસ દરમિયાન કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવાનું રહેશે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શિક્ષણવિભાગ દ્વારા આ ગાઈડલાઈન પર વિચાર-વિમર્શ કરવા સરકારને જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં યોગ્ય સુધારા-વધારા કરી સરકાર આગામી ત્રણ દિવસમાં આ ગાઈડલાઈન જાહેર કરી શકે છે.

રાજ્ય સરકાર અને શિક્ષણ-વિભાગ દ્વારા હવે જે ગાઈડલાઈન બહાર પાડવામાં આવશે, તેમાં બાળકોની સુરક્ષાને લઈને શિક્ષકો અને શાળાની જવાબદારીમાં વધારો કરવામાં આવી શકે છે. આ સિવાય જો કોઈ શાળા આ ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી પણ થઈ શકે છે. ગાઈડલાઈન બહાર પાડ્યા બાદ પણ શિક્ષણવિભાગમાં ડીઈઓની લેખિત મંજૂરી વિના કોઈપણ શાળા પ્રવાસનું આયોજન કરી શકશે નહીં. ગાઈડ લાઈનના ઉલ્લંઘન પર શાળાના સ્ટાફ સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

# રાજકોટ અગ્નિકાંડ ઘટનાના ૪ મહિના બાદ સુરતના ૧૧ ગેમ ઝોન-એમ્યુઝમેન્ટ પાર્કને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં તા.૨૫ મે, ૨૦૨૪ની સાંજે થયેલા અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં, આ ભયાનક ઘટનાના માત્ર રાજ્યમાં જ નહીં પણ સમગ્ર દેશમાં પડઘા પડ્યા હતા. ત્યારબાદ તંત્ર સફાળું જાગ્યું હતું. રાજ્યભરના ગેમ ઝોન તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવ્યા હતા. રાજકોટ હોનારત બાદ રાજ્ય સરકાર દ્વારા પહેલી વખત ગેમ ઝોન સાથે સંકળાયેલી સંસ્થાઓ માટે જીડીસીઆરની કડક જોગવાઈઓનો અમલ કરવામાં આવ્યો હતો.

જો કે રાજકોટ અગ્નિકાંડ ઘટનાના ચાર મહિના બાદ બાદ દિવાળીના પર્વને ધ્યાનમાં રાખી સરકારની એસોપીના આધારે ૧૧ જેટલા ગેમ ઝોનને મંજૂરી આપવામાં આવી હતી, સુરતના ૧૭ જેટલા ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્ક સંચાલકો દ્વારા પોલીસ ખાતામાં અરજી કરાઈ હતી. જેમાંથી ૧૧ને મંજૂરી આપવામાં આવી હતી. દિવાળી પહેલા સુરતમાં ૧૧ ગેમ્સને પરવાનગી આપવાનો નિર્ણય તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. આ મામલે સુરતના ડીસીપી હેતલ પટેલે જણાવ્યું હતું કે, સેફ્ટી કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ વિભાગના અધિકારીઓ સામેલ હતા. ફાયર, પોલીસ, એસએમસી, સુડા, જીએસટી સહિતના અલગ અલગ વિભાગના અધિકારીઓ દ્વારા માપદંડના આધારે પરવાનગી આપવામાં આવી છે.

સુરતના ૧૧ જેટલા ગેમ ઝોનને પરવાનગી આપવામાં આવી હતી. જેમાંથી બે એમ્યુઝમેન્ટ પાર્ક છે. આ ઉપરાંત છ જેટલા ગેમ ઝોનને મંજૂરી આપવાની બાકી છે. આ તમામને ત્રણ વર્ષ પછી લાઇસન્સ રિન્યુ કરવાનું રહેશે. દર છ મહિનામાં રેગ્યુલર ચેકિંગ કરવામાં આવશે. અલગ અલગ વિભાગના લાઇસન્સ બે વર્ષમાં રિન્યુઅલ કરવાનું રહેશે. ક્યારેય પણ અલગ અલગ વિભાગના અધિકારીઓ સરપ્રાઈઝ ચેકિંગ કરશે. જો કોઈ ખામી નજર આવશે તો લાઇસન્સ રદ કરવામાં આવશે. આ સાથે આ તમામ સંચાલકોને પોતાના ગેમ ઝોન અને એમ્યુઝમેન્ટ પાર્કમાં દરેક વિભાગના એક્સપર્ટને રાખવા માટે પણ જણાવવામાં આવ્યું છે. જે અંગેની જાણકારી પણ તેઓએ કમિટીને આપી છે. ■

# દિવાળી પહેલા જ અમદાવાદ અને વડોદરાના બિલ્ડર ગ્રૂપો પર આવકવેરા વિભાગના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર દેશમાં દિવાળીના તહેવારનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આવકવેરા વિભાગ દ્વારા ગુજરાતમાં સર્ચ ઓપરેશન હાથ ધરાતા વેપાર ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો હતો. ૨૩ ઑક્ટોબર બુધવારે સવારે વડોદરામાં બે બિલ્ડર ગ્રૂપ તથા અમદાવાદમાં ત્રણ લેમિનેટસ ઉત્પાદકો પર આવકવેરા વિભાગની ટીમોએ દરોડા પાડીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જૂનાગઢમાં પણ આ મુદ્દે તપાસ થઈ રહી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બુધવારે વહેલી સવારથી વડોદરામાં જાણીતા બિલ્ડરો નિલેશ શેઠ તથા શોનક શાહ જૂથ પર દરોડા પાડીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બિલ્ડર-ભાગીદારોની ઑફિસ, રહેઠાણ તથા પ્રોજેક્ટ સાઈટસ સહિત એક ડઝનથી વધુ સ્થળોએ ઓપરેશન હાથ ધરાયું હતું. જૂનાગઢમાં તેના કનેકશનની માહિતીનાં આધારે બે સ્થળોએ તપાસ શરૂ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વડોદરા ઉપરાંત અમદાવાદમાં પણ સવારથી આવકવેરા વિભાગની ટીમ ત્રાટકી હતી. ક્રાઉન ડેકોર, ઓલમ્પસ ડેકોર તથા રોયલ ટચ એમ ત્રણ લેમિનેટસ ઉત્પાદકોનાં ડઝન જેટલા સ્થળોએ દરોડા પાડીને સર્ચ ઓપરેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન મોટી માત્રામાં બિનહિસાબી વ્યવહારો મળે તેવી આશંકાઓ સેવાઈ રહી છે. મોટી રકમની કરચોરી પકડાવાની પણ શકયતા છે. દરોડા દરમિયાન બૅંક ખાતા-લોકરોની પણ ચકાસણી કરવામાં આવી હતી. તે ઉપરાંત મોટી સંખ્યામાં હિસાબી દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે. આ સર્ચ ઓપરેશનની કાર્યવાહીમાં અંદાજિત ૧૫૦ અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. ■

# સુરતમાં પોલીસની ૬૯ પીસીઆર વાન અને ૧૦૦ મોટરસાઈકલોમાં જીપીએસ સિસ્ટમ ફીટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાર્યરત ૬૯ પીસીઆર વાન અને ૧૦૦ જેટલી મોટરસાઈકલમાં જીપીએસ સિસ્ટમ ફીટ કરાઈ છે. પોલીસ કંટ્રોલ રૂમમાં કોલ આવ્યા બાદ અને વર્ધી મળ્યા પછી પોલીસની પીસીઆર વાન ઘટનાસ્થળ પર કેટલા સમયમાં પહોંચી તેનું લાઈવ ટ્રેકિંગ સુરત પોલીસ કમિશનર કચેરીના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમમાં શરૂ કરવામાં આવ્યું છે. કોલ મળ્યા બાદ પીસીઆરવાન તાત્કાલિક ઘટના સ્થળે પહોંચે અને ત્વરિત એક્શન લે તેવા હેતુસર આ ટ્રેકિંગ શરૂ કરવામાં આવ્યું છે.

શહેરમાં અનેક વખત લોકો દ્વારા ફરિયાદ કરવામાં આવતી હોય છે કે, તેમણે ૧૦૦ નંબર પર ફોન કર્યો હતો પણ પીસીઆરવાન ઘટનાસ્થળે મોડી પહોંચી હતી. આવી અનેક બાબતોનો અભ્યાસ કરીને પોલીસ તાત્કાલિક મદદરૂપ થાય તેવા હેતુસર ટ્રેકિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. જેના કારણે પીસીઆર વાનની પળેપળની માહિતી પોલીસ કંટ્રોલ રૂમમાં લાઈવ મળી રહી છે.

સુરત પોલીસ કમિશનર કચેરીના કંટ્રોલ રૂમને બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. એક વિભાગમાં કંટ્રોલરૂમમાં આવતા કોલ રજિસ્ટર કરીને તેની માહિતી બીજા વિભાગને અપાય છે. કોલની માહિતી અને સમસ્યા સાથે સરનામું મેળવીને જે પીસીઆર વાન ઘટના સ્થળથી સૌથી નજીક હોય તેને તાત્કાલિક ત્યાં પહોંચવા માટે જણાવવામાં આવે છે અને ત્યાંથી જ પીસીઆર પર લાઈવ ટ્રેકિંગ કરાય છે.

આ સમગ્ર મામલે સુરતના ડીસીપી વિજયસિંહ ગુર્જરએ જણાવ્યું હતું કે, આ સિસ્ટમ શરૂ કર્યા પછી સમયનો બચાવ થયો છે. હવે પીસીઆર વાન પહેલાં કરતા ઓછા સમયમાં પહોંચી જાય છે. જો વાનમાં બેઠેલા કર્મચારીઓની બેદરકારી દેખાય તો શિક્ષાત્મક પગલાં લેવાશે. ■

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે વડોદરા ડિવિઝન પર ૬૦ મીટર લાંબા સ્ટીલ બ્રિજનું બાંધકામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે ૨૨ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ વધુ એક સ્ટીલ પુલનું સફળતાપૂર્વક લોકાર્પણ કર્યું હતું. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતમાં પશ્ચિમ રેલવે, વડોદરાની બાજવા - છાયાપુરી તાર લાઈન પર ૬૦ મીટર લંબાઈના સ્ટીલના પુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૨.૫ મીટર ઊંચો અને ૧૪.૭ મીટર પહોળો ૬૪૫ મેટ્રિક ટનનો સ્ટીલ બ્રિજ ગુજરાતના ભચાઉમાં વર્કશોપમાં તૈયાર કરીને ઇન્સ્ટોલેશન માટે સાઇટ પર પહોંચાડવામાં આવ્યો હતો.

આ પુલ એસેમ્બલીમાં સીપ સિસ્ટમ પેઇન્ટિંગ અને ઇલાસ્ટોમેરિક બેરિંગ્સ સાથેના ટોર-શીયર ટાઇપ હાઇ સ્ટ્રેન્થ બોલ્ટ્સના આશરે ૨૫૬૫૯ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે તમામ ૧૦૦ વર્ષના આયુષ્ય માટે તૈયાર કરવામાં આવ્યા હતા. સ્ટીલ પુલને કામચલાઉ માળખા પર જમીનથી ૨૩.૫ મીટરની ઊંચાઇએ એસેમ્બલ કરવામાં આવ્યો હતો અને તેને ૨ નંબરની સંચાલિત સેમી-ઓટોમેટિક જેક મિકેનિઝમ સાથે ખેંચવામાં આવ્યો હતો. જેની ક્ષમતા ૨૫૦ ટનની છે. આ સ્થાન પર થાંભલાની ઊંચાઈ ૨૧ મીટર છે.

સલામતીના ધોરણોને જાળવી રાખીને આ પ્રોજેક્ટને સાવચેતીપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો છે. જાપાનની કુશળતાનો ઉપયોગ કરીને ભારત સરકાર ''મેક ઇન ઇન્ડિયા'' પહેલ હેઠળ માળખાગત સુવિધાનું નિર્માણ કરવા માટે પોતાના તક્નિકી અને ભૌતિક સંશાધનોનો વધુ ઉપયોગ કરી રહી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેનો સ્ટીલનો પુલ આ પ્રયાસનું એક મોટું ઉદાહરણ છે.

કોરિડોર માટે આયોજિત ૨૮ સ્ટીલ પુલોમાંથી આ પાંચમા સ્ટીલ પુલનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ■

# કચ્છના માંડવીમાં બે પિતરાઈ ભાઈઓના તલાવડીમાં ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના બંદરીય માંડવી શહેરમાં આવેલા શીતળા માતાના મંદિર નજીક વહેતી નદીના નાળા જેવી તલાવડીમાં ડૂબી જતાં ૧૪ વર્ષની વયના બે પિતરાઈ ભાઈઓના મોત નીપજતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી જવા પામી છે. ગત મંગળવારના બપોરે બનેલી કરુણાંતિકા અંગે માંડવી પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ, હતભાગી બાળકો હિરજી શિવજીભાઈ સોલંકી અને વિકેશ વિનયભાઈ સોલંકી (રહે. ન્યૂ મારવાડા વાસ, માંડવી) તેમની ભેંસોને ચરાવવા માટે મંદિર આસપાસ ગયા હતા.

સાંજે ભેંસો પોતાની મેળે ઘરે પરત આવી ગઈ હતી પરંતુ બંને બાળકો પરત ન ફરતાં પરિવારજનોએ ચોમેર શોધખોળ શરૂ કરી હતી. આ દરમ્યાન રોયલ વિલા પાસે શીતળા માતાજીના મંદિર નજીક પાણીના ખાડામાં બંનેના મૃતદેહો મળી આવ્યા હતા.પોલીસને માહિતગાર કર્યા બાદ બનાવ સ્થળે દોડી ગયેલી પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદ વડે બંને પિતરાઈ સહોદરોના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યા હતા. ■

# બાર કાઉન્સિલ ઑફ ગુજરાત હાઈ કોર્ટના ચુકાદાને આધિન પ્રોવિઝનલ સનદ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બાર કાઉન્સિલ ઑફ ગુજરાત હવે હાઈ કોર્ટના ચુકાદાને આધિન પ્રોવિઝનલ સનદ આપશે. નવા વકીલોને ઝડપથી સનદ મળે તે માટે દિવાળીની રજાઓમાં પણ ચેરમેન, વાઈસ ચેરમેન, સમિતિના સભ્યો બીસીજી ઑફિસે કામગીરી કરશે. પાંચ હજાર જેટલી પ્રોવિઝનલ સનદ ઈશ્યૂ કરવા માટે રોજ ઑફિસમાં મોડી રાત સુધી કામગીરી ચાલશે.

બીસીજી ચેરમેન જે.જે. પટેલે જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના લીગલ એજ્યુકેશન રૂલ્સને આધારે લૉ-કૉલેજોએ તેના એફિલિયેશન તથા એપ્રુવલ માટેની ફી નહીં ભરી હોવાને કારણે બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા દ્વારા તમામ સ્ટેટ બાર કાઉન્સિલને આવી નોન-એફિલિયેશન કે નોન-એપ્રુવલ વાળી લૉ-કૉલેજોના વિદ્યાર્થીઓની સનદની નોંધણી નહીં કરવા સૂચના આપી હતી.

આ મુદ્દે નોન- એફિલિયેશન કે નોન-એપ્રુવલ લૉ-કૉલેજના વિદ્યાર્થીઓએ હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરીને તેઓને ઓલ ઈન્ડિયા બાર એક્ઝામીનેશનમાં બેસવાની મંજૂરી આપવા માટે દાદ માગી હતી. આ રિટ પિટિશનોમાં ગુજરાત હાઈ કોર્ટના જજ અનિરુદ્ધ પી. માયીએ ૨૧ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ હુકમ કરી બાર કાઉન્સિલ ઑફ ગુજરાતને ગ્રાન્ટ-ઈન-એઈડ નોન-એફિલિયેશન કે નોન-એપ્રુવલ લૉ-કૉલેજના તમામ વિદ્યાર્થીઓ કે જેઓએ સનદ મેળવવા માટેના ફોર્મ ભરેલા છે તેમને પ્રોવિઝનલ એનરોલમેન્ટ મંજૂર કરવા વચગાળાનો આદેશ કર્યો હતો.

હાઈ કોર્ટના હુકમ અનુસંધાને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલે એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું હતું કે હાઈ કોર્ટના હુકમને આધિન રહીને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની એનરોલમેન્ટ કમિટી તાત્કાલિક ધોરણે કાર્યરત રહી અંદાજે પાંચ હજાર જેટલા અરજદારોને પ્રોવિઝનલ એનરોલમેન્ટ મંજૂર કરશે. જેથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં સનદ મેળવવા માટે અરજી કરી હોય તેવા તમામ અરજદારો કે જેમની લૉ-કૉલેજો એફિલિયેશન કે એપ્રુવલ ન હોય તો પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની ઓલ ઈન્ડિયા બારની પરીક્ષા આપી શકશે. ■

# ગુજરાતમાં બાળ જન્મદરમાં ૭ ટકાનો ઘટાડો: વૃદ્ધોની સંખ્યામાં થયો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દક્ષિણ ભારતનાં બે રાજ્યો તામિલનાડુ અને આંધ્ર પ્રદેશનમાં પ્રજનનક્ષમતામાં ઘટાડો મોટી ચિંતાનો વિષય બન્યો છે, વધુ બાળકો પેદા કરવા તામિલનાડુ અને આંધ્ર પ્રદેશમાંથી સૂર ઉઠવાનું શરૂ થયું છે. જો કે, ગુજરાતમાં પરિસ્થિતિ કાંઈ વખાણવાલાયક નથી. ગુજરાતમાં પણ છેલ્લા એક દાયકામાં જન્મદરમાં સાત ટકાનો મોટો ઘટાડો હોવાનું અને આવતાં ૧૨ વર્ષોમાં વૃદ્ધોની સંખ્યા વધી જવાનું જાહેર થયું છે. ગુજરાતના કેટલાક આંકડા જોતા ખ્યાલ આવે છે કે રાજ્યમાં આગામી ૧૨ વર્ષમાં રાષ્ટ્રીય સ્તરની સરેરાશ કરતાં વધુ વયસ્ક લોકો હશે, એટલે કે ગુજરાતમાં સિનિયર સિટિઝન્સની સંખ્યા વધી જશે. બીજી તરફ રાજ્ય સરકારના ડેટા દર્શાવે છે કે છેલ્લા એક દાયકામાં નેટ ચાઈલ્ડબર્થમાં સાત ટકાનો ઘટાડો થયો છે.

ગુજરાતના ચોક્કસ આંકડાનું એનાલિસિસ દર્શાવે છે કે રાજ્ય ૨૦૨૧માં વૃદ્ધો એટલે કે સિનિયર સિટિઝન્સ (૬૦ વર્ષથી વધુ વયની વ્યક્તિઓ)ની સંખ્યા ૧૦.૪ ટકા હતી જે ૨૦૩૬માં વધીને ૧૫.૪ ટકા સુધી પહોંચી શકે છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (યુએનએફપીએ) અનુસાર ઈન્ડિયા એજિંગ રિપોર્ટ ૨૦૨૩ અનુસાર ભારત માટે આ વધારો ૧૦.૧ ટકાથી ૧૫ ટકા છે.

રિપોર્ટ દર્શાવે છે કે રાષ્ટ્રીય સ્તરે ૧૦૦ બાળકોએ ૩૯.૩ વૃદ્ધોની સરેરાશ છે અને તેની સરખામણીએ ગુજરાત અને મહારાષ્ટ્રનો સમાવેશ કરતાં પશ્ચિમ ઝોનમાં આ ગુણોત્તર ૪૯:૧૦૦નો છે. રાજ્ય સરકાર સાથે નોંધાયેલા છેલ્લા બે દાયકાના જન્મદર અંગેના આંકડા જોતા જાણવા મળે છે કે રાજ્યમાં ૨૦૦૩માં ૧૦.૯૭ લાખ બાળજન્મ થયા હતા. વર્ષ ૨૦૧૩માં આ સંખ્યા ૧૫ ટકા વધીને ૧૨.૬૬ લાખ થઈ હતી, પરંતુ ત્યાર પછીના દાયકામાં ઘટાડો થયો છે. ૨૦૨૩માં ૧૧.૭૬ લાખ બાળકોનો જન્મ થયો હતો જે દાયકામાં સાત ટકાનો ઘટાડો સૂચવે છે. ડેટા અનુસાર શહેરી વિસ્તારોમાં ઘટાડો વધુ તીવ્ર હતો. અમદાવાદ જિલ્લામાં ૨૦૧૩માં ૧.૪૩ લાખથી ૨૨ ટકા ઘટીને ૨૦૨૩માં ૧.૨૬ લાખ થયો હતો.

અમદાવાદ જેવાં મહાનગરોમાં જન્મદર ઘટાડો ૨૨ ટકા જેવો મોટો હતો. સૌથી વધુ ૩૩ ટકાનો ઘટાડો વડોદરા જિલ્લામાં હતો, જ્યારે રાજકોટ જિલ્લામાં છેલ્લા દાયકામાં જન્મદરમાં ૨૬ ટકાનો ઘટાડો છે. અમદાવાદ જિલ્લામાં ૨૦૧૩ માં ૧.૪૩ લાખ બાળકોનો જન્મ થયો હતો તે સંખ્યા ૧.૨૬ લાખ થઈ હતી. રાજકોટ જિલ્લામાં ૨૦૧૩ માં ૦.૮૫ લાખ બાળકોનો જન્મ થયો હતો તે સંખ્યા ૨૦૨૩ માં ૦.૬૩ લાખ હતી. વડોદરામાં ૦.૭૩ લાખ સામે ૦.૪૦ લાખ હતી. જોકે આ ગાળામાં સુરતમાં બાળ જન્મદરમાં ૧ ટકાનો વધારો હતો.

રાજય સરકારનાં સૂત્રોએ આ અંગે જણાવ્યું હતું કે અન્ય રાજયોની જેમ ગુજરાતમાં વસ્તી વિશે ચકાસણી કરવાની કોઈ યોજના નથી. અર્થશાસ્ત્રીએ એવો દાવો કર્યો હતો કે ગુજરાતનું અર્થતંત્ર મજબૂત છે અને મહારાષ્ટ્ર જેવા ઔદ્યોગિક રાષ્ટ્રની સમકક્ષ છે. વસતિમાં વધારા-ઘટાડા માટે અનેક પરિબળો જવાબદાર હોય છે. થોડાં વર્ષો પૂર્વે ભવિષ્યની નાણાકીય સલામતીને કેન્દ્રમાં રાખીને લોકો વધુ સંતાનો પેદા કરતા હોય છે. વૈભવી જીવન ધોરણ તથા નાના પરિવારની માનસિકતાથી ઓછાં બાળકોનો ટ્રેન્ડ છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ આ સ્થિતિ છે. ગુજરાતમાં હિજરતીઓની સંખ્યા પણ વધી રહી છે. ■

# વાવ વિધાનસભા બેઠક માટે કોંગ્રેસમાંથી ગુલાબસિંહનું નામ ફાઈનલ: આવતીકાલે સત્તાવાર જાહેરાત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠામાં વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી યોજાવાની છે, વાવ વિધાનસભાની બેઠક પોતાના નામ કરવા માટે ભાજપ અને કોંગ્રેસ બંને એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. કોંગ્રેસે આ બેઠક માટે ઉમેદવારનું નામ નક્કી કરવા માટે લાંબી સેન્સ પ્રક્રિયા હાથ ધરી હતી, કોંગ્રેસમાંથી ૮ ઉમેદવાર દાવો કરી રહ્યા હતા, જેમાં ગુલાબસિંહ રાજપૂત ઉપરાંત ઠાકરશી રબારી અને કે.પી. ગઢવી પણ દાવેદારોની રેસમાં આગળ હતા. જો કે, કોંગ્રેસે અંતે ઉમેદવાર તરીકે ગુલાબસિંહ રાજપૂતના નામ પર મહોર લગાવી હતી. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતને બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરનું મજબૂત સમર્થન છે, લોકસભાની ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરની જીત પાછળ તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વાવ બેઠક પર ઠાકોર અને ચૌધરી સમાજના મતદારોનું પ્રભુત્વ છે. આ બે મોટા સમુદાય જે ઉમેદવાર તરફ ઢળે છે તેની જીત નક્કી મનાય છે.

અમદાવાદસ્થિત ગુજરાત કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી, જેમાં ત્રણેય દાવેદાર ગુલાબસિંહ રાજપૂત, કેપી ગઢવી, ઠાકરશી રબારી અને વાવ બેઠકના પ્રભારી બળદેવજી ઠાકોર તેમજ જિલ્લા પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતા. સૂત્રોએ દાવો કર્યો હતો કે ગુલાબસિંહ રાજપૂતના નામની ગમે ત્યારે સત્તાવાર રીતે તેમના નામની જાહેરાત થઇ શકે છે. ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૫મી ઓક્ટોબર છે. ૧૩મી નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે અને ૨૩મી નવેમ્બરે મતગણતરી થશે. ■

# વિશ્વમાં ૧૦ ટકા લોકોમાં દેખાતી ટ્રાઈકિલેમલ સિસ્ટ ગાંઠનું હિંમતનગર સિવિલમાં સફળ ઓપરેશન થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં જનરલ સર્જન વિભાગની ટીમ દ્વારા એક સફળ સર્જરી કરવામાં આવી હતી. દર્દીને માથાના ભાગે ટ્રાઈકિલેમલ સિસ્ટ નામની ગાંઠ હોવાથી તે બે વર્ષથી પીડાતો હતો. હિંમતનગર સિવિલ હૉસ્પિટલના સર્જન તબિબોએ આ દર્દીનું સફળ ઓપરેશન કરીને તેની પીડા દૂર કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મૂળ ઉત્તર પ્રદેશના કાનપુરના રહેવાસી દેવરાજ મોર્ય હાલ હિંમતનગરમાં રહે છે. તેમને વિશ્વમાં માત્ર ૧૦ ટકા લોકોમાં જોવા મળતી ટ્રાઈકિલેમલ સિસ્ટ નામની ગાંઠ માથાના પાછળના ભાગમાં થઈ હતી. આ ગાંઠને કારણે તેઓ છેલ્લા બે વર્ષથી પીડાતા હતાં. તેઓ હિંમતનગર સિવિલમાં આ ગાંઠની સારવાર માટે આવ્યા ત્યારે સિવિલના જનરલ સર્જરી વિભાગના વડા ડો.પલ્લવ પટેલની ટીમ દ્વારા દર્દીની પ્રાથમિક તપાસ કરીને ટ્રાઈકિલેમલ સિસ્ટ નામની ગાંઠ વિશેની ચર્ચા કરી અને દર્દીને કહેવામાં આવ્યું હતું કે અહીં તેમની સર્જરી થઇ જશે. આ અંગે સિનિયર રેસિડેન્ટ ડૉ. વિશાલ દેસાઈએ જણાવ્યું હતું કે, વિશ્વમાં ૧૦ ટકા લોકોને આ પ્રકારની ટ્રાઈકિલેમલ સિસ્ટ ગાંઠ થતી હોય છે. ■

# હત્યા કેસમાં ગેંગસ્ટર છોટા રાજનને જામીન, પણ જેલથી બહાર નહીં આવી શકે

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે બુધવારે ગેંગસ્ટર છોટા રાજનને મોટી રાહત આપી છે, ૨૦૦૧ના જયા શેટ્ટી હત્યા કેસમાં બોમ્બે હાઈ કોર્ટે છોટા રાજનને જામીન આપ્યા છે. હોટેલિયર જયા શેટ્ટીની હત્યા માટે છોટા રાજનને દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ૩૦ મે, ૨૦૨૪ના રોજ, વિશેષ એમસીઓસી કોર્ટે રાજનને અન્ય લોકો સાથે દોષિત ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા ફટકારી. બોમ્બે હાઈ કોર્ટે આજીવન કેદની સજા નાબૂદ કરી છે.

જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝન બેંચે છોટા રાજનને જામીન માટે રૂ. એક લાખના બોન્ડ ભરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે, છોટા રાજન અન્ય ઘણા ગુનાઓમાં દોષિત સાબિત થયો છે, આથી તે હાલ જેલમાં જ રહેશે.

છોટા રાજન ગેંગ તરફથી ખંડણી માટે હૉટેલ માલિક જયા શેટ્ટીને ધમકી આપવામાં આવી હતી, આ મામલે તકરાર થતા રાજાન ગેંગના સાગરીતોએ જયા શેટ્ટીને ૪ મે, ૨૦૦૧ના રોજ હોટલના પહેલા માળે ગોળી મારી હત્યા કરી હતી. ખંડણીની ધમકીઓ અંગે માહિતી મળ્યા બાદ જયા શેટ્ટીને પોલીસ સુરક્ષા આપવામાં આવી હતી, પરંતુ હુમલાના બે મહિના પહેલા જયાની અરજી પર સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી હતી.

રાજન ગેંગે રવિ પૂજારી મારફત જયા શેટ્ટી પાસેથી ૫૦ કરોડ રૂપિયાની ખંડણી માગી હતી. આ કેસમાં અજય મોહિતે, પ્રમોદ ધોંડે અને રાહુલ પવનરેને પણ વર્ષ ૨૦૧૩માં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

છોટા રાજને સજા વિરુદ્ધ બોમ્બે હાઈ કોર્ટમાં અપીલ કરી હતી. ગેંગસ્ટરે સજાને સ્થગિત કરવાની અને તેને વચગાળાના જામીન આપવાની માગણી કરી હતી. રાજન ૨૦૧૧માં પત્રકાર જે ડેની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે, હાલમાં રાજન દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. ■

# એમવીએ ફોર્મ્યુલા ૮૫-૮૫-૮૫ | સસ્પેન્સ ૩૩ સીટ

# ઉદ્ધવ જૂથે ૬૫ ઉમેદવારની યાદી જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે આખરે ઉદ્ધવ ઠાકરે જૂથ (યુબીટી-શિવસેના) દ્વારા ૬૫ ઉમેદવારની યાદી જાહેર કરી છે. મંગળવારે મોડી રાતના એકનાથ શિંદેની શિવસેનાએ ૪૫ ઉમેદવારની જાહેરાત કર્યાના કલાકોમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ પહેલી યાદીની જાહેરાત કરી છે. પહેલી યાદીમાં ઉદ્ધવ ઠાકરેએ ૬૫ ઉમેદવારને ટિકિટ આપી છે, જેમાં પૂર્વ પ્રધાન આદિત્ય ઠાકરેને વરલીની સીટ પર જાહેરાત કરી છે. ચૂંટણીની તારીખ જાહેર કર્યા પછી મહાવિકાસ આઘાડીમાં દિવસો સુધી ચર્ચા-વિચારણા ચાલ્યા પછી ત્રણેય પક્ષ ૮૫-૮૫-૮૫ સીટ પર લડવા માટે સહમત થયા હતા, પરંતુ બાકી સીટ પર સસ્પેન્સ રાખવામાં

(જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈના ઉમેદવારો

વિક્રોલીથી સુનીલ રાઉત, ભાંડુપ પશ્ચિમથી રમેશ કોરગાંવકર, જોગેશ્વરી પૂર્વ અનંત (બાળા) નર, દિંડોશીથી સુનીલ પ્રભુ, ગોરેગાંવથી સમીર દેસાઈ, અંધેરી પૂર્વથી ઋતુજા લટકે, ચેમ્બુરથી પ્રકાશ ફાતર્પેકર, કુર્લા (એસટી) પ્રવિણા મોરજકર, કાલીનાથી સંજય પોતનીસ, બાંદ્રા પૂર્વથી વરુણ સરદેસાઈ, માહિમથી મહેશ સાવંતને ટિકિટ આપવામાં આવી છે. ■

# રાજકીય ગરમી વચ્ચે મુંબઈ ધગધગતું

## ૩૫.૮ ડિગ્રી સાથે મહારાષ્ટ્રનું સૌથી ગરમ શહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરાએ બુધવારે કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. બુધવાર, ૨૩ ઑક્ટોબરના દિવસ દરમિયાન મુંબઈમાં ૩૫.૮ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું. જે સામાન્ય કરતા ૧.૬ ડિગ્રી વધુ રહ્યું હતું. જ્યારે સોલાપુરમાં ૩૫.૬ ડિગ્રી જેટલું તાપમાન રહ્યું હતું.

મુંબઈમાં સોમવાર સુધી રોજ રાત પડેને વરસાદના હળવા ઝાપટાં પડી જતા હતા, તેથી વાતાવરણમાં થોડી ઠંડકનો અનુભવ થતો હતો. જોકે બે-ત્રણ દિવસથી વરસાદ ગાયબ થતા ફરી ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો

(જુઓ પાનું ૪) ▸▸

## ઠાકરે જૂથની બેઠકો પર શિંદેએ રમ્યો દાવ

# મુંબઈમાં ચાલ્યો મુખ્ય પ્રધાન શિંદેનો સિક્કો

## મુંબઈમાં ભાજપ ૧૮ શિંદે સેના ૧૫ અને અજિત પવાર ૩ બેઠક

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી સમયે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, દેશની આર્થિક રાજધાની મુંબઈમાં પોતાનો સિક્કો જમાવવામાં સફળ રહ્યા છે. સૂત્રોનું માનીએ તો પ્રાપ્ત માહિતી અનુસાર બેઠકોની વહેંચણીને લઇને ચાલી રહેલી ચર્ચા દરમિયાન સીએમ શિંદે, મુંબઈમાં પોતાની પાર્ટી માટે ૧૫ બેઠક હાંસલ કરવામાં સફળ રહ્યા છે. બીજી બાજુ મુંબઈની ૩૬ વિધાનસભા બેઠકમાંથી ૧૮ પર ભાજપ તેમ જ અજિત પવાર જૂથ ૩ બેઠક પરથી ચૂંટણી લડશે. આનો અર્થ એ થયો કે મુંબઈમાં મહાયુતિમાં ૧૮-૧૫-૩ની ફોર્મ્યુલા નક્કી થઇ

(જુઓ પાનું ૪) ▸▸

# કામાખ્યા મંદિરના શરણે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે

## મહાયુતિને બહુમતિ મળવા માટે કરી પ્રાર્થના

મુંબઈ-ગુવાહાટી: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માટે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ મંગળવારે અડધી રાતે ૪૫ ઉમેદવારની યાદી જાહેર કર્યાના અહેવાલો વચ્ચે અચાનક એકનાથ શિંદે આસામના ગુવાહાટી સ્થિત કામાખ્યા મંદિરે પહોંચ્યા હતા. કામાખ્યા મંદિરમાં પૂજાપાઠ કર્યા પછી એકનાથ શિંદેએ કહ્યું હતું કે આ અગાઉ પણ હું અહીં આવ્યો છું. આ અગાઉ સરકાર બન્યા પૂર્વે આવ્યો હતો, ત્યાર બાદ સરકાર બન્યા પછી હું આવ્યો હતો. અને આ વખતે પણ આવ્યો છું. લોકો અમારા દ્વારા કરવામાં આવેલા કામકાજને આધારે અમને (મહાયુતિ)ને મત આપશે. અમે એ કામકાજ કર્યાં હતા, જે મહા વિકાસ આઘાડી (એમવીએ)એ રોક્યા હતા. જોકે, અમારી સરકાર આમ જનતાની છે અને એનો લોકોને લાભ મળવો જોઈએ અને અમે એ વાતને ધ્યાનમાં રાખીને કામ કર્યું છે. મહારાષ્ટ્રની જનતા મહાયુતિને ચૂંટણીમાં જીતાડશે, એવો એકનાથ શિંદેએ દાવો કર્યો હતો. ■

# અજિત પવાર લડશે બારામતીથી, ૩૮ ઉમેદવારની પહેલી યાદી જાહેર

મુંબઈ: એનસીપીના અજિત પવાર જૂથની પહેલી યાદી બહાર પાડવામાં આવી છે. યાદીમાં અજિત પવાર બારામતીથી જ લડશે તેમ જણાવાયું છે.

બારામતી લોકસભા બેઠક પર અજિત પવારના પત્ની સુનેત્રા પવાર ને હારનો સામનો કરવો પડ્યો હતો અને તેમની વિધાનસભા બેઠક પર પણ તેમને ઓછા મત મળ્યા હતા.

આથી આ બેઠક પર તેઓ લડશે કે કેમ તેવી અટકળો વહેતી થઈ હતી, જેને પૂર્ણવિરામ લાગી ગયું છે.

પહેલી યાદીમાં અજિત પવાર ઉપરાંત વરિષ્ઠ નેતા છગન ભુજબળનું નામ છે, તેઓ યેવલા બેઠક પરથી ચૂંટણી લડશે. આ ઉપરાંત મુંબ્રા-કલવાથી નજીબ મુલ્લાને ટિકિટ આપવામાં આવી છે, જે એનસીપી (શરદ પવાર)ના જિતેન્દ્ર આવહાડને ટક્કર આપશે. અત્યાર

(જુઓ પાનું ૪) ▸▸

## બાબા સિદ્દીકી હત્યા કેસ

# વધુ એક આરોપી હરિયાણામાં પકડાયો

## સૂત્રધારો સાથેની મહત્ત્વની કડી પોલીસને હાથ લાગી: શૂટરોને આપવાની રકમ હરિયાણાના અમિત કુમારના બૅન્ક ખાતામાં જમા થઈ હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપીના અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકીની બાન્દ્રામાં ગોળી મારીને હત્યા કરવાના કેસમાં પોલીસને સૂત્રધારો સાથેની મહત્ત્વની કડી હાથ લાગી હતી. હરિયાણાથી પકડાયેલો આરોપી સિદ્દીકીની હત્યાનું કાવતરું ઘડનારા ઝિશાન અખ્તરના સંપર્કમાં હતો અને તેના જ બૅન્ક ખાતામાં શૂટરો સુધી પહોંચાડવાની રકમ જમા થઈ હતી.

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે બુધવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અમિત હિસમસિંહ કુમાર (૨૯) તરીકે થઈ હતી. હરિયાણાના કૈથલ જિલ્લામાં નાથવાન પટ્ટી ખાતે રહેતા અમિતને કોર્ટે ચોથી નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આ કેસમાં અગાઉ પોલીસે બે

(જુઓ પાનું ૪) ▸▸

## સરકારી નિ:શુલ્ક યોજનાઓ વિરુદ્ધ કોર્ટમાં

# કાર્યકરને સંરક્ષણ પૂરું પાડવા અંગે નિર્ણય લેવાનો નાગપુર પોલીસ અધિકારીને આદેશ

નાગપુર: બોમ્બે હાઇ કોર્ટની નાગપુર ખંડપીઠે લાડકી બહિણ યોજના સહિત મહારાષ્ટ્ર સરકારની 'અનિયંત્રિત નિ:શુલ્ક' યોજનાઓ સામે અરજી દાખલ કરનાર એક એક્ટિવિસ્ટની સુરક્ષા અંગે નિર્ણય લેવા શહેર પોલીસ કમિશનરને આદેશ આપ્યો છે.


ન્યાયમૂર્તિ વિનય જોશી અને ન્યાયમૂર્તિ અભય મંત્રીની ખંડપીઠે મંગળવારે કહ્યું હતું કે પ્રત્યેક નાગરિકના જીવન અને સ્વતંત્રતાની રક્ષા કરવી એ રાજ્યની ફરજ છે. ખંડપીઠે નાગપુર પોલીસ કમિશનરને સામાજિક કાર્યકર અનિલ વડાપલ્લીવારે પોલીસ સુરક્ષાની માગણી કરતી દાખલ કરેલી અરજીઓ પર ઝડપથી નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો. વડાપલ્લીવારે રાજ્ય સરકાર દ્વારા નિ:શુલ્ક વિતરણ સામે જાહેરહિત (પીઆઈએલ)ની અરજી કરી હતી.

પીઆઈએલમાં માગ કરવામાં આવી હતી કે હાઈ કોર્ટ વિશાળ જનતાના વિશાળ હિસ્સાના એક ચોક્કસ વર્ગને 'વિનામૂલ્યે આપવામાં આવતી અનિયંત્રિત અને અતાર્કિક લહાણીઓ'ના સ્વરૂપમાં આપવામાં આવતા રાજ્યના મોટા ભાગના વિતરણને ગેરકાયદેસર જાહેર કરે. આ પ્રકારની યોજનાઓ મૂળભૂત અધિકારોનું હનન કરે છે અને સરકારી તિજોરી પર ભારે બોજ પડે છે, જે આગળ જતાં વાસ્તવિક કરદાતાઓ પર નાણાકીય બોજ વધારે છે એવો દાવો કરવામાં આવ્યો છે.

પીઆઇએલ દાખલ કરી ત્યારથી તેમને સમાજના વિવિધ વર્ગનો આક્રોશ સહન કરવો પડી રહ્યો છે. રાજકીય સભા અને ભાષણોમાં પણ તેમનો ઉલ્લેખ કરી ટીકા કરવામાં આવે છે એવો દાવો કરી વડાપલ્લીવારે ઉમેર્યું હતું અને હવે તેમને અંગત અને પારિવારિક જીવનની સલામતી અને સ્વાતંત્ર્ય વિશે ભય લાગી રહ્યો છે. તેમણે સુરક્ષાની માગણી સાથે બે અરજી પોલીસ સમક્ષ કરી હતી, પણ એ અંગે હજુ કોઈ નિર્ણય નથી લેવાયો. (પીટીઆઈ) ■

# ચૂંટણી નામાંકન વખતે માત્ર પાંચ વ્યક્તિને જ પરવાનગી: પોલીસ

મુંબઈ: મુંબઇ પોલીસે મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભાની ચૂંટણી માટે નામાંકન રજૂ કરવા રિટર્નિંગ ઓફિસર (આરઓ)ની કેબિનમાં પ્રવેશતા લોકોની સંખ્યા પાંચ સુધી મર્યાદિત કરી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. આ ઉપરાંત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૧૬૩ હેઠળ મંગળવારે જારી કરાયેલા પ્રતિબંધિત આદેશ અનુસાર આરઓ ઓફિસની ૧૦૦ મીટર વિસ્તારમાં ઉમેદવારના માત્ર ત્રણ જ વાહનને મંજૂરી આપવામાં આવશે એમ પણ તેમણે જણાવ્યું હતું. પોલીસે નામાંકન ફોર્મ રજૂ કરતી વખતે સૂત્રોચ્ચાર, રેલી, સરઘસ, ગીતો ગાવા અને સંગીતના સાધનોના ઉપયોગ દ્વારા રાજકીય પ્રચાર પર પણ પ્રતિબંધ મૂક્યો હતો એમ આદેશમાં જણાવાયું છે. જો અલગ અલગ રાજકીય પક્ષના બે ઉમેદવાર એક સાથે પોતાના ઉમેદવારી ફોર્મ જમા કરાવવા આવે તો કોઈ એકબીજાને ઉશ્કેરવાનો પ્રયાસ નહીં કરે એવી જાણકારી પણ અધિકારીએ આપી હતી. પ્રતિબંધિત આદેશો મુંબઈ જિલ્લા અને ઉપનગરોમાં ૪ નવેમ્બર સુધી અમલમાં રહેશે. (પીટીઆઈ) ■




# મનસેના અમિત ઠાકરે માટે લડત આસાન નહીં હોય

મુંબઈ: ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ મંગળવારે રાત્રે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી. આ યાદીમાં અમિત ઠાકરેના નામે સૌનું ધ્યાન ખેંચ્યું છે. છેલ્લા કેટલાક સમયથી અમિત ઠાકરે મનસેની વિદ્યાર્થી પાંખની જવાબદારી સંભાળે છે. વિદ્યાર્થીઓની વિવિધ સમસ્યાઓના નિરાકરણ માટે તેણે સતત પ્રયાસો કર્યા છે. અમિત ઠાકરે પાર્ટી અધ્યક્ષ રાજ ઠાકરેના પુત્ર છે. તે માહિમથી વિધાનસભા ચૂંટણી લડશે તેવી ચર્ચા હતી. અંતે અપેક્ષા મુજબ તેને ટિકિટ જાહેર કરવામાં આવી. મનસે પાસે માહિમથી વધુ બે ચહેરા હતા. સંદીપ દેશપાંડે અને નીતિન સરદેસાઈ. જેમાં સંદીપ દેશપાંડે વરલીથી આદિત્ય ઠાકરે સામે લડશે. નીતિન સરદેસાઈને પાર્ટી દ્વારા અન્ય જવાબદારી સોંપવામાં આવશે. તેઓ ભૂતપૂર્વ ધારાસભ્ય છે.

તેની સામે લડી રહેલા વિધાનસભ્ય સદા સરવણકર ૨૦૦૯ના અપવાદ સિવાય, સતત અહીંથી ચૂંટણી જીત્યા છે. સદા સરવણકરનું વલણ આ મતવિસ્તારમાં લોકપ્રિય છે. ખાસ વાત એ છે કે તેઓ કોર્પોરેટરથી વિધાનસભ્ય સુધીની સફર કરી ચૂક્યા છે. શિવસેનામાં બે જૂથ પડી ગયા બાદ તેમણે એકનાથ શિંદેને ટેકો આપ્યો હતો. એકનાથ શિંદેની શિવસેનાએ માહિમથી સદા સરવણકરને ઉમેદવાર બનાવવાની જાહેરાત કરી હતી. તો માહિમની લડાઈ પર આખા મુંબઈની નજર રહેશે. માહિમની ચૂંટણીમાં જંગની લડાઈ થશે. ■

# મતદાન સંબંધિત ટ્રેઈનિંગમાં કેમ ગેરહાજર રહ્યા?: આપો જવાબ

થાણા: મહારાષ્ટ્રના થાણા જિલ્લાની મીરા - ભાયંદર વિધાનસભા બેઠક પર મતદાન કર્મચારીઓ માટે ૨૦ ઓક્ટોબરે ટ્રેઈનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં સ્થાનિક શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓને હાજર રહેવા કહેવામાં આવ્યું હતું. જોકે, ૯૫ ટકા કર્મચારીઓ તાલીમ સત્રમાં હાજર ન રહ્યા હોવાથી તમામ પાસે ગેરહાજરી માટે ખુલાસો માંગવામાં આવ્યો છે. અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર તાલીમ સત્રમાં અપેક્ષિત ૨૮ શૈક્ષણિક સંસ્થાઓના ૩૬૮ કર્મચારીઓમાંથી ફક્ત ૧૯ કર્મચારી હાજર રહ્યા હતા. કેટલીક સંસ્થાનો તો એક સુધ્ધાં કર્મચારી હાજર નહોતો રહ્યો.

મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસર (આરઓ) એ મંગળવારે સંબંધિત સ્થાનિક પોલીસ સ્ટેશનોને પત્ર લખી હાજર નહિ રહેલા લોકોને ઓફિસમાં રજૂઆત કરવાની વિનંતી કરવામાં આવી છે. આરઓએ ભારતીય ચૂંટણી પંચ (ઇસીઆઈ)નાં નિયમોનું પાલન કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને મતદાન સમુંસૂતરું પાર પડે એ માટે યોગ્ય રીતે ટ્રેઈનિંગ મેળવનાર મતદાન કર્મચારીઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. (પીટીઆઈ) ■

# પરવડતું નથી કહીને બસ દોડાવવાથી કૉન્ટ્રેક્ટરે હાથ ઉપર કરી દીધા

## ▸ બેસ્ટની મિની સર્વિસ બંધ ▸ કૉન્ટ્રેક્ટર સામે કાયદેસર કાર્યવાહીની બેસ્ટની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં ખાસ કરીને અંધેરીથી મલાડ સુધીના વિસ્તારમાં છેલ્લા થોડા દિવસથી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની મિડી એસી બસ રસ્તા પરથી ગાયબ થઈ જતા નાગરિકોને ભારે હેરાનગતીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે બુધવારના કૉન્ટ્રેક્ટર સાથે બેસ્ટ ઉપક્રમની મીટિંગ થઈ હતી, જેમા કૉન્ટ્રેક્ટરે બસ દોડાવવાનું પરવડતું નથી કહીને હાથ ઉપર કરી દીધા છે. તેથી દિવાળીના તહેવાર દરમિયાન મુંબઈગરાની હાલાકીમાં હજી વધારો થવાનો છે. કૉન્ટ્રેક્ટરે બસ દોડાવવાની ના પાડતા ૧,૨૦૦ ડ્રાઈવરો પણ બેરોજગાર થઈ ગયા છે.

બેસ્ટ ઉપક્રમના કાફલામાં વેટ લીઝ પર એટલે કે ભાડા પર બસ લેવામાં આવી છે. છેલ્લા થોડા દિવસથી સાંતાક્રુઝ, અંધેરી, વિલેપાર્લે, મરોલ, દિંડોશી અને ઓશિવરા, ગોરેગામ, મલાડ જેવા વિસ્તારોમાં રસ્તા પરથી બેસ્ટની મિડી બસ ગાયબ થઈ ગઈ હતી. મિડી બસ મોટાભાગે નાના રિંગ રૂટ પર દોડાવવામાં આવે છે. અચાનક રસ્તા પરથી બસો ગાયબ થઈ જવાને કારણે બસમાં દરરોજ પ્રવાસ કરનારાઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી.

મરોલ, દિંડોશી અને ઓશિવરામાં જેવા વિસ્તારમાં બસ દોડાવવા માટે હંસા નામની કંપની પાસેથી વેટ લીઝ પર બસ લેવામાં આવી હતી. કૉન્ટ્રેક્ટરે અચાનક બસ દોડાવવાનું બંધ કરી દેતા તેની સાથે બેસ્ટ ઉપક્રમની ચર્ચા ચાલી રહી હતી. બુધવારે કૉન્ટ્રેક્ટર સાથે ફરી મીટિંગ થઈ હતી, જેમાં કૉન્ટ્રેક્ટરે તેમને બસ દોડાવવાનું પરવડતું નથી કહીને હાથ ઉપર કરી દીધા હતા. આ વિસ્તારમાં કોન્ટ્રેક્ટર લગભગ ૨૮૦ મિડી બસ દોડાવતો હતો. ■

# આજથી બીજી ટેસ્ટઃ પુણેમાં ભારતીય સ્પિનર્સનું રાજ કે કિવીઓની કમાલ?

પુણેઃ ન્યૂ ઝીલૅન્ડ સામેની બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં ભારતીય ટીમે પરાજયનો આંચકો સહેવો પડ્યો ત્યાર બાદ હવે આજે (સવારે ૯.૩૦ વાગ્યાથી) બન્ને દેશ વચ્ચે બીજી ટેસ્ટ શરૂ થશે જે જીતીને રોહિત શર્મા ઍન્ડ કંપનીએ શ્રેણીમાં સમતુલા બનાવવી જ પડશે. કિવીઓ રવિવારે પહેલી ટેસ્ટ આઠ વિકેટે જીત્યા હતા. એ સાથે, ન્યૂ ઝીલૅન્ડની ટીમ ૩૬ વર્ષે ભારતની ધરતી પર ટેસ્ટ જીતવામાં સફળ રહી હતી. જોકે હવે પુણેમાં સ્પિનર-ફ્રેન્ડ્લી પિચ પર ખરી કસોટી આપવાનો વારો કિવીઓનો છે.



પુણેમાં ગઈ કાલે પ્રૅક્ટિસ દરમ્યાન વાતોમાં મશગૂલ જાડેજા, કોહલી અને હેડ-કોચ ગૌતમ ગંભીર. (પીટીઆઈ)

ભારતીય ટીમ મૅનેજમેન્ટે પ્લેઇંગ-ઇલેવન નક્કી કરવામાં યોગ્ય કૉમ્બિનેશન અને સંતુલન રહે એની ખાસ તકેદારી રાખવી પડશે.

આવતા મહિને પાંચ ટેસ્ટ માટેનો ઑસ્ટ્રેલિયા-પ્રવાસ શરૂ કરતાં પહેલાં ભારતીય ટીમે આજે શરૂ થતી પુણેની બીજી ટેસ્ટ અને પહેલી નવેમ્બરથી વાનખેડે સ્ટેડિયમમાં રમાનારી છેલ્લી ટેસ્ટ જીતીને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપમાંની પોતાની નંબર-વન સ્થિતિને યોગ્ય સાબિત કરવી પડશે.

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં પહેલો દિવસ વરસાદને કારણે ધોવાઈ ગયા બાદ બીજા દિવસે ભારે પવન વચ્ચે ત્રણ કિવી ફાસ્ટ બોલર્સે ભારતીય ટીમને ૪૬ રનમાં તંબુ ભેગી કરી દીધી હતી. જોકે હવે પુણેમાં ભારતીય સ્પિનર્સે કમાલ બતાવવાની છે.

કિવીઓ સાડાત્રણ દાયકે ભારતમાં ટેસ્ટ જીતવામાં સફળ રહ્યા, પણ હવે સિરીઝ ન જીતી જાય એનું રોહિત ઍન્ડ કંપનીએ ખાસ ધ્યાન રાખવું પડશે.

પુણેમાં આ પહેલાં ૨૦૧૭માં ઑસ્ટ્રેલિયા સામે ભારત ૩૩૩ રનથી હારી ગયું હતું અને ત્યાર બાદ ૨૦૧૯માં સાઉથ આફ્રિકા સામે ભારતનો એક દાવ અને ૧૩૭ રનથી વિજય થયો હતો.

### બન્ને દેશની સંભવિત ઇલેવનઃ

**ભારતઃ** રોહિત શર્મા (કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), સરફરાઝ ખાન/કેએલ રાહુલ, રવીન્દ્ર જાડેજા, આર. અશ્વિન, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ/આકાશ દીપ.

**ન્યૂ ઝીલૅન્ડઃ** ટૉમ લેથમ (કૅપ્ટન), ટૉમ બ્લન્ડેલ (વિકેટકીપર), ડેવૉન કૉન્વે, વિલ યંગ, રાચિન રવીન્દ્ર, ડેરિલ મિચલ, ગ્લેન ફિલિપ્સ, મિચલ સૅન્ટનર, ટિમ સાઉધી/વિલ ઑ'રુર્કે, મૅટ હેન્રી, ઍજાઝ પટેલ. ■

# અમદાવાદમાં આજે પ્રથમ વન-ડેઃ ભારતીય મહિલા ટીમની વર્લ્ડ કપ માટેની તૈયારી શરૂ!

## ન્યૂ ઝીલૅન્ડની ઘણી પ્લેયર તાજેતરની ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન ટીમમાં હતી

અમદાવાદઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય મહિલા ટીમ તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપમાંથી વહેલી આઉટ થઈ ગઈ, પરંતુ હવે તેઓ આજથી (બપોરે ૧.૩૦ વાગ્યાથી) અમદાવાદમાં આવતા વર્ષના વન-ડે વર્લ્ડ કપ માટેની પૂર્વતૈયારીઓ શરૂ કરશે. ગુરુવારે અમદાવાદમાં ભારત અને ન્યૂ ઝીલૅન્ડની મહિલા ટીમ વચ્ચે ત્રણ મૅચની વન-ડે શ્રેણી શરૂ થઈ રહી છે.



સિરીઝની પહેલી મૅચ આજે, બીજી મૅચ રવિવારે અને ત્રીજી મૅચ મંગળવારે અમદાવાદમાં જ રમાશે.

ન્યૂ ઝીલૅન્ડની ટીમમાં ઘણી ખેલાડીઓ એવી છે જે તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપમાં ચૅમ્પિયન બનેલી ટીમમાં સામેલ હતી.

વિશ્વ કપમાંથી સેમિ ફાઇનલ પહેલાં જ એક્ઝિટ થઈ જવાને કારણે ૩૫ વર્ષની હરમનપ્રીતની કૅપ્ટન્સીનું ભાવિ હાલકડોલક થવા લાગ્યું હતું.

જોકે સિલેક્શન કમિટીએ હરમન પર વિશ્વાસ જાળવી રાખ્યો છે. હા, હરમનની કૅપ્ટન્સીની સાથે તેની બૅટિંગની પણ કસોટી તો થશે જ.

વિકેટકીપર-બૅટર રિચા ઘોષ આ સિરીઝમાં નથી રમવાની, કારણકે તે ૧૨મા ધોરણની બોર્ડની એક્ઝામ આપવાની છે.

વન-ડેમાં બન્ને દેશ વચ્ચે ૫૪ મૅચ રમાઈ છે જેમાંથી ૩૩ ન્યૂ ઝીલૅન્ડે અને ૨૦ ભારતે જીતી છે. એક મૅચ ટાઇ થઈ છે.

### બન્ને દેશની ટીમ

**ભારતઃ** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), શેફાલી વર્મા, ડી. હેમલતા, દીપ્તિ શર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, યસ્તિકા ભાટિયા (વિકેટકીપર), ઉમા ચેટ્રી (વિકેટકીપર), સાયલી સતગરે, અરુંધતી રેડ્ડી, રેણુકા સિંહ ઠાકુર, તેજલ હસનબીસ, સાઇમા ઠાકોર, પ્રિયા મિશ્રા, રાધા યાદવ અને શ્રેયંકા પાટીલ.

**ન્યૂ ઝીલૅન્ડઃ** સૉફી ડિવાઇન (કૅપ્ટન), સુઝી બેટ્સ, એડન કાર્સન, લૉરેન ડાઉન, ઇઝી ગેઝ (વિકેટકીપર), મૅડી ગ્રીન, બ્રૂક હૉલિડે, પૉલી ઇંગ્લિસ (વિકેટકીપર), ફ્રાન જોનાસ, જેસ કેર, મેલી કેર, મૉલી પેન્ફૉલ્ડ, જ્યોર્જિયા પ્લિમર, હૅના રોવ અને લીઆ તાહુહુ. ■



# મુંબઈમાં જામી છે પંજો લડાવાની હરીફાઈ!

મુંબઈઃ મુંબઈમાં હાથ-પંજો લડાવાની હરીફાઈ શરૂ થઈ છે જેમાં મહિલાઓના તેમ જ પુરુષોના વર્ગમાં કુલ મળીને ૧,૨૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. એશિયન આર્મ રેસલિંગ કપની આ આઠમી અને એશિયન પૅરા-આર્મ રેસલિંગ કપની સાતમી સીઝન ચાલી રહી છે. શનિવાર, ૨૬મી ઑક્ટોબર સુધી ચાલનારી આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતના કુલ ૮૦૦થી વધુ તેમ જ વિદેશના ૪૦૦ જેટલા સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધાની ઓપનિંગ સેરેમનીમાં પ્રો-પંજા લીગના સહ-સ્થાપકો તેમ જ બૉલીવૂડના સિતારાઓએ હાજરી આપી હતી. (પીટીઆઇ) ■



# રિષભ પંતે ટેસ્ટ રૅન્કિંગમાં કોહલીને ઓવરટેક કરી લીધો

દુબઈઃ વિકેટકીપર-બૅટર રિષભ પંતે આઇસીસી ટેસ્ટ રૅન્કિંગમાં સાથી-બૅટર વિરાટ કોહલીને ઓવરટેક કરી લીધો છે. પંત છઠ્ઠા સ્થાને છે, જ્યારે કોહલી આઠમા નંબરે છે. પંત ત્રણ સ્થાન ઉપર આવ્યો છે અને તેના ખાતે ૭૪૫ રેટિંગ પૉઇન્ટ છે, જ્યારે કોહલીના નામે ૭૨૦ પૉઇન્ટ છે. બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં પંતે ૯૯ રન બનાવ્યા હતા. કોહલી પ્રથમ દાવમાં શૂન્યમાં આઉટ થયા બાદ બીજા દાવમાં ૭૦ રન બનાવીને આઉટ થયો હતો.





ઇંગ્લૅન્ડનો જૉ રૂટ બૅટર્સના લિસ્ટમાં ૯૧૭ પૉઇન્ટ સાથે મોખરે છે. કેન વિલિયમસન ભારત સામેની પ્રથમ ટેસ્ટમાં નહોતો રમ્યો અને ગુરુવાર, ૨૪મી ઑક્ટોબરે પુણેમાં શરૂ થનારી બીજી ટેસ્ટમાં પણ નથી રમવાનો એમ છતાં તે રૅન્કિંગમાં ૮૨૧ પૉઇન્ટ સાથે બીજા નંબર પર જ છે. પાકિસ્તાન સામે તાજેતરમાં ટ્રિપલ સેન્ચુરી (૩૧૭ રન) ફટકારનાર ઇંગ્લૅન્ડનો હૅરી બ્રૂક ૮૦૩ પૉઇન્ટ સાથે ત્રીજા નંબરે છે. આ લિસ્ટમાં યશસ્વી જયસ્વાલ (૭૮૦) આ રૅન્કિંગમાં ભારતીયોમાં અવ્વલ છે.

ટેસ્ટ-ક્રિકેટમાં સાત મહિને કમબૅક કરનાર લેફ્ટ-આર્મ સ્પિનર કુલદીપ યાદવ બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ફક્ત ત્રણ વિકેટ લઈ શક્યો હતો, પરંતુ તેણે ટેસ્ટ બોલર્સ રૅન્કિંગમાં એક સ્થાનનો સુધારો કર્યો છે અને ૬૬૮ રેટિંગ પૉઇન્ટ સાથે હવે ૧૫મા નંબરે છે. ૨૯ વર્ષનો કુલદીપ આ પહેલાં માર્ચમાં ધરમશાલામાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં રમ્યો હતો. તેણે કુલ ૧૩ ટેસ્ટમાં ૫૬ વિકેટ લીધી છે.

કિવી ફાસ્ટ બોલર મૅટ હેન્રીએ બે સ્થાનનો જમ્પ માર્યો છે. બેન્ગલૂરુ ટેસ્ટમાં તેણે કુલ આઠ વિકેટ લીધી હતી અને હવે રૅન્કિંગના ટૉપ-ટેનમાં આવી ગયો છે. તેની પાસે ૭૫૧ રેટિંગ પૉઇન્ટ છે અને નવમી રૅન્ક પર છે.

જસપ્રીત બુમરાહ અને રવિચન્દ્રન અશ્વિનનો પર્ફોર્મન્સ બેન્ગલૂરુમાં કિવીઓ સામેની પ્રથમ ટેસ્ટમાં જોઈએ એટલો સારો નહોતો એમ છતાં ટેસ્ટના બોલર્સના રૅન્કિંગમાં તેમણે અનુક્રમે નંબર-વન અને નંબર-ટૂની રૅન્ક જાળવી રાખી છે. બુમરાહના ખાતે ૮૭૯ અને અશ્વિનના ખાતે ૮૬૯ પૉઇન્ટ છે.

રવીન્દ્ર જાડેજાનો દેખાવ પણ બેન્ગલૂરુમાં સાધારણ હતો અને તેણે ટેસ્ટના ઑલરાઉન્ડર્સમાં નંબર-વન રૅન્ક સાચવી રાખી છે. ઑલરાઉન્ડર્સના લિસ્ટમાં અશ્વિન બીજા નંબરે હતો અને હજી પણ એ જ ક્રમે છે. જાડેજાના નામે ૪૬૮ અને અશ્વિનના નામે ૩૫૮ પૉઇન્ટ છે. ■

# શું વૉશિંગ્ટન સુંદરની આજે ટીમ ઇન્ડિયામાં વાપસી થશે?

## સ્પિન-ઑલરાઉન્ડરનું નામ અચાનક સ્ક્વૉડમાં ઉમેરાયું!

પુણેઃ રોહિત શર્માના સુકાનમાં ભારતીય ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની બેન્ગલૂરુ ખાતેની પ્રથમ ટેસ્ટમાં પરાજિત થતાં બૅકફૂટ પર છે, પરંતુ ખાસ કંઈ ચિંતા નથી કારણકે આ શ્રેણીમાં હજી બે ટેસ્ટ રમાવાની બાકી છે. એ ઉપરાંત, ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચવા માટે પણ ભારત પાસે હજી ઘણા વિકલ્પો છે. દરમ્યાન ટેસ્ટ માટેની ટીમ ઇન્ડિયામાં એક સ્ટાર પ્લેયરની વાપસી થઈ રહી હોવાના સમાચારે ધૂમ મચાવી છે. તેના કમબૅક માટે રોહિત શર્માએ ફૂલપ્રૂફ પ્લાન પણ તૈયાર કરી લીધો હોવાનું મનાય છે. આપણે સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરની વાત કરી રહ્યા છીએ.



આજે પુણેમાં ન્યૂ ઝીલૅન્ડ સામે બીજી ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી) શરૂ થશે.

વૉશિંગ્ટન સુંદર છેલ્લે માર્ચ ૨૦૨૧માં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં રમ્યો હતો. ત્યાર બાદ સવાત્રણ વર્ષમાં તેને એકેય ટેસ્ટ નથી રમવા મળી. તેણે ચાર ટેસ્ટમાં છ વિકેટ લીધી છે.

જોકે તે ભારત વતી બાવીસ વન-ડે અને બાવન ટી-૨૦ રમી ચૂક્યો છે.

સામાન્ય રીતે જો સ્ક્વૉડમાંનો કોઈ ખેલાડી ઈજા પામે તો સ્ક્વૉડની બહારના કોઈ પ્લેયરને તેના સ્થાને ટીમમાં સમાવવામાં આવે છે. જોકે બેન્ગલૂરુમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતનો પરાજય થયો ત્યાર બાદ સિલેક્ટર્સે અચાનક વૉશિંગ્ટન સુંદરનું નામ સ્ક્વૉડમાં ઉમેરી દીધું છે. એના પરથી લાગે છે કે પુણેમાં ગુરુવારે શરૂ થતી બીજી ટેસ્ટમાં તેને રમાડવામાં આવશે.

પુણેની પિચ સ્પિનર્સને વધુ માફક આવે એવી છે અને એના પર સુંદર સફળ થઈ શકે એમ છે. તે બૅટિંગમાં પણ ઉપયોગી થઈ શકશે. તે ૨૦૨૧માં જે ચાર ટેસ્ટ રમ્યો હતો એમાં તેણે છ વિકેટ લેવા ઉપરાંત ૨૬૫ રન પણ બનાવ્યા હતા. એમાં તેની બૅટિંગ-ઍવરેજ ૬૬.૨૫ હતી. તેણે ત્રણ હાફ સેન્ચુરી ફટકારી હતી તેમ જ ૨૬૫ રનમાં તેની ૩૧ ફોર સામેલ હતી.

એ જોતાં, સુંદર ટીમ ઇન્ડિયાને ટેસ્ટમાં બોલિંગ કરતાં બૅટિંગમાં વધુ ઉપયોગી બન્યો છે. બની શકે કે કેએલ રાહુલના સ્થાને સુંદરને રમવાનો મોકો મળી શકે. ■

# સરફરાઝ બર્થ-ડેના બે કલાક પહેલાં પહેલી વાર પિતા બન્યો

## પત્નીએ બેબી બૉયને જન્મ આપ્યો, બેન્ગલૂરુના સેન્ચુરિયને રૅન્કિંગમાં લગાવી ૩૧ પૉઇન્ટની છલાંગ

પુણેઃ ન્યૂ ઝીલેન્ડ સામે આજે (ગુરુવારે) અહીં શરૂ થનારી બીજી ટેસ્ટ માટે મંગળવારે જે પ્રેક્ટિસ સેશન હતું એમાં મિડલ-ઑર્ડર બેટર સરફરાઝ ખાન હાજર નહોતો અને બીજી બાજુ કેએલ રાહુલે હેડ-કોચ ગૌતમ ગંભીરની મદદથી ભરપૂર બેટિંગ પ્રૅક્ટિસ કરી હતી. વાત એવી છે કે સરફરાઝ બાવીસમી ઑક્ટોબરના પોતાના બર્થ-ડેની શરૂઆતના બે કલાક પહેલાં જ પહેલી વાર પિતા બન્યો હતો. તેની પત્ની રોમાના ઝહૂરે ૨૧મી ઑક્ટોબરની મોડી રાતે બાળકને જન્મ આપ્યો હતો.



સરફરાઝને ૨૭મા જન્મદિનના બે કલાક પહેલાં જ પત્ની રોમાનાએ પુત્રના રૂપમાં બર્થ-ડે ગિફ્ટ આપી હતી.

સરફરાઝે પરિવારમાં બૅબી બૉયના આગમનના સમાચાર અને ફોટો સાથેની પોસ્ટ સોશિયલ મીડિયામાં મૂકી છે. એક ફોટોમાં તેના પિતા નૌશાદ ખાન પણ હતા.

સરફરાઝ અને રોમાનાએ ગયા વર્ષે ઑગસ્ટમાં કાશ્મીરમાં નિકાહ કર્યા હતા. સરફરાઝે ટેસ્ટના રૅન્કિંગમાં મોટી છલાંગ પણ લગાવી છે. તેણે ૩૧ ક્રમની છલાંગ લગાવી છે અને ૫૩મા સ્થાને પહોંચી ગયો છે. તેણે કેએલ રાહુલ (૫૯મી રૅન્ક)ને પાછળ મૂકી દીધો છે.

ભારતીય ટીમ બેંગ્લોરની પ્રથમ ટેસ્ટના પ્રથમ દાવના ૪૬ રનની નામોશી બાદ હારી ગઇ હતી. બીજા દાવમાં સરફરાઝ ખાને ૧૫૦ રન બનાવીને જબરદસ્ત લડત આપી હતી.

મંગળવારે પુણેની પ્રેક્ટિસમાં સરફરાઝ હાજર નહોતો એટલે અફવા બજારમાં એવી ચર્ચા હતી કે તે પુણેની બીજી ટેસ્ટમાં કદાચ નહીં રમે.

જોકે સરફરાઝની પત્નીએ બાળકને જન્મ આપ્યો હોવાથી સરફરાઝ તેની પડખે રહેવા મુંબઈ આવ્યો હતો અને ગઈ કાલે સવારે પુણે પાછો પહોંચી ગયો હતો.

શુભમન ગિલ ગરદનની ઈજામાંથી મુક્ત થયા બાદ પાછો ફિટ થઈ ગયો છે અને પુણેની બીજી ટેસ્ટમાં રમશે એવી પાકી સંભાવના છે. એ જોતાં, તેને પ્લેઈંગ ઇલેવનમાં સમાવવા માટે કેએલ રાહુલને કદાચ પડતો મૂકવામાં આવશે.

ખરેખર તો બેંગ્લોરની ટેસ્ટમાં ગિલના સ્થાને સરફરાઝને લેવામાં આવ્યો હતો અને તેણે એ તકનો ફાયદો ઉઠાવ્યો અને ૧૫૦ રન બનાવ્યા હતા, જ્યારે કેએલ રાહુલ બંને દાવમાં ફ્લોપ હતો.

આ બાજુ, મંગળવારે કેએલ રાહુલે ભરપૂર બેટિંગ પ્રેક્ટિસ કરી હતી. એક તબક્કે તેણે બોલિંગ કરવા માટે સહાયક કોચ મોર્ની મોર્કલને પણ વિનંતી કરી હતી અને તેની મદદથી પ્રેક્ટિસ પૂરી કરી હતી. ■

# ઝિમ્બાબ્વેના ૩૪૪/૪, ટી-૨૦નો નવો વર્લ્ડ રેકૉર્ડ

## સિકંદર રઝાની ૧૫ છગ્ગા, સાત ચોક્કા સાથે વિસ્ફોટક બેટિંગ

નૈરોબીઃ ઝિમ્બાબ્વેએ ગઈ કાલે નૈરોબીમાં રમાયેલી ટી૨૦ મેચમાં ઈતિહાસ રચતાં ટી-૨૦ ઈન્ટરનેશનલનો સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. ઝિમ્બાબ્વેએ ગામ્બિયા સામે ૨૦ ઓવરમાં ૪ વિકેટના નુકસાન પર ૩૪૪ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો હતો. આ પહેલાનો રેકોર્ડ નેપાળના નામે હતો. ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાએ માત્ર ૪૩ બોલમાં ૧૩૩ રન બનાવ્યા અને અણનમ રહ્યો. ૩૮ વર્ષીય બેટ્સમેને માત્ર ૩૩ બોલમાં સદી પૂરી કરી હતી. આ દરમિયાન તેણે ૩૦૯.૩૦ના સ્ટ્રાઈક રેટથી સાત ચોક્કા અને ૧૫ છગ્ગા ફટકાર્યા હતા. ગામ્બિયાની ટીમ ૧૪.૪ ઓવરમાં માત્ર ૫૪ રનમાં ઓલઆઉટ થઈ જતાં ઝિમ્બાબ્વેનો ૨૯૦ રનથી વિજય થયો હતો. ■

### ટી-૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી મોટા ટીમ-સ્કોરઃ

ઝિમ્બાબ્વે વિરુદ્ધ ગામ્બિયા, ૩૪૪/૪
નેપાળ વિરુદ્ધ મંગોલિયા, ૩૧૪/૩
ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ, ૨૯૭/૩
ઝિમ્બાબ્વે વિરુદ્ધ સેશેલ્સ, ૨૮૬/૫
અફઘાનિસ્તાન વિરુદ્ધ આયરલૅન્ડ, ૨૭૮/૩

# કિવી બૅટરની ૧૦૩ બૉલમાં ડબલ સેન્ચુરી

## સાત સિક્સર અને ૨૭ ફોરથી સ્ટેડિયમ ગજાવ્યું, ભારતીય પ્લેયર જગદીશનનો તોડ્યો વિક્રમ

ક્રાઇસ્ટચર્ચઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હજી સુધી કોઈ બૅટર ૧૨૫થી ઓછા બૉલમાં ડબલ સેન્ચુરી (૨૦૦ રન) નથી ફટકારી શક્યો, પરંતુ લિસ્ટ-એ તરીકે ઓળખાતી ૫૦ ઓવરની મૅચમાં ન્યૂ ઝીલૅન્ડના ચૅડ બોવેસ નામના ૩૨ વર્ષીય રાઇટ-હૅન્ડ બૅટરે કમાલ કરી નાખી છે.

તેણે ફક્ત ૧૦૩ બૉલમાં ૨૦૦ રન પૂરા કરીને ક્રિકેટજગતમાં ધમાકો મચાવ્યો છે. લિસ્ટ-એ સ્તરની ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચુરી હવે બોવેસના નામે છે.

બોવેસની આ ૧૦૦મી લિસ્ટ-એ મૅચ હતી. તે ન્યૂ ઝીલૅન્ડ વતી છ વન-ડે અને ૧૧ ટી-૨૦ રમી ચૂક્યો છે. તેણે બુધવારે ક્રાઇસ્ટચર્ચમાં કૅન્ટરબ્યૂરી ટીમ વતી 'ધ ફોર્ડ ટ્રોફી' નામની સ્પર્ધામાં ઑટેગો સામેની મૅચમાં આ સિદ્ધિ મેળવી હતી.

તેણે કુલ ૧૬૨ મિનિટ સુધી ક્રીઝ પર રહીને ૧૧૦ બૉલમાં સાત સિક્સર અને ૨૭ ફોરની મદદથી ૨૦૫ રન બનાવ્યા હતા. કૅન્ટરબ્યૂરીએ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૩૪૩ રન બનાવ્યા હતા જેના જવાબમાં ઑટેગોની ટીમ માત્ર ૧૦૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને કૅન્ટરબ્યૂરીનો ૨૪૦ રનથી વિજય થયો હતો.

લિસ્ટ-એમાં ફાસ્ટેસ્ટ ડબલ સેન્ચુરીનો વિશ્વવિક્રમ અગાઉ ભારતના એન. જગદીશન તેમ જ ઑસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડના નામે હતો. બન્નેએ ૧૧૪-૧૧૪ બૉલમાં ૨૦૦ રન બનાવ્યા હતા, જ્યારે બોવેસે એટલા જ રન ૧૦૩ બૉલમાં બનાવી દેખાડ્યા છે. ■



### કયા ફૉર્મેટમાં કોની ડબલ સેન્ચુરી કેટલા બૉલમાં?

(૧) ટેસ્ટમાં, ન્યૂ ઝીલૅન્ડના નૅથન ઍસ્ટલના ૨૦૦૨માં ઇંગ્લૅન્ડ સામે ૧૫૩ બૉલમાં ૨૦૦ રન

(૨) વન-ડેમાં ભારતના ઇશાન કિશનના ૨૦૨૨માં બાંગ્લાદેશ સામે ૧૨૬ બૉલમાં ૨૦૦ રન

(૩) ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ઑસ્ટ્રેલિયાના આરૉન ફિન્ચના ૨૦૧૮માં ઝિમ્બાબ્વે સામે ૧૭૨ બૉલમાં ૨૦૦ રન

(૪) લિસ્ટ-એ ફૉર્મેટમાં ન્યૂ ઝીલૅન્ડના (કૅન્ટરબ્યૂરીના) ચૅડ બોવેસના ૨૦૨૪માં ઑટેગો સામે ૧૦૩ બૉલમાં ૨૦૦ રન ■

# અમેરિકી ખેલાડીએ સીધા કૉર્નરની કિકથી જ ગોલ કરી દીધો!


મિલાનઃ જ્યારે કોઈ ફૂટબોલર કૉર્નર મળતાં બૉલને કૉર્નરના સ્થાનેથી કિક મારીને ગોલપોસ્ટની સામે ઊભેલા પોતાના સાથીઓ તરફ મોકલે છે અને એમાંનો કોઈ પ્લેયર હેડરથી કે કિકથી ગોલપોસ્ટમાં મોકલી દેતો હોય છે, પરંતુ અમેરિકાના ક્રિસ્ટિયન પુલિસિચે મંગળવારે ચૅમ્પિયન્સ લીગમાં જે રીતે ગોલ કર્યો એનાથી સૉકર જગતમાં સનસનાટી મચી ગઈ છે.

એસી મિલાનની ટીમના પુલિસિચે મૅચની ૩૪મી મિનિટમાં લેફ્ટ કૉર્નરમાંથી જે કિક મારી એમાં બૉલ તેના સાથીઓ તરફ ગયો અને બન્ને ટીમના ખેલાડીઓ વચ્ચે થયેલી રસાકસીમાં બૉલ સીધો ગોલપોસ્ટમાં જતો રહ્યો હતો. પુલિસિચે હાથ ઊંચો કર્યો અને મોંટેથી હસીને પોતાની તરકીબ સફળ થઈ એનો સંકેત આપ્યો હતો. તેના સાથીઓ બીજી જ ક્ષણે પુલિસિચ પાસે દોડી આવ્યા હતા અને તેને ભેટી પડ્યા હતા અને આ અભૂતપૂર્વ ગોલનું સેલિબ્રેશન કર્યું હતું.

એ સાથે, એસી મિલાને ક્લબ બ્રુઝને ૩-૧થી હરાવી દીધી હતી. એમાંનો પહેલો ગોલ પુલિસિચનો હતો.

ચૅમ્પિયન્સ લીગની આ સીઝનમાં એસી મિલાનની આ પ્રથમ જીત હતી.

જોકે પુલિસિચે પછીથી કહ્યું, 'મને નસીબનો થોડો સાથ મળ્યો હતો. મેં જે ગોલ કર્યો એ કોઈ ચોક્કસ પ્લાનિંગથી નહોતો કર્યો. અકસ્માતે જ થઈ ગયો હતો. પુલિસિચે વર્તમાન સીઝનમાં મિલાન વતી કુલ સાત ગોલ કર્યા છે. એ ઉપરાંત, તેણે મિલાનના સાથી ખેલાડીઓને ઘણા ગોલ કરવામાં મદદ પણ કરી છે. આ મૅચ અગાઉ એસી મિલાનની ટીમ પહેલી બન્ને મૅચ હારી ગઈ હતી. ■



# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## અમે પ્રેમમાં પડીને લગ્ન કર્યાં ને સહમતીથી છૂટાછેડા લીધા

(ભાગ : ૨)

નામઃ સોનલ માનસિંહ, સ્થળઃ સેન્ટર ફોર ઈન્ડિયન ક્લાસિકલ ડાન્સ, ન્યૂ દિલ્હી
સમયઃ ૨૦૨૪, ઉંમરઃ ૮૦ વર્ષ

આજે લોકો મને ભારતીય સંસ્કૃતિની વાહક, એક અદ્વિતીય નૃત્યાંગના, પબ્લિક સ્પીકર અને નારી ચેતનાની મશાલ તરીકે ઓળખે છે... મેં જે નૃત્ય નાટિકાઓ અથવા નૃત્યના કાર્યક્રમો કર્યા છે એ પણ નારી ચેતનાની વાતને કેન્દ્રમાં રાખીને કર્યા છે. ‘ઈન્દ્રધનુષ’, ‘માનવતા’, ‘મેરા ભારત’, ‘દ્રૌપદી’, ‘ગીત ગોવિંદ’, ‘સબરસ’, ‘ચતુરંગ’, ‘પંચકન્યા’, ‘દેવી દુર્ગા’, ‘આત્માયન’, ‘સમન્વય’ જેવા અનેક કાર્યક્રમોની પરિકલ્પના તૈયાર કરીને મેં ભારતીય સંસ્કૃતિને દેશમાં અને વિદેશના અનેક સમારંભોમાં રજૂ કરી. મેં જ્યારે દિલ્હીમાં પંચકન્યાનું ડેમોસ્ટ્રેશન કરેલું ત્યારે એ વખતના પીએમ અટલબિહારી વાજપેયીનો ફોન આવેલો, ‘અરે સોનલજી! આજ તક હમ પંચકન્યા કે બારે મેં કુછ નહીં જાનતે થે. શ્લોક બોલતે થે, સીતા, મંદોદરી, અહલ્યા, તારા, દ્રૌપદી... પરંતુ, ઉનકી કહાનિયા સંઘર્ષ ઓર સંસ્કૃતિ મેં ઉનકે પ્રદાન કે બારે મેં કભી નહીં જાના. આપને તો હમેં અવગત કરાયા કી હમારે દેશ કી પંચકન્યા કિતની સબલ ઓર પ્રેરણાદાયી હૈ!’ આવા તો અનેક અભિનંદનો મને મળ્યા છે કારણ કે, હું માત્ર નૃત્યનો વિચાર નથી કરતી. નૃત્યની સાથે જોડાયેલી કથા, સંગીત અને ભારતીય સંસ્કૃતિના સંદેશને પણ હું મારા પ્રેક્ષકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરતી રહી છું. કદાચ એટલે જ મારા કાર્યક્રમો અન્ય નૃત્યાંગનાઓના કાર્યક્રમોથી જુદા અને કદાચિત વધુ રસપ્રદ પુરવાર થયા છે.



ભરતનાટયમ એક એવું નૃત્ય છે જેમાં ભાવભંગિમા, મુદ્રાઓ અને શારીરિક કલાત્મકતાનું મહત્ત્વ છે. હું જેમ જેમ ભરતનાટ્યમ શીખતી ગઈ એમ મને સમજાયું કે ભારતમાં અનેક નૃત્યશૈલીઓ છે અને એક જ નૃત્યશૈલી શીખવાને બદલે જો સાચે જ સાંસ્કૃતિક સમન્વય કરવો હોય તો એકથી વધારે નૃત્યશૈલીઓ શીખવી જોઈએ. મારું આરંગએત્રમ ૧૯૬૨માં મુંબઈના ‘રાજભવન’માં થયું. અનેક મહાનુભાવોની સામે મેં મારો પહેલો નૃત્ય કાર્યક્રમ રજૂ કર્યો ત્યારે જ નક્કી થઈ ગયું કે, હું એક સફળ અને લોકપ્રિય નૃત્યાંગના બનીશ. એ વખતે હું લલિત માનસિંહના સંપર્કમાં આવી. એ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં રિસર્ચ સ્કોલર તરીકે ભણતા હતા. એમના પિતાશ્રી માયાધર માનસિંહ બહુ જાણીતા ઉડિયા કવિ હતા. જેએનયુના એક ફેસ્ટિવલમાં અમે મળ્યા, એ પછી અમે એકબીજાને પસંદ કરવા લાગ્યા. અમે મિત્રો તરીકે મળતાં હતાં, પરંતુ હું એક ગુજરાતી પરિવારની પુત્રી હતી એટલે માતા-પિતાની આજ્ઞા વગર લગ્ન કરવાનો વિચાર અશક્ય હતો.

લલિતે એમના ઘરે વાત કરી, એટલે લલિતના પિતાજીએ મારા દાદાજીને પત્ર લખ્યો. લલિતના પિતાજી માયાધર માનસિંહને ૧૯૬૭માં પદ્મશ્રી પુરસ્કાર મળ્યો હતો. સમાજમાં એમનું ઘણું માન હતું. વળી લલિત પણ ખૂબ ભણેલા અને ભારતીય રાજદ્વારી સંસ્થાનમાં મોટી પદવી પર હતા. એમના તરફથી પત્ર મળ્યા પછી મારા દાદાજીએ એમને ઉત્તર પાઠવ્યો અને એમના લાંબા પત્ર વ્યવહાર પછી અમે એમના પરિવારને મળવા ઓડિસા ગયા. બે-ત્રણ દિવસના લાંબા પ્રવાસ પછી અમે એમને ગામ પહોંચ્યા. ત્રણેક દિવસ રહ્યા પછી દાદાજી અને મારો પરિવાર પરત નીકળવાની તૈયારી કરવા લાગ્યો ત્યારે લલિતના પિતાજીએ કહ્યું, સોનલને અહીં મૂકી જાઓ. એ બે-ચાર દિવસ અહીં રહેશે, અમારા પરિવારને મળશે, સૌને ઓળખશે તો વધુ સારી રીતે અમને સમજી શકશે અને અમે પણ એની પસંદ-નાપસંદ સારી રીતે જાણી શકીશું.’

જરા વિચારી તો જુઓ, ૬૦ના દશકમાં એક ગુજરાતી પરિવાર પોતાની કુંવારી દીકરીને એના થનારા સાસરે મૂકીને મુંબઈ પાછો ફરે! મારા દાદાજી ખૂબ જ સ્વતંત્ર વિચારના હતા, એ ખરું પરંતુ સાથે સાથે અમારો ઉછેર ખૂબ સંસ્કારી અને પરિવારની પ્રતિષ્ઠાનું સતત ખ્યાલ રાખવાના વિચાર સાથે થયો હતો. મારી બેન આરતી, હું અને મારો ભાઈ અનુજ, અમે સૌ એકબીજા સાથે ખૂબ નિકટ હતાં.

લલિત માનસિંહ સાથે મારા લગ્ન નક્કી થયાં ત્યારે મારા સસરાએ મને પૂછ્યું હતું, ‘તારે જીવનમાં શું કરવું છે?’ મેં એમને ઉત્તર આપ્યો હતો, ‘નૃત્ય’. એમણે આનંદથી મારી વાત સ્વીકારી એટલું જ નહીં, ઓડિસીના મહાન નૃત્યગુરુ શ્રી કેલુચરણ મહાપાત્ર પાસે મને લઈ ગયા. અમે કેલુચરણજીના ઘરે ગયા, હું નાનકડી હતી. એમના ચરણ સ્પર્શ કરીને બાજુમાં ઊભી રહી. મારા સસરાએ કેલુચરણજીને કહ્યું, ‘આ મારી પુત્રવધૂ છે. તમારે એને નૃત્ય શીખવવાનું છે.’ કેલુચરણજી એમ કંઈ કોઈને શિષ્ય તરીકે સ્વીકારે નહીં. એમણે મને પૂછ્યું, ‘અત્યાર સુધી શું શીખી છે?’ મેં એમને થોડું નૃત્ય બતાવ્યું. કેલુચરણજીએ આનંદિત થઈને મને કહ્યું, ‘હું તને જરૂર શીખવીશ.’



એ દિવસથી મારી નૃત્ય સાધના ઓડિસી નૃત્યકલામાં શરૂ થઈ. ભરતનાટ્યમ્ શરીર અને વળોટની કલા છે. ભાવ અને મુદ્રાઓની કલા છે, જ્યારે ઓડિસીમાં લાસ્ય છે. ભરતનાટ્યમ્ કરતાં જુદા પ્રકારની એક નવી નૃત્યકલામાં મારું પ્રશિક્ષણ મને જીવનમાં આટલું બધું કામ લાગશે એવું મેં ત્યારે વિચાર્યું નહોતું. મારે માટે તો આ નૃત્યકલાની મારી સાધનામાં એક વધુ ચરણ ઉમેરાઈ રહ્યું હતું.

મેં એ પછી ગુરુજીની મંજૂરી સાથે કાર્યક્રમોની શરૂઆત કરી. એ જ વખતે મારાં લગ્ન થયાં. લલિતની પદવી ઊંચી હતી અને એમનો કાર્યભાર ખૂબ વધારે હતો. અમે ટૂંક સમયમાં સમજી ગયા કે અમે એકબીજા માટે યોગ્ય જીવનસાથી નથી. એમના પ્રવાસો, વારંવાર થતી બદલી અને નવા શહેરમાં ઝડપથી ગોઠવાઈ જવાની મારી અણઆવડત અમને બંનેને નડવા લાગી. મારી નૃત્ય સાધનામાં વિક્ષેપ પડવા લાગ્યો એટલું જ નહીં એમની જીવનશૈલી સાથે સતત વિદેશ પ્રવાસ અને રાજદ્વારી પાર્ટીઓમાં હાજરી આપવાના પ્રસંગો બનતા રહેતા જેમાં મારા કાર્યક્રમોની તારીખો ગૂંચવાઈ જતી. લલિત ખૂબ સારા માણસ, મારા સારા દોસ્ત પણ ખરા, પરંતુ પતિ-પત્ની તરીકે અમે એકમેક સાથે નહીં રહી શકીએ એવો નિર્ણય અમે સાથે મળીને લીધો. જ્યારે આ નિર્ણયને મારા માતા-પિતાને જણાવ્યો ત્યારે એમને એ ગમ્યો નહીં. મારા દાદાજી ત્યારે આ દુનિયામાં નહોતા, એટલે મને સમજે કે સપોર્ટ કરે એવી એક વ્યક્તિ ઓછી થઈ ગઈ હતી. મારી માએ મને કહ્યું, ‘આવો કોઈપણ વિદ્રોહી નિર્ણય કરતાં પહેલાં બરાબર વિચાર કરી લેજે. હું તારા નિર્ણયમાં સહમત નથી.’ એ ગુસ્સામાં હતી. એણે મને કહ્યું કે, ‘છૂટાછેડા લેવાથી આપણા પરિવારની પ્રતિષ્ઠા પર આંગળી ચીંધાશે. હું તારો સાથ નહીં આપું...’

હું જગન્નાથ મંદિરમાં જઈને ખૂબ રડી. મેં કૃષ્ણને કહ્યું, ‘હવે જે થશે એ બધી તારી જવાબદારી. હું તો મારી જાતને તને સમર્પિત કરું છું. મારા સારા અને ખરાબનો નિર્ણય તારે જ કરવાનો રહેશે.’ એ પછી હું સાચે જ એવી રીતે જીવી છું. મારા દરેક કામમાં કૃષ્ણ સહભાગી છે, સહકાર્યકર છે, મિત્ર છે, સખા છે...

મા સાથેના મનદુઃખ પછી મેં ખૂબ શાંતિથી વિચાર કર્યો. અંતે લલિત સાથે મળીને અમે સહમતીથી છૂટાછેડા લીધા. એ દિવસે હું લલિતને દિલ્હીની એક રેસ્ટોરન્ટમાં લંચ પર લઈ ગઈ. અમે સાથે જમ્યાં, મેં મારા માટે શ્યામ ગુલાબી રંગની એક ચમકતી ભડકતી સાડી લીધી... સાંજે સરસ તૈયાર થઈને મેં નૃત્ય કર્યું અને નક્કી કર્યું કે, મારું હવે પછીના જીવનમાં નૃત્ય સિવાય બીજા કશાયને પ્રાધાન્ય નહીં આપું. એવું નથી કે મને એ પછી પ્રેમ નથી થયો, પરંતુ મારા નૃત્યને ઓળંગીને મારા જીવનના પરિઘમાં દાખલ થઈ શકે એટલું મહત્ત્વ મેં એ પછી કોઈને નથી આપ્યું. જિંદગીએ ઘણી પરીક્ષાઓ લીધી છે, પણ એ દરેક પરીક્ષામાંથી પાર ઊતરવા માટે મારો એક હાથ કૃષ્ણએ અને બીજો હાથ નૃત્યએ પકડી રાખ્યો છે. (ક્રમશઃ)■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## વિદેશમાં શૂટિંગ કરનાર પ્રથમ ભારતીય અભિનેત્રીઃ નલિની જયવંત




નાઝ ફિલ્મ વિશે સાંભળ્યું છે ?

અશોક કુમાર અને નલિની જયવંત અભિનીત અને વર્ષ ૧૯૫૪માં પ્રદર્શિત થયેલી નાઝ ફિલ્મનું શૂટિંગ ઈજિપ્તની રાજધાની કેરો અને લંડનમાં થયેલું. ફિલ્મની માર્કેટિંગ સ્ટ્રેટેજી અનુસાર ફિલ્મના એક પોસ્ટરમાં નલિની જયવંતને મિસરની દેવીના રૂપમાં દર્શાવવામાં આવેલી... ફિલ્મની વિશેષતા એ હતી કે કોઈ ભારતીય અભિનેત્રીએ વિદેશમાં શૂટિંગ કર્યું હોય એવી આ પહેલી ફિલ્મ હતી. એ રીતે જોઈએ તો વિદેશની ધરતી પર શૂટિંગ કરનાર પહેલી ભારતીય અભિનેત્રી નલિની જયવંત હતી !

નલિની જયવંતની ગણના એના જમાનાની ખૂબસૂરત અભિનેત્રીઓમાં થતી. એની તુલના મધુબાલા સાથે પણ કરાતી. નલિનીએ રાધિકા, બહેન, અનોખા પ્યાર, મુનિમજી, હમ સબ ચોર હૈં, રાની રૂપમતી, કિતના બદલ ગયા ઇન્સાન, મિસ બોમ્બે, નીલમણિ, મિસ્ટર એક્સ, માં કે આંસૂ, મુક્તિ, અમર રહે યે પ્યાર અને બોમ્બે રેસકોર્સ સહિત અંદાજે સાઠેક ફિલ્મોમાં કામ કરેલું. એમાં કાલા પાની માટે એને વર્ષ ૧૯૫૯માં ફિલ્મફેરનો શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો પુરસ્કાર મળેલો. ઉપરાંત શિકસ્ત અને રેલવે પ્લેટફોર્મમાં નલિનીની ભૂમિકા પ્રશંસનીય અને યાદગાર બની ગયેલી.

રૂપેરી પરદાની મશહૂર અદાકારા એવી નલિની જયવંતનો જન્મ ૧૮ ફેબ્રુઆરી ૧૯૨૬ના બ્રિટિશ રાજના મુંબઈ શહેરમાં થયેલો. એના પરિવારનો અભિનય સાથે પહેલેથી જ નાતો રહ્યો. નલિની કથકમાં પારંગત થયેલી. એની માસી રતનબાઈ મરાઠી ગાયિકા અને અભિનેત્રી હતી. જોકે નલિનીના પિતાને સિનેસૃષ્ટિ પ્રત્યે અણગમો હતો. ડિસેમ્બર ૧૯૩૧માં, નલિની પાંચ વર્ષની હતી ત્યારે રતનબાઈના પતિ પ્રભાકર શિલોત્રીનું મૃત્યુ થયું. પરિણામે રતનબાઈ અને એની ૧૫ વર્ષની દીકરી સરોજિનીએ નલિનીના ઘરમાં આશરો લેવો પડ્યો. આ અરસામાં નલિનીના પિતાના પિતરાઈ કુમારસેન સમર્થ જર્મનીમાં સિનેમેટોગ્રાફીનો અભ્યાસ કરીને ભારત પાછા ફરેલા. કુમારસેનથી પ્રભાવિત સરોજિની અભિનયની આલમમાં પદાર્પણ કરવા ઈચ્છુક હતી. પણ નલિનીના પિતાએ આ બાબતનો વિરોધ કર્યો. એથી રતનબાઈ, સરોજિની અને કુમારસેને નલિનીનું ઘર છોડવું પડ્યું. ત્યાર બાદ સરોજિની શોભના નામે રૂપેરી પરદે ચમકી અને એણે કુમારસેન સમર્થ સાથે લગ્ન કરી લીધાં. આ શોભના અને કુમારસેન સમર્થની દીકરીઓ તે સુપરહિટ સિનેતારિકાઓ નૂતન અને તનુજા. એ હિસાબે નલિની જયવંત એમની માસી થાય.

શોભના સમર્થે ફિલ્મોમાં કાઠું કાઢ્યું, પણ નલિની માટે સિનેપ્રવેશ સહેલો નહોતો. નલિની સિનેસૃષ્ટિમાં ચમકવાનું સોહામણું સપનું જોયા કરતી, પણ એના પિતા ફિલ્મોના વિરોધી હતા. એવામાં નલિનીને ફિલ્મી કથાની જેમ જ ફિલ્મમાં અભિનય કરવાની તક મળી ગઈ. એ અરસામાં હિન્દી સિનેમાના પ્રારંભિક દોરના નિર્માતા-નિર્દેશકોમાં ચીમનલાલ દેસાઈ હતા. એમની નેશનલ સ્ટુડિયોઝ નામે કંપની. એક વાર ચીમનલાલ દેસાઈ એમના પુત્ર વીરેન્દ્ર સાથે ફિલ્મ જોવા સિનેમાઘર પહોંચ્યા. શો દરમિયાન પિતાપુત્રની નજર નલિની જયવંત પર પડી. ઉંમર માંડ તેરચૌદ વર્ષ. પિતાપુત્રએ નક્કી કરી લીધું કે એ છોકરીને જ પોતાની આગલી ફિલ્મમાં મુખ્ય કિરદારમાં લેશે.

દરમિયાન, એક દિવસ વીરેન્દ્ર દેસાઈ શોભના સમર્થની મોટી દીકરી નૂતનના જન્મદિનના જલસામાં સામેલ થવા ગયા. જોયું તો નલિની ત્યાં મોજૂદ હતી. નલિનીને જોતાં જ વીરેન્દ્રની આંખોમાં ચમક આવી ગઈ. પરિચય થયો ત્યારે ખબર પડી કે શોભના નલિનીના માસીની દીકરી હતી. વીરેન્દ્ર હાથમાં આવેલો મોકો જવા દેવા માગતા નહોતા. એમણે વિના વિલંબે નલિની સમક્ષ ફિલ્મમાં કામ કરવાનો પ્રસ્તાવ મૂકી દીધો. નલિની માટે તો આ પ્રસ્તાવ દોડવું’તું ને ઢાળ મળવા જેવો હતો. વીરેન્દ્ર દેસાઈએ નલિનીના પિતાને મનાવી લીધા.



પિતાએ માનવું પડે એવા સંજોગો પણ હતા. જયવંત પરિવારની આર્થિક સ્થિતિ ત્યારે ડામાડોળ હતી. પોતાનું ઘર પણ નહોતું. એક સંબંધીના નાનકડા ઘરમાં એમણે આશ્રય લેવો પડેલો. આવી સ્થિતિમાં લક્ષ્મી ચાંલ્લો કરવા આવેલી. નલિનીના પિતા કપાળ ધોવા ન ગયા. નલિનીને ફિલ્મમાં કામ કરવા હામી ભણી.

આ રીતે નલિની જયવંતનો અભિનયની દુનિયામાં પ્રવેશ થયો. વીરેન્દ્ર દેસાઈ નિર્મિત નલિનીની પહેલી ફિલ્મ ‘રાધિકા’ વર્ષ ૧૯૪૧માં પ્રદર્શિત થઈ. ફ્રોક અને બે ચોટી સાથે શાળામાં ભણતી નલિની સિનેસૃષ્ટિનો ઊગતો સિતારો બની. નલિનીએ ‘રાધિકા’માં રાધાની ભૂમિકા ભજવેલી. એ પછી વર્ષ ૧૯૪૨માં આંખમિંચોલી’ ફિલ્મની સફળતાએ નલિનીને આસમાને પહોંચાડી દીધી. ‘આંખમિંચોલી’ કરતાં કરતાં વીરેન્દ્ર દેસાઈ અને નલિની જયવંત વચ્ચે પણ ‘આંખમિંચોલી’ થઈ. વીરેન્દ્ર પરિણીત હતા અને એક બાળકના પિતા હતા. છતાં ૧૯૪૫માં બન્નેએ પ્રભુતામાં પગલાં પાડ્યાં. જોકે ત્રણ વર્ષના ટૂંકા લગ્નજીવન પછી, ૧૯૪૮માં વીરેન્દ્ર અને નલિની છૂટાં પડ્યાં.

રાહ અલગ થયાના બીજે જ વર્ષે, ૧૯૪૯માં નલિનીએ ચકોરી અને આંખેં ફિલ્મમાં ધૂમ મચાવી. ૧૯૫૪માં નાઝ ફિલ્મનું વિદેશમાં શૂટિંગ કરનાર પહેલી ભારતીય અભિનેત્રી બની. નલિનીની ફિલ્મોની સંખ્યા વધી, એમ એની ઉંમર પણ વધી. ગણતરીની ફિલ્મો જ એને મળતી. આવી જ એક ફિલ્મ ‘અમર રહે પ્યાર’ના શૂટિંગ દરમિયાન સહ કલાકાર પ્રભુ દયાલના પ્રેમમાં પડી. વર્ષ ૧૯૬૦માં, બન્ને શૂટિંગ દરમિયાન પરણી ગયાં. લગ્ન પછી ‘બોમ્બે રેસકોર્સ’નું શૂટિંગ પૂરું કરીને નલિનીએ સિનેમાથી દૂરી બનાવી લીધી. અઢાર વર્ષના અંતર પછી, ૧૯૮૩માં નલિની ‘નાસ્તિક’ ફિલ્મમાં અમિતાભ બચ્ચનની માતાની ભૂમિકામાં દેખાયેલી. એ એની છેલ્લી ફિલ્મ હતી.

વર્ષ ૨૦૦૧માં પ્રભુ દયાલનું મૃત્યુ થયા પછી નલિની એકલી થઈ ગઈ. એણે પોતાને ચેમ્બુરના યુનિયન પાર્ક નામના એકદંડિયા બંગલામાં કેદ કરી લીધી. ૨૨ ડિસેમ્બર ૨૦૧૦ના નલિનીનું મૃત્યુ થયાના ત્રણ દિવસ બાદ લોકોને એના અવસાન અંગે સમાચાર મળ્યા... નલિનીની દાસ્તાન એક કડવી અને કરુણ સચ્ચાઈ બયાન કરે છે કે, દીવા તળે અંધારું જ હોય છે ! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## વાત ઈન્ડો-વેસ્ટર્ન યુવતીની...



કહેવાય છે ને કે તમે વતનથી દૂર જઈ શકો, પણ વતન તમારાથી ક્યારેય દૂર જતું નથી. તમે દુનિયાના કોઈ પણ ખૂણે વસતા હો, પણ વતન તમારી અંદર ક્યાંક ને ક્યાંક વસેલું રહે છે.

આજે પરદેશ જઈ સ્થાયી થયેલા ભારતીય પેરેન્ટ્સ પોતાનાં સંતાનોને અજાણપણે વિષચક્રમાં ફસાવી દે છે. પોતાનાં સંતાન કમાણી ડૉલરમાં કરે અને કલ્ચર ભારતીય જાળવી રાખે એવો દુરાગ્રહ એ રાખે છે.

વિહાને ત્યાં આવેલી દેવશ્રી પણ આવી જ એક એન.આર.આઈ ટીનએજર છે, જેના પર ધરાર ભારતીય મૂલ્યોનો ભાર ખડકી દેવામાં આવ્યો છે.

દેવશ્રી પંદર વર્ષની ઈન્ડિયન અમેરિકન ટીનએજર છે. એનો પરિવાર એ જન્મી ત્યારથી અમેરિકામાં વસેલો છે. એક તરફ એના પેરેન્ટ્સ પોતાના મૂળભૂત સ્વભાવ સંસ્કાર સાથે બાંધછોડ કરવા બિલ્કુલ તૈયાર નથી. અને બીજી તરફ દેવશ્રી અગાઉનાં વર્ષોમાં સ્કૂલમાં પડેલી પોતાની કન્ઝર્વેટિવ ઈન્ડિયન ગર્લની છાપને સદંતર ભૂંસી નાખવા માગે છે.

એ હવે ટ્રેન્ડી, ન્યુ, સ્ટાઈલીશ, દેખાવે હોટ અને સ્વભાવે એકદમ કુલ બનવા ઈચ્છે છે, પણ પોતાના ફ્રેન્ડ્સ, ફેમિલી અને ફિલિંગ્સના ચક્કરમાં હોટ-કુલનું કોમ્બિનેશન કરવું દેવશ્રી માટે એટલું સહેલું પણ નથી.

અમેરિકન હાઈસ્કૂલ, માતા-પિતાના એની પર મુકાતાં બંધન, ખુદના ચિત્ર-વિચિત્ર ટીનએજ સપનાં અને આ બધાને બેલેન્સ કરવા મથતી દેવશ્રી તો વિહા માટે કોયડા સમાન છે. દેવશ્રી વિષે એને જલ્દી બધું જાણી લેવું છે એટલે વિહા ચોવીસ કલાક દેવશ્રીનો કેડો કેમ કરીને મુકતી નથી. વિહા ભલે દેવશ્રીની કઝીન હોય, પણ અમેરિકામાં દેવશ્રીને સતત વિહા કેટલી ડાહી છે, કેવી સંસ્કારી છે એવું સંભળાવતી મમ્મી જાણે અજાણે વિહા તરફ એને વણજોઈતો અણગમો ઉત્પન્ન કરાવી દીધો છે. એટલે એક તરફ પરિવાર આતુર છે કે આ બહેનો વચ્ચે સરસ રેપો બંધાય, પણ બીજી તરફ દેવશ્રી જેનું નામ. ગુસ્સૈલ સ્વભાવની એ ટીનએજર એમ જલ્દીથી મચક આપે એમ નથી તો સામે વિહા પણ કંઈ ઊણી ઊતરે એવી તરુણી નહોતી.

જોકે, એકદિવસ ઘરમાં વિહાને એના પેરેન્ટ્સ સાથે વાંધો પડેલો જોઈ પહેલીવાર દેવશ્રીને આ વિહા પોતાના જેવી લાગી. પછી તો ધીમે-ધીમે બન્ને બહેનો વચ્ચે બહેનપણાં સંધાતા વાર લાગી નહીં.

ધીમે ધીમે વિહાને ખ્યાલ આવ્યો કે, દેવશ્રી એટલે બે તદ્દન વિરોધાભાસી કલ્ચર વચ્ચે ભિસાતી લાગણીઓમાં પિસાતી ટીનએજર ગર્લ.... ટીનએજ ટેન્ટ્રમ્સની queen bee. દાદા-દાદી સાથે સખ્ત રીતે લાગણીઓથી જોડાયેલી દેવશ્રી એમનાથી છુટ્ટા પડવાનો વખત આવતાં જ સાયકો-સોમેટીક રિએકશન આપે છે. આવી પ્રતિક્રિયામાં વ્યક્તિને લાગેલા માનસિક આઘાતની અસર એના શરીર પર થતી જોવા મળે છે. આના પરિણામ સ્વરૂપ દેવશ્રી લગભગ દરેક સાથે બોલવાનું બંધ કરી દે છે. સાવ મૂંગી થઈ ગઈ હોય એમ વર્તતી દેવશ્રી હોંશિયાર હોવા છતાં સ્કૂલમાં ટીચરના પ્રશ્નોનો જવાબ દેતી નથી. મિત્રો સાથે પણ કોઈ વાત નહીં. મમ્મી-પપ્પા તો દુશ્મન હોય એમ સામે જોવાનું પણ ટાળે. ધીમે-ધીમે ચારેકોર એ વાત પ્રસરી ગયેલી કે દેવશ્રી તકલીફમાં છે, પરંતુ એક દિવસ સ્કૂલમાં એને સખ્ત ગમતા છોકરાએ એની સાથે વાત કરવાની પહેલ કરી અને બસ, દેવશ્રી બિલ્કુલ ઠીક થઈ ગઈ. દેવશ્રીના મોં એ લાગેલું તાળું ખૂલી ગયું. હવે આવું થવાથી બધા એવું સમજવા લાગ્યા કે એ લોકોની સહાનુભૂતિ મેળવવા એ નાટક કરતી હતી. આ વાત દેવશ્રીને વધુ અકળાવવા લાગી.. એ અકળામણ સાથે જ દેવશ્રી ઈન્ડિયા આવેલી....

જોકે, દેવશ્રી એક ઉત્તમ ઉદાહરણ છે ટીનએજ છોકરીઓના મગજમાં ચાલતી અવઢવને સમજવાનું. સતત આવેગોને વશ કરતી જીવતી દેવશ્રીની પાછી બે બેસ્ટ ફ્રેન્ડસ છે. કમ્પ્યુટરની દુનિયાનો એક્કો એવી ફિયોના અને આર્ટિસ્ટિક સ્વભાવની નાટકોની ડ્રામા ક્વિન એવી અલિશા. પોતાની સ્કૂલ લાઈફના ઉતાર-ચડાવ અને ફેમિલી લાઈફ કે જેમાં મા, દાદી, બહેન એમ ફિમેલ એનર્જીથી ભરેલું ઘર છે એ બન્ને વચ્ચે બેલેન્સ કરતી દેવશ્રીને મા સાથે નાનામાં નાની વાતે ઘર્ષણ થયાં રાખે. સ્કૂલમાં પોતાના જેવા જ હોંશિયાર, ભણેશરી અને સતત જેની સાથે કોઈના કોઈ બહાને ઝઘડો થતો રહેતો હોય અને સહજ આકર્ષણ પણ રહ્યા કરતું હોય એવો બેન... તો એના સપનાનો રાજકુમાર એવો સ્કૂલમાં સૌથી લોકપ્રિય, સ્પોર્ટસ ટીમનો કેપ્ટન... આ દરેક લાગણીઓ વચ્ચે એનું મન અટવાયા રાખે.

દેવશ્રીને સ્કૂલમાં સહુ ક્રેઝી કહે છે, કારણકે એ આક્રમક, આવેગશીલ અને અધીરી છે. એ ઈર્ષ્યા કરે, મદદ કરે, ભૂલો કરે, ગુસ્સો કરે, રડે, હસે, જીદ કરે પણ ભણવામાં અવ્વલ. આગળના ભણતર માટે હાવર્ડ જેવી પ્રતિષ્ઠિત કોલેજમાં પ્રવેશ લેવો એ એનું અંતિમ લક્ષ્ય છે.

વિહા અને દેવશ્રી એકબીજા પાસે મન ખોલીને આવી અનેક વાતો કરે. પોતાના ફર્સ્ટ ક્રશથી માંડીને બેસ્ટ ફ્રેન્ડ્સ, બોય ફ્રેન્ડ્સ, જાતને ઓળખવાની ક્ષણો, ટીનએજ તકલીફો બધા વિશે વાતો કરતા રહે છે. અંતે વિહા સાથે વાતો કરતા દેવશ્રી સમજી શકી કે, મનમાં ધરબાયેલા આઘાતો સાથે બદલાતા મૂડ સ્વિંગ્સ, નજીવી વાતમાં ઊભા કરાતા પહાડ જેવા પ્રશ્નો, ટીનએજની સમસ્યાઓ અને મનોમંથન એમના કલ્ચર અને સામાજિક સ્ટેટસમાં તફાવત હોવા છતાંય એકસરખા છે તો વિહાને ભારતીય પરંપરા સાથે પશ્ચિમી સભ્યતાને અપનાવવા મથતી દેવશ્રીની રોલર કોસ્ટર સમાન જિંદગીમાં ડોકિયું કરતાં સમજાયું કે, દેશ-દુનિયાની કોઈ પણ અલગ અલગ સભ્યતા કેમ ના હોય, ટીનએજના અનુભવો ચોક્કસ એકસમાન હોય છે. ■

પ્રકરણ ૯૫



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'આવો ગાયત્રીબહેન,' લખુકાકાએ ગાયત્રીને આવકાર આપતાં કહ્યું. કબીર પણ સાથે હતો. ગાયત્રીને ઘરની અંદર દોરતાં એણે પૂછ્યું:

'કાકા, ઘરનાં બધાં કેમ છે?'

'શું કહું સાહેબ, કાલ રાતનાં બધાં મૂંગાં બેઠાં છે. કોઈ કંઈ બોલતું નથી.'

કબીર હસી પડ્યો: 'કાકા, ઘરનો વડો ઘરની સુખશાંતિ માટે લોહીપાણી એક કરતો હોય, પણ જો બદલામાં ઘરના સભ્યો એનું લોહી પીવા માંડે તો તો અન્યાય કહેવાય... જગમોહન સાથે બધાંએ મળીને આ જ કર્યું છે.'

'સાચી વાત છે સાહેબ, તમે તો આવું બોલી શકો... અમે તો નાના માણસ...' લખુકાકાનો અવાજ તરડાઈ ગયો.

'અરે, હું ફક્ત બોલીશ જ નહીં, એ લોકોને સળિયા પાછળ નાખી દઈશ. જો મારા મિત્રને હેરાન કર્યો છે તો...' ગળામાં ભરાયેલા ડૂમાને કારણે કબીર આગળ બોલી ન શક્યો. લખુકાકા સામે ઢીલા પડવું નહોતું એટલે એ આગળ વધી ગયા.

'શું થયું અંકલ?' ગાયત્રીએ પાછળ આવતાં પૂછ્યું.

'ગાયત્રી, દરેક માણસ ઓછેવત્તે અંશે સ્વાર્થી હોય એ હું માનું છું. ઘણી વાર સારા માણસોને પણ ખબર નથી પડતી કે એ લોકો સ્વાર્થી બની ચૂક્યા હોય છે. પણ તમે તમારા સુખની ચિંતા કરો કે એના માટે વલખાં મારો એનો વાંધો નથી પણ એ સુખ પ્રાપ્ત કરવા બીજાને દુ:ખી કરવાનો તમારો કોઈ અધિકાર નથી.'

'તમારી વાત સાચી છે, અંકલ, કાકુએ આ પરિવાર માટે કેટલું કર્યું છે....કાકુ સાથે બધાંએ મળીને આવો જ અન્યાય કર્યો છે.' ગાયત્રીની આંખો છલકાઈ ઊઠી :

'અને અંકલ, ઘરના સભ્યોને પણ વરસોથી સ્વાર્થમાં રાચતા રહેવાની એવી ટેવ પડી ગઈ હોય કે બધાને આ ઘરેડ નોર્મલ લાગે. કોઈ એક વ્યક્તિ પર અન્યાય થઈ રહ્યો છે એવું કોઈને સૂઝે નહીં.'

'ગાયત્રી, હું તારી વાત કરું છું. તારે કંઈક કરવું પડશે...હા, હું જેટલા દિવસ છું એટલા દિવસ તો જરૂર તને મદદ કરીશ. જો કે જગમોહન સંપૂર્ણપણે નિર્દોષ છે એવું હું નહીં કહું.' ગાયત્રી સામે જોઈને કબીર બોલ્યો.

'અંકલ, કાકુને હું કહી ચૂકી છું કે ઘરના સૌ સ્વાર્થી થવા માંડ્યા ત્યારે તમે તમારા કોચલામાં ભરાઈને અતડા અને અલિપ્ત થઈ ગયા. એટલે બંને વચ્ચે ખાઈ વધતી ચાલી.'

'સારું થયું ગાયત્રી, હું પરણ્યો નહીં એટલે આ પળોજણમાંથી બચી ગયો.'

'ના અંકલ, જીવનને એકલા રહીને કે પુસ્તકો વાંચીને ન સમજી શકાય. અન્ય વ્યક્તિ સાથેના આદાનપ્રદાનમાં કે વિનિમયમાં જ જીવનની વધુ નજીક અવાય છે. ઘણી વાર પીડા સહન કરીને જિંદગી વધુ સારી રીતે માણી શકાય છે.'

'અરે વાહ, છોકરી, તારી ઉંમર કેટલી?' કબીર આભો બની ગયો.

'૨૩ વર્ષની, પણ મારા પિતા શિક્ષક હતા અને દરેક શિક્ષક પોતાની ઉંમર, એમની સમજ એમના સંતાનો સાથે જોડાઈ જાય...' પિતાના નામનો ઉલ્લેખ કરતાં જ ગાયત્રીની આંખો સજળ થઈ ઊઠી.

'શાબાશ દીકરી, તારા જેવી સમજદાર અને બુદ્ધિમંદ છોકરી હોય તો પરણવામાં સલામતી ખરી. તારાં માતા-પિતાને ધન્ય છે. બેટા, આઈ એમ રિયલી ઈમ્પ્રેસ્ડ. હવે જગમોહનને વાંધો નહીં આવે.'

'ગાયત્રી ચૂપ રહી.

'અરે , ચાલો ચાલો... ઘણાં કામ બાકી છે. આપણે તો જીવનની ફિલસૂફી ડહોળવા માંડ્યાં. હજી તો અસલી ખૂનીને પકડવાનો છે.' કબીરે કાંડા ઘડિયાળમાં જોયું. સાંજના પાંચ વાગ્યા હતા.

'કાકા....' કબીરે બૂમ મારીઃ કાકા, બધાં ક્યાં છે?'

'ઘરમાં ફક્ત રેવતીબહેન, જમાઈ અને જયભાઈ છે. બાકીનાં બધાં હોસ્પિટલ ગયાં છે. છ વાગ્યા સુધી આવી જશે એમ કહેતાં હતાં.'

'ઠીક છે, આવે એટલે બધાંને કહેજો કે સાડા છ વાગ્યે જગમોહનના બેડરૂમમાં મળે. ગાયત્રી, તું થોડી વાર આરામ કર.'

લખુકાકા અને ગાયત્રીને તાકીદ કરીને કબીર વિચારમાં પડ્યો. કોણ હશે એ ત્રીજી વ્યક્તિ? કોણે જગમોહનની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હશે?

સવારના ઊઠીને કબીરે તો કમિશનર રવિ શ્રીવાસ્તવને ફોન કરીને ત્રીજી બુલેટ મળી ગઈ એ માહિતી આપી દીધી હતી. સવારના કબીરે ઇરાદાપૂર્વક ઘરના સભ્યો સાથે ચર્ચા કરવાનું ટાળ્યું હતું. રાતના જ એણે બધાને વિચારવા માટે મસાલો આપી દીધો હતો.

ગાયત્રીને જામીન મળતાં વાર ન લાગી. ગાયત્રીએ જગમોહનની રક્ષા માટે ગોળી છોડી હતી અને એ બુલેટ જગમોહનને વાગી જ નહોતી એ પુરવાર થઈ જતાં ગાયત્રીને સહેલાઈથી જામીન મળ્યા હતા. ગાયત્રી કમાલની છોકરી છે. મા, પત્ની કે દીકરી સ્વરૂપે આવી વ્યક્તિ કોઈને મળે તો એનું જીવન ધન્ય થઈ જાય.

સાડા છ વાગ્યે લખુકાકાએ કબીરના વિચારોમાં ખલેલ પાડી :

'સાહેબ, બધા આવી ગયાં છે.'

'તમે એમને બેસાડો... ગાયત્રીને પણ બોલાવી લ્યો. હું આવું છું.'

કબીર જ્યારે જગમોહનના બેડરૂમમાં દાખલ થયો ત્યારે ત્યાં બધાં હાજર હતાં. ગાયત્રી દેખાતી નહોતી.

'સોરી અંકલ,' ગાયત્રીએ પાછળથી ટહુકો કર્યો અને રૂમમાં દાખલ થઈ. ગાયત્રીને જોઈને પ્રભા, રેવતી, પૂજા, વિક્રમના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ.

'કરણ, તેં શું વિચાર્યું?' કબીરે અચાનક કરણને પ્રશ્ન કર્યો.

'કઈ બાબત... અંકલ, હું કંઈ સમજ્યો નહીં...' અચાનક થયેલા આ પ્રશ્નથી કરણ મૂંઝાઈ ગયો હતો.

'તારી ગર્લફ્રેન્ડ બાબત, કરણ. જો હું તારો બાપ નથી એટલે તને પ્રેમપૂર્વક કે પછી વઢીને નહીં સમજાવું. પણ આટલું સ્પષ્ટ છે કે જે છોકરી પોતાના સાસરે આવતા પહેલાં આવી 'ફી' માગે એ આગમન બાદ શું કરશે?'

કરણ નીચું જોઈ ગયો. અચાનક એને યાદ આવ્યું કે આજે આખો દિવસ એણે રૂપા સાથે વાત નહોતી કરી.

'હં... તો હવે બોલો. કાલે રાતના તમે બધાએ આત્મનિરીક્ષણ તો કર્યું હશે. જો હૃદય પલળી ગયું હોય અને પશ્ચાત્તાપ કરવો હોય તો ગુનો કબૂલી શકો છો.'

કોઈ કંઈ બોલ્યું નહીં.

'વિક્રમ, જગમોહનની સ્થિતિમાં કોઈ સુધારો?' કબીરે પૂછ્યું.

'ના, પણ ડોક્ટરે કહ્યું કે સુધારો ભલે ન જણાય પણ સાથે સ્થિતિ વધુ બગડી પણ નથી. એ સારી નિશાની ગણાય.' વિક્રમે જવાબ આપ્યો.

'ગુડ...' કબીરે એકાક્ષરી પ્રતિભાવ આપ્યો.

'અંકલ', વિક્રમે જ વાતની શરૂઆત કરી,

'અમને લાગે છે કે અમે પપ્પા સાથે અન્યાય કર્યો છે. એમને દુ:ખી કર્યા છે, સાચે જ આજે જ્યારે પપ્પા જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે ત્યારે ડર લાગે છે કે એમને કંઈ થઈ જશે તો સોરી કહેવાનો મોકો પણ નહીં મળે.' વિક્રમની આંખોમાં આંસુ તગતગતાં હતાં.

'રિયલી અંકલ, વિક્રમભાઈ સાચું કહે છે. હું કાલે આખી રાત સૂઈ ન શક્યો.' કરણનો અવાજ પણ તૂટતો હતો.

'એ તો કોઈ માણસ મરવા પડ્યો હોય ત્યારે એના ગુણો જ યાદ આવે. માણસ મરી જાય પછી એમનાં સત્કર્મો યાદ રહે ને જો એ બચી જાય તો ફરી ઝઘડા શરૂ...' જતીનકુમાર બોલ્યા, પણ પછી બધાંની ધારદાર નજર એના પર મંડાઈ છે એ ખ્યાલ આવતાં ઉમેર્યું: મારા જેવું બનવું જોઈએ. માણસ જીવિત હોય કે મૃત, આપણો વ્યવહાર બદલાવો ન જોઈએ.

'જતીનકુમારની વાત સાચી છે. એમણે અજાણતાં જ સાચી વાત કહી દીધી છે. હા, પણ વ્યવહાર પાછો જતીનકુમાર જેવો ન હોવો જોઈએ. એની વે, હું ગુનાની કબૂલાત બાબત પૂછતો હતો.'

'આ પણ એક ગુનો જ છે ને...' કરણનો અવાજ ધીમો હતો. પપ્પાની ગેરહાજરીમાં કરણ પણ પીગળી રહ્યો હતો એ જોઈને ગાયત્રીને ખુશી થઈ.

'હું ખૂનના ગુનાની વાત કરું છું...' કબીરે દોહરાવ્યું.

'કાકુ, તમે કહો છો કે કુમાર બુરખો પહેરીને અંદર આવ્યો હતો.' ગાયત્રીએ વાત શરુ કરીઃ

'જો એવું હોય તો એણે મકાનની બહાર બે સુરક્ષાકમીઓને બેહોશ કરવાની શું જરૂર પડી?'

'તું કહેવા શું માગે છે, ગાયત્રી?'

એ જ કે, એવું ન બની શકે કે કાકુની હત્યાનો પ્રયાસ કોઈ બહારની વ્યક્તિએ જ કર્યો હોય. આઈ મીન , કુમાર ઉપરાંત કોઈ બહારની વ્યક્તિ. કેમકે એક વાર કુમાર મકાનમાં સફળતાપૂર્વક દાખલ થઈ ગયો એ પછી એને કોઈને બેહોશ કરવાની જરૂર જ નહોતી.' ગાયત્રીએ વાત પૂરી કરી.

'ધેટ ઈઝ એ પોઇન્ટ...' કબીરે સૂર પુરાવ્યો.


'અરે ભ'ઈસાબ, અમે તો ક્યારનાય કહીએ છીએ કે અમે ખૂની નથી.' જતીનકુમાર બોલી ઊઠ્યાઃ

'અમને અમારી ખબર છે. આ બે દીકરાને અને સાસુમાને તમે પૂછી જુઓ. લાવ, હું જ પૂછી લઉં... ભાઈઓ, તમે પપ્પાનું ખૂન કરવાનો ઇરાદો સેવ્યો હોય, પણ સાચ્ચે એમના પર ગોળી છોડી છે?'

વિક્રમ અને કરણ ફટાક કરીને જતીનકુમાર તરફ ધસવા ઊભા થઈને ગયા, પણ કબીરે એમને અટકાવ્યા. જતીનકુમાર તરફ ફરીને કબીર બોલ્યોઃ

'જતીનકુમાર, હવે તમે એક પણ શબ્દ બોલશો તો હથિયાર ચોરવાના ગુના માટે તમને એરેસ્ટ કરાવી દઈશ.'

'ઓ.કે... ઓ.કે... ભૂલ થઈ, કબીરભાઈ...' જતીનકુમાર શિયાંવિયાં થઈને પોતાની જગ્યાએ બેસી ગયા. એ જ વખતે કબીરનો સેલ રણકવા માંડ્યો.




આમે છેડે કમિશનર રવિ શ્રીવાસ્તવ હતાઃ

'કબીર, તું હોસ્પિટલ પહોંચ. મારા માણસોએ જણાવ્યું છે કે કોઈએ જગમોહન પર ફરી હુમલો કરવાની કોશિશ કરી છે. !'

***

...હોસ્પિટલમાં કોઈએ જગમોહન પર ફરી હુમલો કરવાની કોશિશ કરી છે....!

એ ખબર કમિશનર રવિ શ્રીવાસ્તવને આપ્યા ત્યારે કબીર લાલ જેવા અનુભવી રિટાયર્ડ પોલીસ કમિશનરના મોઢામાંથી પણ 'હેં ...?' નીકળી ગયું . કમિશનરની તાકીદ મુજબ હોસ્પિટલ પહોંચવા કબીર દોડ્યો એની પાછળ અન્ય કુટુંબીજનોનું ધાડું દોડ્યું.

'ભ'ઈસાબ, તમે આમ દોડાદોડી શેના કરો છો? આ રીતે તો બધાને સહિયારો હાર્ટએટેક આવી જશે...' જતીનકુમારને હાંફ ચડી ગઈ હતી. ગાડીમાં વિક્રમ અને કરણની વચ્ચે ગોઠવાતાં એ બોલ્યા.

'અંકલ, વાત શું છે એ તો કહો...' વિક્રમે પૂછ્યું.

'વિક્રમ, રવિ શ્રીવાસ્તવનો ફોન હતો. હોસ્પિટલમાં કોઈએ જગમોહનને મારવાની કોશિશ કરી છે.'

'વ્હોટ?' બધા એકસાથે ચીસ પાડી ઊઠયા. ગાડીમાં ડ્રાઈવર જાદવ ઉપરાંત કબીર, વિક્રમ, કરણ અને જતીનકુમાર હતા. ગાયત્રી, પ્રભા, રેવતી અને પૂજાને ઘરમાં જ રહેવા માટે કહેવામાં આવ્યું હતું.

'જોયું... જોયું... ને, મિ. કબીર લાલ, હું તો ક્યારનો કહેતો હતો કે ખૂની કોઈ બહારની વ્યક્તિ છે. એક તમે છો જે ઘરની વ્યક્તિને ફાંસીને માંચડે લટકાવવા માગો છો.' જતીનકુમાર હાંફી ગયા હોવા છતાંય ખુશ જણાતા હતા.

'જતીનકુમાર, ઘરની વ્યક્તિ જો સંડોવાયેલી હોય તો એનો અર્થ એ નથી કે દરેક હુમલો એ પોતે જ કરે. કોઈ પણ ભાડૂતી મારાને રોકી એ હુમલો કરાવી શકે...' કબીરે દાંત ભીંસીને જવાબ આપ્યો.

'અહીં તો કંઈ બોલવું પાપ છે. ભગવાન આ માણસને બચાવે અને અમને આ માણસથી બચાવે...' જતીનકુમાર આસ્તેથી બોલ્યા.

'અંકલ,' વિક્રમ બોલ્યો, 'જય હોસ્પિટલમાં જ હશે. હું એને ફોન કરીને પૂછી જોઉં?'

'યસ, ગો અહેડ!' કબીરે પરવાનગી આપી. વિક્રમે જયને ફોન જોડ્યો.

'યસ, જિજાજી, હું તમને જ ટ્રાય કરતો હતો. અહીં કંઈક બન્યું હોય એવું લાગે છે. આ લોકો મને પપ્પાની કેબિનમાં જવા દેતા નથી.' જય અસહાય લાગતો હતો.

'જય, તું ત્યાં જ રહેજે કદાચ કોઈએ પપ્પા પર ફરી એટેક કરવાનો પ્રયાસ કર્યો છે. અમે ત્યાં જ પહોંચીએ છીએ.' વિક્રમે સૂચના આપીને લાઈન કાપી નાખી. જય સાથે થયેલી વાતચીત વિક્રમે કહી સંભળાવી.

'વિક્રમ, આ જય કેવો?' કબીરે સ્વાભાવિકતાથી પૂછ્યું.

'અંકલ, સીધો છોકરો છે... કામથી કામ, કોઈની વાતમાં પંચાત કરે નહીં કે ન માથું મારે...'

'કામથી કામ એ વાત સાચી પણ કામમાં જ્યારે મોટું નુકસાન થાય ત્યારે તો બીજાની જિંદગીમાં માથું મારવા આવી જાય...' જતીનકુમારે ટહુકો કર્યો.

'મને ખબર છે કે જયને પિસ્તાલીસ લાખની જરૂર છે કેમ કે એણે શેરબજારમાં નુકસાની વેઠવી પડી છે. હવે જો રુપિયા તાત્કાલિક ન મળ્યા તો દેવાળું ફૂંકવાનો વારો આવે... ખરું ને...' કબીરે જતીનકુમાર સામે આંખ મીંચકારીને કહ્યું.

'તમારી ઈન્ફોર્મેશન સાચી, પણ તમને એ ખબર છે કે જયના પિતાએ પણ હજી છ મહિના પહેલાં જ નુકસાની કરી હતી અને ત્યારે પણ મારા દિલાવર શ્વસુરે જ એમને બચાવ્યા હતા...' જતીનકુમારે પણ સામે આંખ મીંચકારી.

'ઓહ, એ વાતની મને નહોતી ખબર... વિક્રમ, શું આ વાત સાચી છે?' કબીરે વિક્રમની ઊલટતપાસ શરુ કરી.

'હા, અંકલ, મારા સસરા વિનાયકભાઈએ પપ્પા પાસેથી રુપિયા ઉધાર લીધા હતા એ વાત મને પપ્પાએ કરી હતી, પણ એ કેટલી રકમ હતી એ વિશે પપ્પાએ કોઈ ફોડ પાડ્યો નહોતો.' જતીનકુમાર સામે વિક્રમ આગઝરતી આંખે જોઈ રહ્યો.

'આમ કોપાયમાન ન થાઓ પ્રભુ, મારે પોલીસને બધી માહિતી તો આપવી જ જોઈએ ને...' વિક્રમના ખભા પર હાથ જતીનકુમારે રાખવાનો પ્રયાસ કર્યો પણ વિક્રમે ગુસ્સાથી એમના હાથને ખસેડી દીધો.

કરણથી રહેવાયું નહીં: 'જમાઈબાબુ, આપણે હોસ્પિટલ આવે ત્યાં સુધી ચૂપચાપ બેસીએ તો કેવું રહેશે?'

(ક્રમશઃ) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ઢગ | જુસ્સો |
| વગ | પછી |
| મગ | વાદળા |
| નગ | નાટ્યપ્રકાર |
| રગ | રત્ન |

### ઓળખાણ પડી?



દરિયાઈ પ્રાણીમાં કયો નર માદાએ મૂકેલા ઇંડાની સાચવણીની જવાબદારી એમાંથી બચ્ચા ઉત્પન્ન થાય ત્યાં સુધી નિભાવે છે એની ઓળખાણ પડી?

અ) WALRUS બ) SEA ANEMONE ક) HYDRA ડ) SEA HORSE

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ટ | ગ | ૨ ર | ટ | ૩ ગ | ર | ■ | ૪ આ | બા | ૫ દ |
| પા | ■ | ચી | ■ | ર | ■ | ૬ હાં | ફ | ■ | કિ |
| ૭ લ | ૮ ચી | લું | ■ | મ | ■ | ૯ ફ | રો | ■ | યા |
| ૧૦ પે | લા | ■ | ૧૧ પ | ર | વા | ળા | ■ | ૧૨ બા | નૂ |
| ટી | ■ | ૧૩ જ | ગા | ■ | ■ | ૧૪ ફાં | ૧૫ દ | ■ | સી |
| ■ | ૧૬ આ | ક | ર | ■ | ૧૭ સ | ફ | ળ | ૧૮ તા | ■ |
| ૧૯ હોં | શ | ■ | ૨૦ દા | ૨૧ સ | ■ | ળા | ■ | ૨૨ જ | ૨૩ ત |
| સા | ■ | ૨૪ હ | ર | ફ | ર | ■ | ૨૫ ક | ■ | ડા |
| તૂ | ■ | રે | ■ | ર | ■ | ૨૬ ભા | સ | ■ | મા |
| ૨૭ સી | માં | ક | ન | ■ | ૨૮ સ | ર | બ | સ | ર |

### શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ | | ૭ |
| ૮ | | ■ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | ■ | |
| ૧૨ | | ■ | ■ | | ■ | ૧૩ | | | |
| | ■ | ૧૪ | | | ૧૫ | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | |
| ■ | ૧૯ | | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ■ |
| ૨૩ | | | | ■ | ૨૪ | ■ | | | ૨૫ |
| ૨૬ | | ■ | ૨૭ | | | ૨૮ | | ■ | |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | ■ | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. સહજ, કુદરતી (૪)
૪. ફેરફાર, બદલાવ (૫)
૮. ઝેર (૨)
૯. ધીરજ (૨)
૧૧. --- બંધી એટલે જૂથબંધી (૨)
૧૨. પિતા (૨)
૧૩. જોરવાળું (૪)
૧૪. નાટકના વસ્તુનું સૂચન કરતો ભાગ (૪)
૧૬. મશ્કરી, મજાક (૩)
૧૮. એક શાક (૨)
૧૯. આર્યોનું રહેઠાણ (૪)
૨૧. દયા, કૃપા (૩)
૨૩. એક પ્રસિદ્ધ વિષ્ણુભક્ત (૪)
૨૬. શ્રેષ્ઠ (૨)
૨૭. નગરમાં રહેનાર (૫)
૨૯. જમાલભાઈનો જુદો --- (૨)
૩૦. ભાત સાથે ખાવા જોઈએ (૨)
૩૧. જલસા (૨)
૩૨. તોફાનો (૪)
૩૩. આરસમાં કોતરાયેલું કાવ્ય (૫)

**ઊભી ચાવી**

૧. સ્વાગત કમિટીના પ્રમુખ (૫)
૨. મેરા --- મહાન (૩)
૩. સત્વ, સાર (૨)
૫. પરંપરાઓ, રૂઢિઓ (૩)
૬. દાસી, નોકરડી (૪)
૭. જાદુથી લોકોને ભૂલાવામાં નાખવા તે (૫)
૧૦. સૂર્યોદય સમયનું મુહૂર્ત (૫)
૧૪. અંતરની વાત જાણનાર (૪)
૧૫. ઘાસ (૨)
૧૭. દોરી (૨)
૧૮. પૂંછડી (૨)
૧૯. તાવ, બીમારી (૩)
૨૦. કિરણના વળવાનો (વલન) ખૂણો (૫)
૨૨. શયતાન, રાક્ષસ (૩)
૨૩. પ્રસંગ (૪)
૨૪. કર ભરનાર (૪)
૨૫. જાદુઈ માયા (૪)
૨૮. માછલી, પાણીમાં જન્મનાર (૩)
૨૯. ભાત રાંધવા --- જોઈએ (૨)
૩૧. મોટું, મહાન (૨)

### ગુજરાત મોરી મોરી રે

પુરુષના એકમાત્ર સગા ભાભીના સસરાની દોહિત્રીનો પિતા પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) બનેવી ક) જમાઈ ડ) બનેવી

### જાણવા જેવું

એટલાંટિક મહાસાગર સૌથી વધારે ખારો પુરવાર થયો છે. રાતા સમુદ્રનો અમુક ભાગ એટલાંટિકના કરતાં યે વધુ ખારો છે. પાણી ઉપરથી ખારાશ નક્કી કરી શકાય છે. પૃથ્વીની મોટી મોટી નદીઓ પણ જમીનના કરતાંય દરિયામાં વધુ વહે છે એને લઈને તો દરિયાનું જળ બંધિયાર પાણી જેવું બનતું નથી અને એથી જ દરિયો સડતો નથી.

### સુડોકુ-૭૦૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | | | | | ૫ | |
| ૨ | | | | ૫ | | | | ૬ |
| | ૯ | ૫ | ૩ | | ૭ | | ૨ | |
| | ૨ | ૪ | ૯ | | | | ૧ | |
| ૭ | ૬ | | | | | | ૮ | ૯ |
| | ૩ | | | | ૬ | ૨ | ૭ | |
| | ૪ | | ૮ | | ૨ | ૫ | ૬ | |
| ૩ | | | | ૪ | | | | ૨ |
| | ૭ | | | | | ૩ | ૪ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૭ | ૩ | ૯ | ૧ |
| ૪ | ૩ | ૧ | ૯ | ૨ | ૮ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૨ | ૮ | ૪ |
| ૧ | ૪ | ૨ | ૭ | ૬ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૮ | ૬ | ૭ | ૩ | ૪ | ૯ | ૧ | ૨ | ૫ |
| ૩ | ૫ | ૯ | ૨ | ૮ | ૧ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૮ | ૯ | ૨ | ૭ | ૪ | ૩ |
| ૯ | ૮ | ૩ | ૧ | ૭ | ૪ | ૬ | ૫ | ૨ |
| ૨ | ૭ | ૪ | ૫ | ૩ | ૬ | ૮ | ૧ | ૯ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક જંગલી પ્રાણી સંતાઈને બેઠું છે એ શોધી કાઢો. ઘણા મહિનાથી ઘર અવાવરુ પડ્યું હોવાથી સફાઈ કરાવવી પડશે.

### નોંધી રાખો

માનવી ભીંતની તિરાડ તો માટીથી સાંધી શકીને ઉકેલ મેળવી શકે છે, પણ અંતરમાં ઘા પડ્યા પછી માંહ્યલાને કઈ રીતે સાંધવો એ નથી જાણતો.

### માઈન્ડ ગેમ

પ્રાણીજગતમાં સામાન્યપણે માદા કરતા નરનું કદ મોટું હોય છે, પણ આપેલા વિકલ્પમાં કયા પ્રાણીમાં માદા નર કરતા વધુ મોટી હોય છે?

અ) ડોલ્ફિન ૨) કાચબો ૩) બ્લુ વ્હેલ ૪) શિયાળ

### ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| पावसाळा | ચોમાસુ |
| पाषाण | પથ્થર |
| पाहणी | અવલોકન |
| पाहुणा | મહેમાન |
| पाळत | ગુપ્ત દેખરેખ |

**ગુજરાત મોરી મોરી રે**
ભત્રીજો

**ઓળખાણ પડી?**
લાવણી નૃત્ય

**માઈન્ડ ગેમ**
૧,૮૬,૦૦૦ માઈલ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
છલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) ભારતી બુચ (૩) નીતા દેસાઈ (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) લજિતા ખોના (૧૩) અશોક સંઘવી (૧૪) મુલરાજ કપૂર (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) નુતન વિપીન (૨૨) સુરેખા દેસાઈ (૨૩) ભાવના કર્વે (૨૪) રજનીકાંત પટવા (૨૫) સુનીતા પટવા (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) મહેશ દોશી (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) રમેશ દલાલ (૩૪) હિના દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) પ્રવીણ વોરા (૩૭) પુષ્પા ખોના (૩૮) મીના ભગત (૩૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) મહેન્દ્ર લોઢાવિયા (૪૩) મનીષા શેઠ (૪૪) ફાલ્ગુની શેઠ (૪૫) અરવિંદ કામદાર (૪૬) કિશોર બી. સંઘરાજકા (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) મહેશ સંઘવી (૪૯) નીતા દેસાઈ

ફેશન
ખુશ્બુ મૃણાલી ઠક્કર
feedback.ladki@
bombaysamachar.com

# શરારા કે ઘરારા



શરારા અને ઘરારા એ બહુ જૂના નામ છે. અને ઘણી મહિલાઓ કે યુવતીઓને આ બન્ને નામમાં કન્ફયુઝ પણ એટલી જ થાય છે. મોટા ભાગની મહિલા પોતાના લુકને લઈને ખૂબ જ સજાગ હોય છે. શરારા અને ઘરારા એ બન્ને જુદા જુદા આઉટફિટ છે. બન્ને ને અલગ અલગ રીતે પહેરવામાં આવે છે. ચાલો જાણીયે શરારા અને ઘરારા શું છે અને કોને કઈ રીતે પેહરી શકાય.

શરારા – શરારા એ એક ફેશનેબલ વસ્ત્ર છે અને તે ત્રણ ભાગોમાં વહેંચાયેલું હોય છે. એટલે કે, શરારામાં પેન્ટ પહેરવાનું હોય છે જે ખૂબ જ ઘેરવાળું હોય છે. જે દૂરથી એમ લાગે કે સ્કર્ટ કે ઘાઘરો પેહર્યો છે. શરારા સાથે ખાસ કરીને લાંબી કુર્તી અથવા શોર્ટ કુર્તી પહેરવાંમાં આવે છે અને આ આઉટફિટ સાથે મેચિંગ દુપટ્ટો પહેરવામાં આવે છે.

ઘરારા – ઘરારા એટલે જેમાં બોટમમાં પેન્ટ પહેરવાનું હોય કે જે, ની ની ઉપર સુધી ફીટીંગમાં હોય છે. અને પછી નીચે ફ્લેર હોય છે. ઘરારા એ મુગલોના ટાઇમનો ડ્રેસ છે. ઘરારામાં સાથે ખાસ કરીને શોર્ટ કુર્તી જ પહેરવામાં આવે છે. જેથી કરી બોટમની ડિઝાઇન દેખાય. ઘરારામાં ની પાસે જે સ્ટિચિંગ હોય છે તેને હાઈલાઈટ કરવામાં આવે છે. અને ની પછી જે ફ્લેર હોય છે તેની હેમલાઇન પણ હાઈલાઈટ કરવામાં આવે છે. જે એક પેટર્ન તરીકે જ દેખાય છે.

શરારા મોટીવયની મહિલાઓને વધારે સારા લાગશે. શરારા પેહર્યા પછી ઓવરઓલ સ્કર્ટ કે ઘાઘરાનો લુક આવે છે. શરારા એક ફેસ્ટિવ લુક આપે છે અને પેહર્યા પછી એક ગ્રેસફુલ લુક આવે છે. તમારા બોડીને આધારે તમે કુર્તીના લેન્થની પસંદગી કરી શકો. જેમકે જો તમારું શરીર ભરેલું હોય એટલે કે, જો પેટ અને કમરનો ભાગ વધારે હોય તો તમે લોન્ગ કુર્તી પેહરી શકો જેથી કરી તમારા પેટ અને કમરનો ભાગ કવર થઇ જાય. જો તમારું શરીર સુડોળ હોય અને એ તમે જો શરારા પહેરવાં માંગતા હોવ તો, તમે શરારા સાથે શોર્ટ કુર્તી પેહરી શકો. શોર્ટ કુર્તીમાં ઘણી જુદી જુદી સ્ટાઇલ પેહરી શકાય જેમકે, યોક વાળી, કળી વાળી, ફ્લેર કે પછી એ- લાઈન. પ્રસંગને અનુરૂપ તેમ જ તમારા બોડીને અનુરૂપ તમે કુર્તીના સ્ટાઈલની પસંદગી કરી શકો. શરારા ઓવર ઓલ એક જ કલરમાં હશે તો હાઈટ વધારે લાગશે અને જો કોન્ટ્રેસ્ટ કલરમાં હશે તો તમારી હાઈટ બ્રેક થશે. જેથી કરી કલર કોમ્બીનેશન સિલેક્ટ કરતી ખાસ ધ્યાન રાખવું. શરારામાં દુપટ્ટો કઈ રીતે પહેરવો એ તમારી આગવી ફેશન સુજ માગી લે છે. શરારા સાથે બધી જ ટાઈપના દુપટ્ટા સારા લાગે છે. પ્રસંગને અને તમારા કમ્ફર્ટ ને આધારે તમે દુપટ્ટાની પસંદગી કરી શકો.

ઘરારા યન્ગ યુવતીઓ પહેરવાનું વધારે પસંદ કરે છે અને જો મિડલ એજ મહિલા ઘરારા પેહરે તો થોડો યન્ગ લુક આવે છે. યુવતીઓ ખાસ કરીને ઘરારા લગ્નના સંગીતમાં કે પછી મહેંદી ફંકશનમાં પહેરવાનું પ્રિફર કરે છે. ઘરારા ટ્રેન્ડી અને સ્ટાઇલાઇડસ ની સાથે ટ્રેડિશનલ લુક પણ આપે છે.

ઘરારામાં બોટમ ની સુધી ટાઈટ હોય છે અને પછી ફ્લેર હોય છે તેથી કુર્તીમાં તમે કોઈ પણ પેટર્ન પેહરી શકો. શર્ત માત્ર એટલી જ કે કુર્તીની લેન્થ શોર્ટ હોવી જોઈએ એટલે કે, ની ની ઉપર હોવી જોઈએ. જો તમારું શરીર સુડોળ હોય તો, તમે ફ્લેરી કુર્તી પણ પેહરી શકો. અથવા યોક વાળી કુર્તી કે જેમાં યોક પછી ફ્લેર આપવામાં આવે. વધારે ટ્રેન્ડી લુક માટે સ્ટ્રેપ વાળી કુર્તી કે પછી વન સાઈડ શોલ્ડર વાળી કુર્તી પણ પેહરી શકાય. ઘરારા મોટે ભાગે ફ્લોઈ ફેબ્રિકમાં બનાવવામાં આવે છે. ઘરારામાં ખાસ કરીને ફ્લોઈ દુપટ્ટા પહેરવા જેથી કરી ડ્રેસના ફેબ્રિક સાથે મેચ થઇ શકે. પ્રસંગને અનુરૂપ ઘરારા સાથે હાઈ મેસી બન, ઓપન હેર કે ટાઇડ અપ હેર કરી શકો.

હળવે હૈયે
નીતિન દેસાઈ
feedback.ladki@
bombaysamachar.com

# સંવત ૨૦૮૧ની ખટપટ વગરની નટખટ ભવિષ્યવાણી...



## - જ્યોતિષાચાર્ય સત્યચન્દ્ર જુઠ્ઠાપ્રસાદ

(લાગતા-વળગતાને ખાસ જણાવવાનું કે આગામી નવા વર્ષનો આ વરતારો અમે સમજી-વિચારીને થોડો એડવાન્સમાં આપી રહ્યા છે,જેથી અન્ય ભવિષ્યવેત્તાઓ એના આધારે બેસતા વર્ષે એના ઊતારા- વધારા કરીને એમના વર્તારા જાહેર કરી શકે સૂચન સમાપ્ત જય હો)

----

વરસના પ્રારંભે ગ્રહો જાતકને જોઈ રહ્યા છે અને જાતક ગ્રહોને. આ બંનેની વચ્ચે ઊભા ઊભા અમે આવનારાં નૂતન વર્ષની ભવિષ્યવાણી ભાખીએ છીએ.

**તાજા જન્મેલાં બાળકોનું ભાવિ :**

કુંડળી જોતાં જણાય છે કે તાજાં જન્મેલાં કેટલાક શિશુઓનાં નસીબમાં ઓરિજનલ અશ્રુયોગ ન હોવાથી એની આંખમાં ગ્લિસરીનનાં ટીપાઓ નાખી વાલીઓએ હાસ્યનું મોહરું પહેરી હસવું પડશે. શિશુઓ ઘૂઘરાને બદલે મોબાઈલના ઘૂઘરા ટોનથી રમશે. ગ્રહદશા જોતાં લાગે છે કે ભૂલકાઓનાં કાનની દશા કાચા કાનની થઈ જાય તો નવાઈ નહીં !

**વિદ્યાર્થીઓનું ભવિષ્ય :**

ગ્રહો ભારે હોવાથી વિદ્યાર્થીઓના દફતર ભારે અને ખભા નાના રહેશે. જ્યોતિષાચાર્ય કહે છે કે મધ્યમ વર્ગનાં વાલીઓએ કિશોરોને ભણાવવાં લોનનાં ડુંગરા ચઢવાં પડશે. અહીં ખાસ ધ્યાન રાખવું કે લોનનાં ડુંગરા ચઢ્યાં પછી ત્યાં દેવાનાં ખાડા ન ખોદાય જાય..

યુવાનોનું ભવિષ્ય :

ગ્રહોની ભટકતી દશા અને દિશા દેખી યુવાનો પ્રેમમાં પડીને ગબડી જવાથી મગજમાં ડિપ્રેશન નામનું ફ્રેક્ચર થવાનાં યોગ દેખાય છે.

**પ્રેમીઓ માટે જ્યોતિષાચાર્યનો વિશેષ સંદેશ :**

પ્રેમિકા એમ કહે કે આકાશમાંથી મારાં માટે ચાંદ લઇ આવો ત્યારે આભમાં જોઈ લેવું અમાસ તો નથી ને? ચાંદ લેવા જશો તો તમને નાહકનો લાંબો ધક્કો થશે !

એજ રીતે, મુગ્ધા અવસ્થામાં પ્રેમમાં પડતી કન્યાઓએ સમજી લેવું કે પ્રેમ આંધળો છે અને લગ્ન આંખ ઉઘાડે છે. માટે પ્રેમ કરવો પણ આંખ ખુલ્લી રાખીને નહીંતર ડાયરેક્ટ મોતિયા ઊતરાવાનાં પણ એંધાણ અમને જણાય છે. લગ્ન કરવા ઉત્સુક કન્યા- મુરતિયાઓનું ભવિષ્ય :

આ વર્ષે લગ્નનું પ્રમાણ વધશે પણ એનાં કરતાં છૂટાછેડાનું પ્રમાણ વધુ વકરે એવી સંભાવના છે. કેટલાક મુરતિયાઓ બે વાર અને કેટલીક કન્યા લગ્ન પહેલાં જ છૂટાછેડા લઈ લે તો ગ્રહોને પણ આશ્ચર્ય નહિ થાય !

‘તમે મારા ! તું મારી!! ’ અને લગ્ન પછી છૂટા હાથે મારા મારી થવાનાં સંજોગ છે .અહીં જાતકોએ લગ્નનો અર્થ સમજવો જરૂરી છે .. એકબીજા સાથે (લ)લડી, (ગ)ગબડી (ન)નડીને નહીં જીવે એનું લગ્ન જીવન (લ) લાગણીથી, (ગ )ગરિમાથી અને (ન) નમ્રતાથી પસાર થશે.



**સાસુ- વહુનું ભવિષ્યઃ**

આ વિષય પર જ્યોતિષાચાર્ય મૌન રહેશે (સ્વયં ઘરમાં સાસુ -વહુની વચ્ચે અટવાયેલા છે) ગ્રહ ભલે મેષનો હોય પણ સાસુ - વહુમાં કલેશ ન હોય તો આનંદ હંમેશનો હોય..

**પરચૂરણ ભવિષ્યઃ**

રિક્ષાવાળાઓની કુંડળીમાં ના કહેવાના યોગ વધારે છે. સતત ના સાંભળી કેટલાક પ્રવાસીઓ આવેશમાં પોતે જ રિક્ષા વસાવી લેશે. કુંડળીનાં કુંડાળામાં જોતાં હીરોને વાળનું, વિલનને ટાલનું , નેતાને વોટનું, ગરીબને લોટનું, વેપારીને ખોટનું, સહુ કોઈને નોટનું ટેન્શન રહેશે.

કાર ખરીદનારને પાર્કિંગ પ્રશ્ન રાહુની દશાની જેમ સતાવશે અને કેતુ સામો થયો તો કાર માલિકને પાર્કિંગ નહીં જ મળે ! કારમાં સંસાર માંડવો પડે તો નવાઈ નહીં...!

કાચી કેરીવાળા કાચાલાલની સાચી આગાહીઓ ખોટી અને ખોટી આગાહીઓ વધુ ખોટી પડશે. સોનાના ભાવ વચ્ચે પણ સત્ય સાચું સોનું છે એ વાતનું મૂલ્ય ઘટશે. મોંઘવારી વધશે મોટાં મોટાં બિલોથી ડરી સહુ બિલ્ડર બની જશે. પ્લાસ્ટિકનો મહિમા વધશે. પ્લાસ્ટિક સર્જરી, પ્લાસ્ટિક ફૂલ અને પ્લાસ્ટિક સ્માઈલ ઠેર ઠેર ડુપ્લિકેટ સુગંધ ફેલાવશે.

બાકી સર્વ જાતકનું ભવિષ્ય ગ્રહો ઉપર અને ગ્રહોનું ભવિષ્ય જાતક પર નિર્ભર છે. ગ્રહોએ પોતાની શાંતિ માટે માણસના જાપ કરાવવા પડે તો નવાઈ નહીં. ■

# તમારું સુગર લેવલ બરાબર છે ને?

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

‘આ તમારા લીધે જ મને પણ આવી...’ સરલાબહેન તાડૂક્યાં.

‘પણ મારે લીધે કઈ આફત આવી પડી એ તો કહે.’

‘એક હોય તો કહું. તમારે લીધે વિચારી વિચારીને ખાવાનું. આ ખાશો તો આમ થશે, ને તેમ ખાશો તો તેમ... મેં તો ડૉક્ટરને કહી જ દીધું કે હું તો બધું જ ખાવાની છું. તો ડૉક્ટર બોલ્યા, સારું બેન. તો તો તમારે દર અઠવાડિયે મને સેવાનો મોકો આપવો પડશે. મારું તો સૂત્ર છે જ, દર્દી દેવો ભવ! ’

‘હવે ઊભરો શાંત થયો હોય, તો તમારા રોગનું નામ બતાવશો , શ્રીમતીજી?’

‘તમને જે મધુપ્રમેહ નામનો રોગ છે, તે રામ જાણે કઈ રીતે મારામાં પ્રવેશી ગયો! બાકી તમને તો ખબર છે, હું ક્યાં વધારે મીઠાઈ કે પછી ખાંડ-ગોળનો ઉપયોગ કરું છું.’

‘સુગર આવી એનો અર્થ એ થયો કે તમે છાનામાનાં પણ મીઠાઈ તેમ જ એકદમ ગળી ચા પીતાં જ હશો. અને હા, આ કંઈ એકબીજાના સ્પર્શથી થતો રોગ નથી કે મારો ચેપ તને લાગ્યો હોય. બની શકે કે તારા જ ખાનદાનમાં કોઈકને મધુપ્રમેહ નામનો રોગ હશે અને એ તને વારસાગત મળ્યો. એમાં તું મારા ઉપર શા માટે શંકા કરે છે? એ તો ક્યાં તમારાં કર્મનું ફળ, ક્યાં વારસાગત પૂર્વજો એ આપેલ ફળ છે. જે પ્રિયે, હવે હસતાં હસતાં સ્વીકારીને હવે પછી ફળફળાદિ, શીરા-પૂરી, રસ-રોટલી, દૂધપાક-બાસુંદીના સબડકા મારવા બંધ અને મને મોળી ચા આપીને છાનામાનાં પોતાના કપમાં બે ચમચા ખાંડ નાખવાનું પણ બંધ! નિયમિત ચાલવાનું શરૂ, સવારે કડવાટ લેવાનો ચાલુ. અને હા, ડૉક્ટર પાસે જાય, ત્યારે બ્લડપ્રેશર પણ મપાવી જ આવજે, કારણ કે આજકાલ તું કૂકર ફાટે એમ ગુસ્સો કરે છે. એટલે મને શંકા છે જ કે મને સુગર સાથે ફ્રીમાં પ્રેશર નામનો રોગ પ્રભુકૃપાથી મળ્યો છે, તે તને પણ મળ્યો લાગે છે.’



‘હા, હા, તમે તો ઇચ્છો જ છો કે સુગર સાથે મને પ્રેશર પણ આવી જ જાય, નહીંતર તમે પ્રેશર મપાવવાનું નહીં કહો. કોઈ સારો પતિ હોય તો પત્નીને નવો નવો રોગ આવ્યો હોય, તો આશ્વાસન આપે. આમ તમારી જેમ પહેલે જ દિવસે ભાષણ આપીને બીવડાવે નહીં. કોઈ સારો પતિ હોય તો આમ કહેઃ ‘કંઈ વાંધો નહીં. ગભરાઈશ નહીં. એ તો કાળજી રાખશે, એટલે સારું થઈ જશે. હું છું પછી તારે શું ચિંતા? એમ કહે.’

‘પણ પ્રિયે, આ રાજરોગ છે. એ કદી સારો થતો જ નથી. એ તો સ્વીકારવો જ પડે.’

‘ડૉક્ટર સાથે તમારે કોઈ સાઠગાંઠ થઈ લાગે છે. મૂઓ ડૉક્ટર ઢબુવાલા, ઢબ્બુના ઢ જેવો...

એ પણ કહેતો હતો કે આ તો રાજરોગ છે...

હવે ખબર પડશે તમને, કે મીઠું કેમ ખવાય!

‘અને હા, બરાબર કાન ખોલીને સાંભળી લો. જો મને પ્રેશર જેવું કંઈ નીકળ્યું, તો નક્કી તમારી મીલીભગત છે, એમ માની જ લેવા. અને હું તમે બંને કહેશો, એનાથી વિરુદ્ધ જ કરીશ. સમજ્યા?’

સમીરભાઈ ઊભા થતાં બોલ્યા :

‘હું ચાલવા જાઉં છું. દુકાનેથી કશું લાવવાનું હોય તો કહે અને હવે શાંતિ રાખ. જીવનને અને રોગને, બંનેને થોડા હળવાશથી લેવાના. સમજી? ગાંડી... !’

‘હા, તે હવે અમારાં શરીરમાં રોગ આવ્યો, એટલે અમને તમે ગાંડામાં ખપાવી દીધી... હેં... તે તમને કેટલાં વર્ષથી જાતજાતનાં રોગ ને માંદગી આવ-જા કરે છે, તે અમે કંઈ તમને કીધું? મેં તમારા પૂર્વજોના વારસાગત રોગ ઉપર કોઈ ટિપ્પણી કરી? તમને રોગ ઉપર ખરાં-ખોટાં પ્રવચન આપ્યાં? તમને મીઠાઈઓ કે ફરસાણમાં કોઈ કાપ મૂકવા કહ્યું? નિવૃત્તિ બાદ ચોવીસ કલાક માથા પર બેસીને તમે વારંવાર મને પૂછ્યું કે, ‘હવે હું શું કરું? હવે હું શું કરું?’ એનો કોઈ વાંકોચૂંકો જવાબ મેં આપ્યો? ના... ના... મેં તમને તમારી સુગર વધઘટ પ્રક્રિયા ઉપર કોઈ ચર્ચા કરી પરેશાન કર્યા?

‘તારી સાથે તો વાત કરવી જ બેકાર છે. વાતનું વતેસર કરતાં તો કોઈ તારી પાસેથી શીખે!’ એમ કહીને સમીરભાઈ પૂંઠ ફેરવીને જવા લાગ્યા, કે પાછળથી ફરી વાકપ્રહાર શરૂ થયો :

‘હા... હા... અમને રોગ શું નીકળ્યો, કે ભાઈ પૂંઠ ફેરવીને ઘરની બહાર નીકળવા લાગ્યા... અને હવે અમારી વાત પણ તમને સાવ ફાલતુ લાગવા લાગી. હા, ભાઈ... એ તો જે ભોગવે, તે જ જાણે... બાકીનાએ તમાશો જ જોવાનો છે. અરે! આ ઉપરવાળો પણ જાણતો હતો કે આ પૃથ્વી ઉપર દુઃખો સહન કરવા અને ગધેડાની જેમ કામ વેંઢારવા માટે તો સ્ત્રીઓ જ ચાલશે... એટલે જેટલા ભારેખમ બોજા હતા, તે બધા સ્ત્રીઓના ખભે નાખી દીધા. પછી છો ને સ્ત્રીઓ પેલા બળદિયાની જેમ આખો દિવસ ઘાંચીના બળદની જેમ ગોળ ગોળ, જાતજાતની ઉપાધિ લઈને ધૂંસરીએ બંધાઈને ફેરા ફરતી રહે.’

‘તું વાતને ક્યાંથી ક્યાં લઈ જાય છે મારી મા...! હવે તો તું મને છોડ. નક્કી તારી સુગર અને પ્રેશર જ એકદમ વધી ગયાં લાગે છે.’

આટલું બોલતામાં તો સરલાબહેન ઊભા થઈને સમીરભાઈની આગળ જઈ, એમનો રસ્તો રોકતાં ચિલ્લાયાંઃ

‘ખબરદાર! તમે મારી વાત સાંભળ્યા વગર ઘરની બહાર ગયા તો! તમને તમારાં બા-બાપુના સમ છે.’

(મરી ગયા! ઘરની અંદર તો કેમ રહેવાશે? અને પાછી સમ પણ મારાં જ બા- બાપુના ખાય છે. રામ જાણે! કઈ માટીની બનેલી છે! આ પણ એક વારસાગત રોગ જ લાગે છે કે શું?)

‘જોયું? જોયું? પહેલાં બહેન કહેતા થયા, પછી મા કહેતા થઈ ગયા... અને પછી મને છંછેડીને બહાર નીકળી જવું, એ શું બતાવે છે? કહો જોઈએ? પાછા ઉપરથી કહો છો કે સુગર ને પ્રેશર વધી ગયાં લાગે છે! તે તમને માપ્યા વિના જ ક્યાંથી ખબર કે મારાં સુગર પ્રેશર વધ્યાં છે? મને તો લાગે છે કે આમ ઉશ્કેરી ઉશ્કેરીને તમે મને હૉસ્પિટલ ભેગી કરવા માગો છો... એટલે તમારે તો બલા ટળી! પછી એ... તમારે ખાઈ-પીને ફરવા... ચરવા નીકળી પડવાનું બજારમાં’

અંદર આવીને સુગરની દવા આપતાં સમીરભાઈ બોલ્યા : ‘સરલા, આ દવા પાણી સાથે લઈ લે. સવારનો ડોઝ પીવાનો રહી ગયો લાગે છે.’

‘જોયું? જોયું? વધારાનો ડોઝ પીવડાવી મારું સુગર લેવલ એકદમ ઓછું કરાવીને, મારા રામ બોલો ભાઈ રામવાળું તો વિચાર્યું નથી ને?

‘બતાવ. સવારે તેં કઈ ગોળી લીધી હતી? ’ સમીરભાઈએ પૂછ્યું.

‘જુઓ, આ ડબ્બામાંથી લીધી હતી.’

‘ગાંડી, એ ડબ્બામાં તો કેલ્શિયમની દવા છે. વાંચ. ચશ્માં તો તેં સવારથી પહેર્યાં નથી. એટલે આ માથાકૂટ છે.’

‘હવે શું થશે?’

‘સરલા, હવે તારાં હાડકાં મજબૂત થશે, ને... મારાં હાડકાં હવે ખોખરાં થશે. બીજું શું!’ ■

# પુરુષ



## આતશબાજીના ઝગમગાટમાં કોડિયાની કદર કરવી ન ભૂલતા...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

કોઈના માટે જીવવું અને કોઈની સાથે જીવવું એ બંને વાતમાં ફેર છે. કોઈના માટે જીવતો માણસ હંમેશાં બીજાને કે સામેના માણસને સમર્પિત હોય છે, પરંતુ કોઈની સાથે જીવવું એ કોઈ કરાર જેવું હોય છે. એમાં માત્ર નિભાવી લેવાનું હોય. ક્યાં તો સંબંધને, ક્યાં તો વ્યક્તિને અથવા તો જીવનને! જોકે કોઈ પણ સંબંધમાં નિભાવી લેવાની આ ઘટના કંઈ અમસ્તી નથી શરૂ થતી. એ ઘટનામાં પણ ક્યારેક કોઈક તો સામેના માણસ માટે જીવી લેવાની ખેવના રાખતું જ હોય છે, પરંતુ ઘણા બધા કિસ્સામાં એવું બને છે કે સામેના માણસના માટે જીવી લેવાનો પ્રયત્ન કરતો હોવા છતાં ય સામેનો માણસ એની કદર નથી કરતો અને એટલે જ ધીમે ધીમે એ બીજો માણસ પણ 'માટે જીવવાની' વ્યાખ્યાઓમાંથી બહાર આવીને 'સાથે જીવવાની' વ્યાખ્યામાં જીવતો થઈ જાય છે.

જોકે આ આખી વાતમાં કદર અત્યંત મહત્ત્વની બાબત છે. ખાસ તો એફર્ટ્સની-પ્રયાસની કદર. કોઈ પણ સંબંધમાં રોજરોજ કંઈ અપ્રતીમ ઘટનાઓ નથી બનતી. એવી ઘટના વર્ષમાં એકાદ-બે વાર જ બને. બાકીનો સમય એ બન્ને પ્રેમપૂર્વક એકબીજાને સમજીને અને એકબીજાને આપેલાં નાનાં નાનાં યોગદાનની કદર કરીને જીવવાનું હોય છે, પરંતુ અનેક કિસ્સામાં બને છે કે કોઈ એક પાત્ર સતત એવું ઝંખે છે કે સંબંધમાં રોજેબરોજ , ક્ષણેક્ષણ બધુ ભવ્ય હોવું જોઈએ. આના કારણે એ પાત્ર બીજા પાત્રના નાનાં પ્રયાસને ક્યારેય ગણકારતું નથી. એને મન એમ જ હોય છે એમાં શું તોપ ફોડી ?

રોજ થોડા કંઈ આઈ-ફોન લઈ દેવાય? રોજ થોડા કંઈ ડિઝાનર્સ ડ્રેસ ભેટ અપાય કે રોજ થોડા કંઈ ડિનર ડેટ પર જવાય? અને શું આવું કરો તો જ સામેના પાત્રનું મૂલ્ય નક્કી થાય ? જો એવું કશું ન પણ થાય તો આપણું પાત્ર મહત્ત્વનું નહીં?

બીજા શબ્દોમાં ભવ્યતાની આવી અપેક્ષાની વૃત્તિ માણસની અંદર અસંતોષ પેદા કરે છે ને ત્યાર પછી એ અસંતોષ માણસને બીજા સાથેની સરખામણી તરફ દોરી જાય છે અને એ સરખામણીની દૃષ્ટિએ પણ પોતાનું પાત્ર કે એનાં એફર્ટ્સ ક્ષુલ્લક લાગવા માંડે છે અને એટલે જ સામેના પાત્રના દરેક પ્રયત્ન વખતે એમાં શું તોપ ફોડી?' જેવા લાગતા હોય છે ને આમ ને આમ કેટલાય સંબંધોનું અકાળ અવસાન થઈ જતું હોય છે. અને પછી એ બન્ને માત્ર જીવવા ખાતર, સમાજને ખાતર કે સંતાનોને ખાતર એકબીજાં સાથે જીવી લેતાં હોય છે. અહીં, એવું ય નથી હોતું કે આવા સંબંધમાં બંને પાત્રોને બાપે માર્યા વેર હોય. સંતાન કે માતા-પિતા સાથે સામાજિક પ્રસંગ એકબીજાની સાથે સારી રીતે માણતા પણ હોય છે. હા, જ્યારે પર્સનલ સ્પેશની વાત આવે ત્યારે એ બંનેને વાંધા પડતા હોય છે અને એકબીજા પ્રત્યેની ફરિયાદો શરૂ થઈ જતી હોય છે. ખાસ તો ઓલા પાત્રને જેને બહુ ફરિયાદ હોય છે કે સામેનું પાત્ર તેના માટે કશી તોપ નથી ફોડતું!

જો કોઈ પણ સંબંધને હંમેશાં રોમાંચથી ભરેલો કે હંમેશાં લીલોછમ્મ રાખવો હશે તો એ સંબંધમાં નાની વાતમાંથી પણ રોમાંચ લેતા શીખવું પડશે, કારણ કે આતશબાજી પણ દિવાળીને દિવસે જ ફૂટે, જેનાથી આકાશ ઝગમગી ઊઠતું હોય છે. બાકી, રોજ તો ઘરે આપણે એક કોડિયું જ પ્રકટાવીએ છીએ, જે આપણા ઘરને ઝગમગતું કરે દે છે ! એટલે કોડિયાના એફર્ટ્સની-પ્રયાસની આપણે કદર કરતા શીખવું પડશે તો જ આપણને સંતોષ પણ મળશે અને તો જ સંબંધ તાજો પણ રહેશે, નહીંતર આતશબાજીના રવાડે ચઢીશું તો રોજરોજ આકાશ કંઈ ઝગમતું હોય એ સારું પણ ન લાગે ને પ્રદૂષણ થશે એ વધારાનું !■





## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## પરિવર્તન ધીમે પગલે આવતું હોય છે...

ડિયર હની,

સાસરિયામાં કેટલાક રીત-રિવાજ ઘણીવાર વણલખ્યા નિયમ બની જતા હોય છે. આજે ય કેટલીક જ્ઞાતિઓમાં વહુઓ લાજ કાઢે એ રિવાજ છે અને નિયમ પણ છે, પણ આધુનિક યુગમાં એનું પ્રમાણ ઘટતું જાય છે.

જોકે, મને બરાબર યાદ છે કે, તું પરણીને આવી ત્યારે અમારા ઘરમાં ડ્રેસ પહેરવાની છૂટ ન હતી અને તું તો તારા ઘેર ડ્રેસ જ પહેરતી હતી. મારા ઘેર આવી ત્યારે ઘરમાં પણ સાડી પહેરવી પડતી હતી અને એ તારા માટે અગવડ હતી. એમાં ફાવતું નહોતું.

મને ય ઘણીવાર એવું થતું કે, મહિલાઓ સાડી પહેરી ઘરના કામ કેમ કરી શકતા હશે, પણ એ ટેવાઈ ગયા હોય, ઘણાં વર્ષોથી એ રીતે કામ કરતા આવતા હોય અને એમણે ય પોતાના ઘરમાં એ રીતે જ મહિલાઓને કામ કરતી જોઈ હોય એટલે એમને આ પ્રથાનો વિરોધ કરવાનો ખ્યાલ જ આવતો નહોતો.

એક પ્રસંગ કહું. અમે અમારી સંસ્થાના ઉપક્રમે જસદણ પાસેના એક ગામે ગયા હતા. તું પણ સાથે હતી. અને ત્યાં રોપા વિતરણ હતું. એક ઘેર ગયા એ જ્ઞાતિમાં લાજનો રિવાજ. બધી મહિલાએ લાજ કાઢી જ હોય. આપણા માટે ત્યાં ખાટલા ઢાળવામાં આવ્યા. અને પછી ચા કે ઠંડું ઓફર કરવામાં આવ્યા. ત્યારે મને વિચાર આવ્યો કે આ મોકો છે કે મર્યાદાના નામે ખોટી પ્રથા ચાલે છે એ અટકાવીએ.

મેં કહ્યું કે, એક શરતે તમારી મહેમાનગતિ સ્વીકારીએ જો તમે લાજ ના કાઢો. મારી વાતથી ત્યાં સોપો પડી ગયો.

એકાદ મહિલાએ એવું કહ્યું કે, આવી શરત ના હોય. તમેં તો અમારા મહેમાન છો. મેં ય જીદ કરી, પણ એ કામ ના કરી શકી. પછી ફોટો પડાવવાની વેળા આવી. એ પતિ-પત્ની મારી ને તારી સાથે ફોટો પડાવવા ઊભા રહ્યા. વળી, કહ્યું કે, અહીં તો લાજ ના કાઢો. ફોટોમાં તમારું મોઢું ય નહિ દેખાય. થોડી રકઝક પછી એમણે સાડીનો પાલવ માથા સુધી ખેંચ્યો અને એ ય કેટલા સંકોચ સાથે...!

આપણા ઘરમાં તારી જેઠાણી પણ સાડી જ પહેરતી હતી ઘરમાં. તેં એકવાર કહેલુંય ખરા કે, આ સાડીમાંથી છોડાવ ને ...મેં બાને વાત કરવાનો પ્રયત્ન કરેલો ત્યારે બાએ કહેલું કે, તારા પપ્પા ઘરમાં હોય અને વહુ ડ્રેસ પહેરીને ફરે એ સારું ના લાગે. પછી મેં તને બીજો ઉપાય સૂચવેલો કે, તું અને ભાભી એટલે કે તારી જેઠાણી બંને સંપીને બાને વાત મૂકો તો કદાચ ઉકેલ નીકળી જશે. પછી તો એવું થયું કે, આપણા પિતરાઈભાઈઓને ત્યાં ભાભીએ ડ્રેસ પહેરવા લાગી....જાણે પરિવર્તનનો પવન ફૂંકાયો. તમે બંને દેરાણી-જેઠાણીએ બાને કહ્યું કે, જુઓ ફલાણા ભાઈ ને ત્યાં વહુ ડ્રેસ પહેરવા લાગી છે. અમને ય છૂટ આપો. બાને તમારી વાત પહેલા પસંદ તો નહોતી પડી, પણ ધીમે ધીમે એ સમજી ગયા કે હવે છૂટ આપવી જોઈએ. અને છૂટ મળી. તું ઘરમાં ડ્રેસ પહેરવા લાગી ત્યારે કેટલી આઝાદી ફિલ કરતી હતી એ તારા ચહેરા પર સ્પષ્ટ ઝળકતું હતું! મને પણ એ રૂપમાં જોવી ગમતી હતી.

એકવાર શતાયુ એવા આપણા વરિષ્ઠ લેખક - પત્રકાર નગીનદાસ આપણા ઘેર આવ્યા ત્યારે કહેતા હતા કે, મેં એવો સમય જોયો છે કે, ગામમાં વહુઆરુ નીકળે તો એમને ચપ્પલ પહેરવાની મનાઈ હતી. ખુલ્લા પગે ચાલતી મહિલાઓ મેં જોઈ છે, પણ સમય હવે બદલાયો છે. અને આજે હું કોઈ છોકરીને સ્કૂટર કે કાર ચલાવતી જોઉં છું તો રાજી થાઉં છું.... કેટલીક સમસ્યાનો ઉકેલ સમય પાસે હોય છે....'

નગીનબાપાની વાત ખરી, પણ ઘણીવાર એવું બને છે કે, ખોટી પ્રથાઓ સામે અવાજ ઉઠાવાય તો વાતનું વતેસર પણ થતું હોય છે. એના કરતાં સમજાવટથી કામ લેવાય તો રસ્તો જરૂર નીકળે છે, કારણ કે, આવી વાતને લઈને બે પેઢી વચ્ચેનો જનરેશન ગેપ આડો આવે છે. સાસુ પોતાની વહુ પર રૂવાબ ઝાડે છે, કારણ કે એની સાસુએ પણ એવું જ કરેલું.

જોકે, મારી બા એવાં નથી. એ બીમાર પડ્યાં ત્યારે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં ને ત્યાં તો ફરજિયાત ગાઉન પહેરાવાતું હતું. ત્યારે બાને બહુ સંકોચ થતો હતો, પણ તને ડ્રેસની છૂટ આપ્યા બાદ એ ય થોડા સમય બાદ ગાઉન પહેરતાં થયાં હતાં.

પરિવર્તન અમુક વાર અપવાદરૂપ ઝડપથી આવે, પણ મોટાભાગે ધીમા પગલે આવતું હોય છે. સામાજિક બાબતો એ ટેકનોલોજી નથી. આપણને 2-G ટેકનોલજીથી 5-G સુધી પહોંચવામાં બહુ વાર ના લાગી અને હવે 6-Gની વાત શરૂ થઇ ગઈ છે.

અલબત્ત, ઘર-પરિવારમાં એટલી ઝડપથી બદલવા આવતો નથી, પણ એકવાર પરિવર્તન આવવાનું શરૂ થાય પછી એની ઝડપ વધે છે અને ગાડી ટોપ ગિયરમાં પડતાં વાર લાગતી નથી.

આજે જુઓ કે ઘરમાં છોકરીઓ અને વહુઆરુઓ ડ્રેસ તો શું શોર્ટ પહેરવા લાગ્યા છે. હા, કેટલાક પરિવાર કે જ્ઞાતિઓમાં હજુ ય બંધન છે, પણ એ બંધન તૂટતા વાર નહિ લાગે.

શિક્ષણ વધે એમ પરિવર્તન પણ આવતું હોય છે. સમય જ એનો ઉપાય છે.

તારો બન્ની.

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## ઉત્તરાવસ્થાને ય ઉત્તમાવસ્થા બનાવી શકાય...

વૃદ્ધાવસ્થામાં પરવશતા ભળે ત્યારે બહુ જ મુસીબત થઈ જાય છે.ઉંમર વધે પણ જો તંદુરસ્તી સારી હોય તો બહુ મુશ્કેલી થતી નથી, પણ સ્વાસ્થ્ય કથળે તો પછી નરસિંહ મહેતાએ ગાયું છે તેમ : 'ઉંબરા તો ડુંગરા થયા ને પાદર થયા પરદેશ' જેવી હાલત થાય.

આજે વૃદ્ધ અને પરવશ થયેલી વ્યક્તિ ગઈકાલ સુધી રાજા જેવી હતી. ઑફિસમાં એનો વટ પડતો. એકવાર બેલ વગાડે કે પ્યુન હાજર. એનો પડ્યો બોલ ઝિલાય. સ્ત્રી વૃદ્ધ અને પરવશ થાય એ પહેલાં ઘરમાં એનો દબદબો હોય. એ ઘરની રાણી હોય. એની ઈચ્છા પ્રમાણે જ ઘરનું રજવાડુ ચાલે. આખું ઘર એની આસપાસ ફરતું હોય. એક દિવસ માંદી પડે કે બહાર ગઈ હોય તો સૌનું ટાઈમટેબલ ખોરવાઈ જાય ને ઘરમાં અંધાધૂંધી મચી જાય. હવે એ ઘરમાં હોય કે ન હોય કોઈને ફરક પડતો નથી. પુરુષ તો ઑફિસમાંથી રિટાયર્ડ થાય તે પરિવારના સભ્યોને ગમતું નથી. આખો દિવસ ઘરમાં રહે તો કલાકે કલાકે એને ચા પીવી હોય. ઑફિસમાં પણ ચા પીતા જ હતા અને પ્યુન હોંશે હોંશે લાવી પણ દેતો હતો અહીં ઘરમાં તો આવી રીતે પુત્રવધૂને કહેતા પણ સંકોચ થાય. પોતે જિંદગીમાં હાથે ચા બનાવી નથી તેથી આવડતી ન હોય. પત્ની હતી ત્યાં સુધી તો વાંધો ન હોતો આવ્યો, પણ પત્નીના ગયા પછી તો સાવ પરવશતા છે. કોને કહેવું?

વૃદ્ધાવસ્થામાં પતિ-પત્ની બંને હોય ત્યાં સુધી વાંધો નથી આવતો. બંને પરસ્પરને સાચવી લે છે, પરંતુ જ્યારે બેમાંથી એક સ્વર્ગે સિધાવે છે ત્યારે જીવિત રહેલી વ્યક્તિ બહુ જ એકલતા મહેસૂસ કરે છે.

હું આ લેખમાળા માટે વિભિન્ન વૃદ્ધાશ્રમમાં ફરતી રહેતી. એમાંથી એકમાં મારે સુધીરભાઈ સાથે મુલાકાત થઈ.૬૬-૬૭ની ઉંમર એમ તો એ કડેધડે હતા. ઑફિસમાં મોટી પોસ્ટ પર હતા. ૬૦ વર્ષે રિટાયર્ડ થયા ત્યારે તો હજુ એમનાં પત્ની પણ હયાત હતાં .

પત્ની તો સુધીરભાઈનું બહુ ધ્યાન રાખતા. એમને પેન્શન પણ સારું આવતું હતું. સંયુક્ત કુટુંબ હતું. બે પુત્ર એમની પત્ની અને બંનેના બે-બે બાળક દસ જણનો પરિવાર. હર્યુંભર્યું ઘર હતું. કિલ્લો કરતા સમય પસાર થતો હતો, પણ આ સુખ કુદરતને મંજૂર ન હતું. પત્નીએ ટૂંકી માંદગીમાં જ ચિરવિદાય લીધી.

પત્નીના ગયા પછી ઘરના વાતાવરણમાં ફરક પડી ગયો. સુધીરભાઈને બહુ જ એકલતા લાગવા માંડી. બંને દીકરા કામ પર ચાલ્યા જાય. બાળકો સ્કૂલ અને ટ્યુશનમાં બિઝી થઈ જાય. બંને વહુ પોતાના રૂમમાં ભરાઈ જાય.

સુધીરભાઈને કલાકે કલાકે ચા પીવાની આદત. પત્ની કરી આપતી હતી. હવે કાંઈ પુત્રવધૂને ઘડી ઘડી કહેવાય નહીં. સુધીરભાઈએ પોતાની ચા પીવાની આદત ઓછી કરી નાખી. એમણે નક્કી કર્યું કે હવે સવાર એકવાર અને બપોરના ત્રણ વાગ્યે એકવાર એમ દિવસમાં બે વાર જ ચા પીવાની. સવારે તો દીકરાઓ માટે ચા બનતી તેની સાથે સુધીરભાઈને ચા મળી જતી, પણ બપોરનું ઠેકાણું ન પડતું. વહુઓ પોતાના રૂમમાં સૂઈ ગઈ હોય કે ટીવી જોતી હોય એટલે ધીમે ધીમે બપોરની ચા પણ બંધ થઈ ગઈ. વર્ષો જૂની ટેવ હોવાને કારણે સુધીરભાઈને અકળામણ થતી, પણ શું કરી શકે?

એકાદવાર પોતે જાતે ચા કરવાનો પ્રયત્ન કર્યો પણ ચા ઊભરાઈ ગઈ અને ગેસ ખરાબ થઈ ગયો એ જોઈને મોટી વહુએ બહુ ગુસ્સો કર્યો. સુધીરભાઈએ વહુનું આવું રૂપ પહેલીવાર જોયું. એ સમસમીને બેસી રહ્યા. પોતાના પેન્શનમાંથી મોટી રકમ એ ઘરમાં આપતા હતા, છતાંયે એમના ખાવાપીવાનું ધ્યાન રાખવામાં આવતું ન હતું. જાણે પોતે બોજ હોય તેવું વર્તન એમની સાથે થવા લાગ્યું. સારી કમાણી હોવાને કારણે સુધીરભાઈએ હંમેશાં સારું જ ખાધું-પીધું હતું. પત્ની પણ અન્નપૂર્ણા જેવા હતા તેથી સુધીરભાઈને ભાવતી વાનગીઓ બનાવીને જમાડવામાં જ એમને આનંદ મળતો. હવે તો રાત્રે પિત્ઝા, પાસ્તા, પાઉંભાજી જેવી વાનગીઓ રાતના જમવામાં બનતી , જે સુધીરભાઈને જરાય ન ભાવતી. એક દિવસ એમણે નાની વહુને કહ્યું : બેટા, તમે અવનવી વાનગીઓ બનાવો છો તે ભલે બનાવો. બાળકોને એવું જ ભાવે છે તો તમે બધાં પ્રેમથી ખાવ, પણ મારા માટે થોડી ખીચડી બનાવી દેશો તો હું દહીં અને ખીચડી ખાઈ લઈશ. મને આવું બધું નથી ભાવતું. '

પત્યું ...નાની વહુ છણકો કરતા બોલી :

જુઓ પપ્પા હવે મમ્મી નથી રહ્યાં તેથી તમારે બહુ નાચનખરાં નહીં કરવાના. મમ્મી તમને બધું કરી દેતા હતા. અમારી પાસે ટાઈમ નથી. જે બને તે ખાઈ લેવાનું. બહુ નખરા નહીં કરવાના.! '

વહુનો જવાબ સાંભળીને અવાક સુધીરભાઈ તો રડવા જેવા થઈ ગયા... પત્ની હતાં ત્યારે રાતના ચીકુ મિલ્ક શેક, સ્ટ્રોબેરી કે સીતાફળ કે મેન્ગો મિલ્સ શેક અચૂક બનતો. જે સિઝન હોય તેના મિલ્ક શેક રાત્રે પીવાની સુધીરભાઈને આદત. હવે મિલ્ક શેક તો જવા દો. કોઈ ફ્રૂટ પણ જોવા મળતું નથી. ફ્રૂટ તો ઘરમાં આવતા જ હશે, પણ સુધીરભાઈને આપવાની દરકાર કોઈ કરતું નથી અને પોતાની મેળે ફ્રીજમાંથી લેવા જતા એ ડરે છે, ક્યાંક વહુઓ ભડકે ને અપમાન કરી નાખે.

સુધીરભાઈ સાંજના વોક માટે ગાર્ડનમાં જાય ત્યારે બધા સમવયસ્કો પોતાની રામકહાણી સંભળાવતા હોય. વિનોદભાઈ સાથે સુધીરભાઈને સારી મિત્રતા. સુધીરભાઈએ પોતાની વાત વિનોદભાઈને કરી. વિનોદભાઈએ કહ્યું : 'સુધીરભાઈ, તમે તો સાધનસંપન્ન છો. આવી અવગણના શા માટે સહન કરો છો? તમારું પેન્શન તો એ લોકો લઈ લે છે. એના કરતાં હું તમને એક સરસ વૃદ્ધાશ્રમ સજેસ્ટ કરું છું. તમને પોતાનો રૂમ એટેચ્ડ બાથરૂમ સાથેનો મળશે.. પૈસા ભરવા પડે પણ તમારી બધી સગવડ સચવાઈ જાય અને એ પણ ડિગ્નિટી સાથે-તમારા માન -સ્વમાન સચવાય ને કોઈ તમારી સામે મોઢું ન બગાડે. સવારના ચા-નાસ્તો પછી દૂધ-ફ્રૂટ, બપોરના જમવાનું, સાંજની ચા, રાતનું જમણ અને સૂતા વખતે દૂધ. વળી તમે એકલા હો, તમારી પાસે પૈસા છે. સિઝનના જે ફ્રૂટ કે જે વસ્તુ ખાવાનું મન થાય તે લઈ આવી શકો અથવા કોઈ પાસે મંગાવી શકો. વળી તમને સમવયસ્ક મિત્રો મળે એમની સાથે વાતચીત કરી શકો, કેરમ-ચેસ જેવી રમત રમી શકો, ગાઈ શકો - નાચી શકો બધું તમારી મનમરજી મુજબ કરી શકો....'

વિનોદભાઈની વાત તો સુધીરભાઈને ગમી, પણ દીકરાઓને નહીં ગમે તેથી વિચારમાં પડી ગયા. સુધીરભાઈના મનમાં શું ચાલે છે તે વિનોદભાઈ સમજી ગયા. કહે :

'દીકરા-વહુઓનો વિચાર નહીં કરવાનો. એમને જે લાગવું હોય તે લાગે. તમારી અવગણના કરતી વખતે એમને બાપના સ્વાભિમાનીનો ખ્યાલ આવે છે? નહીં ને? તો પછી તમે શાંતિથી તમારી રીતે જીવો. '

વિનોદભાઈની ઓળખાણથી સુધીરભાઈ આજે વૃદ્ધાશ્રમમાં રહે છે ને ખુશ છે. સુધીરભાઈ કહે :

'મને અહીં બહુ જ ગમે છે. ઘરમાં જાણે નિરાશ્રિત હોઉં એવું મને લાગતું હતું અહીં હું સ્વમાનપૂર્વક જીવું છું. મારી પાસે મારા પૈસા છે, હું શા માટે સંતાનોથી ડરી ડરીને જીવું?! '

સુધીરભાઈની જેમ ઘણાં સરસ વૃદ્ધાશ્રમમાં અનેક વૃદ્ધો પોતાની મરજીથી સારું જીવન જીવી રહ્યા છે- ગર્વ સાથે! ■

# ઑટો, ફાર્મા અને કેપિટલ ગૂડ્સ શૅરોમાં વ્યાપક વેચવાલીએ સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જળવાતા સેન્સેક્સમાં વધુ ૧૩૮ પૉઈન્ટનો ઘટાડો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ ₹ ૫૬૮૪ કરોડની ચોખ્ખી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે એકંદરે બજારમાં સત્રના આરંભે નરમાઈનું વલણ જોવા મળ્યા બાદ રોકાણકારોની લેવાલીને ટેકે સત્ર દરમિયાન થોડાઘણાં અંશે સુધારો જોવા મળ્યો હતો, પરંતુ પછીથી ખાસ કરીને ઑટો, ફાર્મા અને કેપિટલ ગૂડ્સ ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોની નફારૂપી વેચવાલીના દબાણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી નીકળતા સતત ત્રીજા સત્રમાં પીછેહઠ જોવા મળી હતી અને સત્રના અંતે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૧૩૮.૭૪ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં વધુ ૩૬.૬૦ પૉઈન્ટનો ઘટાડો આગળ ધપ્યો હતો.

આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૦,૨૨૦.૭૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૯,૯૨૧.૧૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૯,૮૯૧.૬૮ અને ઉપરમાં ૮૦,૬૪૬.૩૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૦.૧૭ ટકા અથવા તો ૧૩૮.૭૪ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૦,૦૮૧.૯૮ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૪૭૨.૧૦ના બંધ સામે ૨૪,૩૭૮.૧૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૩૭૮.૧૦ અને ઉપરમાં ૨૪,૬૦૪.૨૫ની રેન્જમાં અથડાઈને અંતે ૦.૧૫ ટકા અથવા તો ૩૬.૬૦ પૉઈન્ટ ઘટીને ૨૪,૪૩૫.૫૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

જોકે, આજે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૪,૭૫૨.૭૧ કરોડની ખરીદી સામે રૂ. ૨૦,૪૩૭.૩૪ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૬૮૪.૬૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૪૩૩.૬૭ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૩૯૩.૭૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૬૦૩૯.૯૦ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી.

એકંદરે તાજેતરમાં જાહેર થઈ રહેલા નિરાશાજનક કોર્પોરેટ પરિણામો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોનાં અવિરત બાહ્યપ્રવાહને ધ્યાનમાં લેતા બજારનું સેન્ટિમેન્ટ ખરડાઈ રહ્યું છે. જોકે, મિડકેપ અને સ્મોલકેપ શૅરોમાં તાજેતરના ઘટાડા બાદ બાર્ગેઈન હન્ટિંગ જોવા મળી રહ્યું છે, પરંતુ લેવાલી જળવાઈ રહેવા અંગે અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં જોવા મળી રહેલો વધારો ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત ધીમી ગતિએ કરે તેવો સંકેત આપતો હોવાથી ઉભરતા રાષ્ટ્રોમાં રોકાણ માટે રોકાણકારો અવઢવમાં હોવાનું જણાય છે.



તે જ પ્રમાણે રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ અજીત મિશ્રાએ જણાવ્યું હતું કે વિદેશી રોકાણકારોનો બાહ્યપ્રવાહ અને નિરાશાજનક પરિણામો બજાર પર દબાણ લાવી રહ્યા છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી નવ શૅરના ભાવ વધીને અને ૨૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૪.૭૯ ટકાનો વધારો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો, ત્યાર બાદ અનુક્રમે ટેક મહિન્દ્રામાં ૨.૨૮ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૧.૨૯ ટકાનો, ટીસીએસમાં ૧.૨૭ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૧.૨૬ ટકાનો, ઈન્ફોસિસમાં ૧.૧૮ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૯૭ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૦.૩૫ ટકાનો અને કોટક મહિન્દ્રા બૅન્કમાં ૦.૧૩ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે તેની સામે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૩.૨૩ ટકાનો, સન ફાર્મામાં ૨.૫૭ ટકાનો, પાવર ગ્રીડ કોર્પોરેશનમાં ૧.૮૬ ટકાનો, એનટીપીસીમાં ૧.૭૪ ટકાનો, અદાણી પોર્ટસમાં ૧.૬૮ ટકાનો અને લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૧.૫૬ ટકાનો ઘટાડો આયો હતો.

એકંદરે આજે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૯૩ ટકાનો અને મિડિકેપ ઈન્ડેક્સમાં ૦.૪૮ ટકાનો સુધારો જોવા મળ્યો હોવાથી આજે થયેલા કુલ ૪૦૩૧ શૅરોમાં કામકાજ પૈકી ૨૦૯૬ શૅરના ભાવ વધીને અને ૧૮૨૭ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે ૧૦૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં પાવર ઈન્ડેક્સમાં ૧.૩૯ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૧૭ ટકાનો, ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૦.૭૫ ટકાનો, ઑટો ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો અને યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૫૭ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે આઈટી ઈન્ડેક્સમાં ૧.૯૮ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૨૫ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૦.૪૧ ટકાનો અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૪૦ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

વધુમાં આજે એશિયન બજારોમાં સિઉલ, શાંઘાઈ અને હૉંગકૉંગની બજાર સુધારા સાથે અને ટોકિયોની બજાર નરમાઈના વલણ સાથે બંધ રહી હતી, જ્યારે યુરોપના બજારમાં મધ્યસત્ર દરમિયાન મિશ્ર વલણ જોવા મળ્યું હતું. તેમ જ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

## ડૉલર સામે રૂપિયામાં સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ તેમ જ અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડમાં વધારો આવી રહ્યો હોવાથી અને સ્થાનિક સ્તરે ઈક્વિટી માર્કેટમાં નરમાઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવા છતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૮૪.૦૮ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૦૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૮ અને ઉપરમાં ૮૪.૦૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે સત્રની ખૂલતી જ ૮૪.૦૭ની સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીનાં પરિણામો પૂર્વે વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાનું વલણ, ડૉલર ઈન્ડેક્સ અને ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે આજે વૈશ્વિક આર્થિક વૃદ્ધિ મંદ પડવાનો અંદાજ મૂકતા રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા ઘટાડાને કારણે રૂપિયામાં સાધારણ સુધારો જોવા મળ્યો હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨૮ ટકા વધીને ૧૦૪.૧૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૩૮.૭૪ પૉઈન્ટનો અને ૩૬.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૯૭૮.૬૧ કરોડની ચોખ્ખી વેચવાલીને કારણે રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧૭ ટકા ઘટીને બેરલદીઠ ૭૫.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સાધારણ સુધારો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા વચ્ચે વૈશ્વિક સોનાચાંદીમાં ઉછાળા

## ચાંદીમાં ₹ ૧૪૯૦ની તેજી, ₹ ૯૯,૦૦૦ની સપાટી કુદાવી પાછી ફરી, સોનું ₹ ૪૪૧ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે મધ્યપૂર્વના દેશોમાં તણાવ અને અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીનાં પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે સોના-ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની પ્રબળ માગ રહેતાં ભાવ નવી વિક્રમ સપાટી સર કરી રહ્યા છે. તેમ જ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં આગેકૂચ જળવાઈ રહેતા આજે એક તબક્કે મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭૭૯ની તેજી આગળ ધપતા ભાવ રૂ. ૯૯,૦૦૦ની સપાટી વટાવી ગયા બાદ ભાવમાં પીછેહઠ જોવા મળી હતી અને સત્રના અંતે કિલોદીઠ રૂ. ૧૪૯૦ વધી આવ્યા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૯થી ૨૪૧ની આગેકૂચ જોવા મળી હતી.




આજે મધ્યસત્ર દરમિયાન ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરા રહિત ભાવ કિલોદીઠ રૂ. ૧૭૭૯ની આક્રમક તેજી સાથે રૂ. ૯૯,૦૦૦ની સપાટી પાર કરીને રૂ. ૯૯,૧૫૧ના મથાળે રહ્યા બાદ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને નફારૂપી વેચવાલી નીકળતા સત્રના અંતે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૯૦ વધીને રૂ. ૯૮,૮૬૨ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ વેરા રહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૩૯ વધીને રૂ. ૭૮,૩૭૭ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૪૧ વધીને રૂ. ૭૮,૬૯૨ના મથાળે રહ્યા હતા. જોકે, તેજીના આ માહોલમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહી હતી. આગામી ધનતેરસ અને દિવાળીના તહેવારો પૂર્વે સોનામાં તેજીના ફૂંકાયેલા પવનને ધ્યાનમાં લેતા અપેક્ષિત માગનો વસવસો રહેવાની ભીતિ જ્વેલરોમાં સેવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીનાં પરિણામોની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વનાં દેશોના રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતા એક તરફ સોના-ચાંદીને સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે, જ્યારે બીજી તરફ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાનો ટેકો મળતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૨૭૫૮.૩૭ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. જોકે, આજે લંડન ખાતે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૧ ટકો વધીને ઔંસદીઠ ૨૭૫૦.૬૮ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ૨૭૬૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ જે ગઈકાલે વધીને વર્ષ ૨૦૧૨ પછીની સૌથી ઊંચી ઔંસદીઠ ૩૪.૮૭ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા તે સાધારણ ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૪.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. હાલ અમેરિકી પ્રમુખપદની ચૂંટણીના બન્ને ઉમેદવારો ફુગાવાલક્ષી નીતિની તરફેણ કરી રહ્યા હોવાથી સોનાની તેજીને ટેકો મળી રહ્યો છે, જ્યારે ચાંદીને હાજર માલની ખેંચનો મજબૂત ટેકો મળી રહ્યો હોવાનું સ્કોર્પિયન મિનરલ્સનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઑફિસર મિશલ લૅન્ગફોર્ડે જણાવતા ઉમેર્યું હતું કે સામાન્યપણે સોના-ચાંદીને આર્થિક અને ભૌગોલિક અનિશ્ચિતતાઓમાં સલામતી માટેની માગનો વ્યાપક ટેકો મળતો હોય છે.

વધુમાં હાલ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૮૯ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે.

## વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આયાતી તેલમાં ઉછાળા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં ગઈકાલે અનુક્રમે ૧૩૦ સેન્ટનો અને ૧૨૪ સેન્ટનો ઉછાળો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં અનુક્રમે ૧૦૧ રિંગિટ અને ૧૦૦ રિંગિટ વધી આવ્યાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઉછાળો આવ્યો હતો.

વધુમાં હાલ મથકો પર દિવાળીના તહેવારોની અપેક્ષિત માગને ધ્યાનમાં લેતા દેશાવરોના સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં દેશી તેલના ભાવ વધી આવ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક સ્તરે સિંગતેલના ભાવમાં રૂ. ૨૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૪૦ અને સરસવના ભાવમાં રૂ. ૧૦નો પ્રતિ ૧૦ કિલો સુધારો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ રૂચી, ઓલામ એગ્રો અને રિલાયન્સ રિટેલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, રૂ. ૧૩૦૦ અને રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા. દરમિયાન આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સરસવના રૂ. ૧૩૯૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર નવા-જૂના માલોની અંદાજે ૪.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૪૫૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૫૦થી ૪૬૫૦માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનનાં મથકો પર અંદાજે ૧.૫૦ લાખ ગૂણી સરસવની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૫૦થી ૬૫૭૫માં થયા હતા, જ્યારે સરસવ એક્સ્પેલરના ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૦૦થી ૧૩૩૬માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૩૪૦થી ૧૩૪૬માં અને સરસવ ખોળના ક્વિન્ટલે રૂ. ૨૪૫૦થી ૨૪૫૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## પાંખાં કામકાજે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૫૮૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિકમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ તેમ જ સ્ટોકિસ્ટોની નવી લેવાલીના અભાવ અને માલની ગુણવત્તાનુસાર હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૮થી ૨૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે કામકાજો મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૮ ઘટીને રૂ. ૩૭૧૨થી ૩૭૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર ઘટીને રૂ. ૩૭૭૨થી ૩૯૩૬માં થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૩૫થી ૩૬૮૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૫થી ૩૭૭૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

## એનએમડીસીએ ઑગસ્ટ પછી આયર્ન ઑરના ભાવમાં ૧૮ ટકા કરતાં વધુ વધારો કર્યો

કોલકાતા: જાહેર ક્ષેત્રની એનએમડીસીએ આજે વધુ એક વખત આયર્ન ઑરના ભાવમાં આજથી (૨૩મી ઑક્ટોબર)થી અમલી બને તેમ ભાવમાં વધારો કર્યો હોવાનું એક નોટિફિકેશનમાં જણાવ્યું છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર કંપનીએ ગત ઑગસ્ટથી અત્યાર સુધીમાં લમ્પ ઑરના ભાવ ૧૮.૬૯ ટકાનો વધારો કર્યો છે, જેમાં ઑક્ટોબર મહિનામાં ભાવ ૧૦.૪૩ ટકા વધારીને ટનદીઠ રૂ. ૬૩૫૦ નિર્ધારિત કર્યા છે. વધુમાં કંપનીએ ગત ઑગસ્ટથી અત્યાર સુધીમાં ફાઈન્સના ભાવમાં ૧૭.૩ ટકાનો વધારો કર્યો છે અને તેમાં ઑક્ટોબર મહિનામાં ભાવ આઠ ટકા વધારીને ટનદીઠ રૂ. ૫૪૧૦ નિર્ધારિત કર્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત પહેલી ઑક્ટોબરના રોજ કંપનીએ લમ્પ ઑરના ભાવ ટનદીઠ રૂ. ૫૭૫૦ અને ફાઈન્સના ભાવ રૂ. ૫૦૧૦ નિર્ધારિત કર્યા હતા. ત્યાર બાદ હવે લમ્પ ઑરમાં ૧૦.૪ ટકાનો અને ફાઈન્સમાં ૭.૯૯ ટકાનો વધારો કર્યો છે.

અગાઉ ગત સાતમી ઑગસ્ટના રોજ લમ્પ ઑર અને ફાઈન્સના ભાવ અનુક્રમે ટનદીઠ રૂ. ૫૩૫૦ અને રૂ. ૪૬૧૦ નિર્ધારિત કર્યા હતા. જોકે, આ ભાવ વધારામાં રોયલ્ટી, ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) ચાર્જ અને નેશનલ મિનરલ એક્સ્પ્લોરેશન ટ્રસ્ટ ફીનો સમાવેશ થાય છે, પરંતુ સેસ, ફોરેસ્ટ પરમિટ ફી, જીએસટી અને અન્ય વેરાઓનો સમાવેશ નથી કરવામાં આવતો.

## સરકારે પારબોઈલ્ડ ચોખા અને હસ્ક બ્રાઉન રાઈસને નિકાસ જકાતમાંથી માફી આપી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી દિલ્હી/મુંબઈ: નાણાં મંત્રાલયે ગઈકાલે મોડી રાત્રે એક નોટિફિકેશન જારી કરીને પારબોઈલ્ડ અને હસ્ત ચોખા (ડાંગર) પરની નિકાસ જકાત જે ૧૦ ટકા હતી તે શૂન્ય ટકા કરી હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે આજે નિકાસ જકાત મુક્તિનો અમલ ગઈકાલ અથવા તો ગત ૨૨મી ઑક્ટોબરથી અમલી બનશે.

સરકારના આ નિર્ણયને આવકારતા નવી મુંબઈ સ્થિત જથ્થાબંધ અનાજ બજારના વિશ્લેષક દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે પારબોઈલ્ડ ચોખા અને ડાંગરને નિકાસ જકાતમાંથી માફી આપીને ચોખાના નિકાસકારોને એડવાન્સમાં દિવાળીનું બોનસ આપીને રાઈસ મીલર્સને ખુશ કરી દીધા છે. ગત સાલ અન્ન સલામતીને ધ્યાનમાં લેતા વધુ નિકાસ ન થાય તે માટે સરકારે નિયંત્રણો લાદ્યા હતા. બાસમતીના લઘુતમ નિકાસભાવ ટનદીઠ ૧૨૦૦ ડૉલર રાખ્યા બાદ તે ઘટાડીને ૯૫૦ ડૉલર કર્યા હતા. તે જ પ્રમાણે નોન બાસમતી ચોખા પર નિકાસ પ્રતિબંધ મૂકવાની સાથે માત્ર વિદેશી મિત્ર દેશોને સરકારી સ્તરથી નિકાસની શરતી છૂટ આપી હતી, જે સતત વિવાદમાં રહી હતી અને ગણતરીના લોકોને ફાયદો પહોંચ્યો એવા આક્ષેપ સરકાર ઉપર લાગતા રહ્યા હતા.

આ નિયંત્રણો દૂર કરવા બાબતે ખેડૂતો અને નિકાસકારોના સંગઠનો તરફથી કૃષિ મંત્રાલય, વાણિજ્ય મંત્રાલય, ઉપભોક્તા મંત્રાલય, નાણાં મંત્રાલયને આવેદનો મોકલાઈ હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની ટીમને ચોખાનું ઉત્પાદન કરતા રાજ્યોએ વારંવાર ચોખા પરના નિકાસ નિયંત્રણ દૂર કરવા રજૂઆત કરી હતી.

નોન બાસમતી ચોખાના ૪૯૦ ડોલરના લઘુતમ નિકાસ ભાવ હોવાથી દેશના બંદરો ઉપર મોટા સ્ટોક જમા થઈ ગયા હતા કેમ કે આ ભાવથી અંદાજે ૪૧ થી ૪૨ ભારતીય રૂપિયાના ભાવે વેપારો થંભી ગયા હતા દેશના ચોખાના મોટા એક્સપોર્ટ હાઉસ આ બાબત ચિંતામાં હતા. જોકે સરકારે ભારતીય પ્રજાને આપવા પૂરતો સ્ટોક ચકાસીને પાક બજારમાં આવ્યાના દોઢ મહિના બાદ મોડો પણ યોગ્ય નિર્ણય લીધો છે, જે આવકાર્ય છે.

વિયેતનામ, થાઈલેન્ડ અને પાકિસ્તાનની સરખામણીમાં ભારતની ગુણવત્તા સારી છે. તેમ જ શિયાળુ પાક પણ ઉત્તમ આવશે તેવું અનુમાન કૃષિ પંડિતો આપી રહ્યા હોવાથી કેન્દ્ર સરકારે નોન બાસમતીના વધઘટ નિયંત્રણ હટાવી લીધા છે આથી વર્ષ ૨૦૨૪-૨૫માં વિક્રમ નિકાસની શક્યતા ઉજ્જવળ બની હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ખાસ કરીને આફ્રિકન ૫૪ દેશો, યુરોપિયન યુનિયનના ૪૮ દેશો અને મધ્યપૂર્વ એશિયાના દેશોમાં નિકાસની પ્રબળ તક સર્જાઈ છે.

એકંદરે આ નિર્ણયથી દેશની અનાજ બજારની સુસ્તી દૂર થતાં બજારો, રાઈસ મિલો, બંદરો અને મંડીઓ ફરપી ધમધમતી થશે. દેશભરના વેપાર-ઉદ્યોગ જગતે આ નિર્ણયને આવકાર્યો છે ફક્ત એનસીસીએફમાં નોંધ કરાવવાની યંત્રણા સિવાય ઓપન જનરલ લાયસેન્સમાં આ નિકાસ છે જે વધુ પડતી નિકાસ ન થાય તેમ જ ચોખ્ખો વેપાર થાય તે માટે આવશ્યક હોવાથી યોગ્ય હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# બીએમસીએ ૧૨,૦૦૦થી વધુ ગેરકાયદે હૉર્ડિંગ્સ હટાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ૨૩ નવેમ્બરના યોજાવાની જાહેરાત સાથે જ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. એ સાથે જ મુંબઈ મહાનગરપાલિકાએ અત્યાર સુધી ૧૨,૦૦૦થી વધુ હૉર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરો, ઝંડા સહિત દિવાલ પરના પોસ્ટરો હટાવ્યા છે.

સુધરાઈના દાવા મુજબ ૧૫ ઑક્ટોરથી ૨૨ ઑક્ટોબર સુધીમાં જુદા જુદા વિસ્તારમાં કાર્યવાહી કરીને ૧૧,૦૦૦થી વધુ ગેરકાયદે રીતે લગાડવામાં આવેલા રાજકીય, ધાર્મિક સહિત અન્ય પ્રકારના જાહેરાત બોર્ડ, બેનર અને પોસ્ટરો હટાવ્યા છે. સૌથી વધુ હૉર્ડિંગ્સ અને પોસ્ટરો ૭,૮૨૪ સાર્વજનિક જગ્યા પરથી તો સરકારી જગ્યા પરથી ૧,૨૬૮ હૉર્ડિંગ્સ, બોર્ડ, ઝંડા અને પોસ્ટરો હટાવવામાં આવ્યા છે. ખાનગી જગ્યા પરથી ૨,૬૬૬ હૉર્ડિંગ્સ, બોર્ડ, ઝંડા અને પોસ્ટરો હટાવ્યા છે, જેમાં અઢી હજાર રાજકીય પક્ષના ઝંડાનો પણ સમાવેશ થાય છે. ■

# મેટ્રો-૩ના સબવે સ્ટેશનોમાં હવે ફાઈવ-જીની સેવા અખંડિત

મુંબઈ: કોલાબા-બાંદ્રા-સીપ્ઝ મેટ્રો-૩ લાઈન પર આરે-બીકેસી દરમિયાન પ્રવાસ કરતા હવે પછી પ્રવાસીઓને ફાઈવ-જી નેટવર્કની સેવા અખંડિત ઉપલબ્ધ થશે. ટેલિકોમ્યુનિકેશન્સ સેવા પૂરો પાડતી એક કંપનીએ તેનું નેટવર્ક પૂરું પાડ્યું છે. આને કારણે હવે નજીકના સમયમાં જ મેટ્રો-૩માં પ્રવાસ કરનારા પ્રવાસીઓને કોઇ પણ ખલેલ વિના મોબાઈલનો વપરાશ કરવાની સુવિધા પ્રાપ્ત થશે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશને (એમએમઆરસી) ૭મી ઓક્ટોબરથી મેટ્રો-૩ લાઈન પર આરે-બીકેસીનો તબક્કો પરિવહન સેવામાં શરૂ કર્યો છે. આ લાઈનને હજી સુધી જોઇએ એવો પ્રતિસાદ સાંપડ્યો નથી, પણ ધીરે ધીરે હવે પ્રવાસીઓની સંખ્યા વધી રહી છે. દરમિયાન આચારસંહિતા લાગુ થવા પૂર્વે આરે-બીકેસી મેટ્રો તબક્કો પરિવહન સેવામાં દાખલ કરવાની ઉતાવળ કરવામાં આવી છે. આને કારણે મેટ્રો પ્રવાસીઓનો પ્રવાસ સુવિધાવાળો રહે એ માટે જરૂરી અનેક સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં એમએમઆરસીને ધારી સફળતા મળી નથી.■



**રંગોનો પર્વ આયો...** દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બજારોમાં રંગોળીના રંગ વેચાવાની શરૂઆત થઇ ગઇ છે. રંગોને કારણે બજારો રંગાઇ ગઇ છે. (જયપ્રકાશ કેળકર)

# સ્કૂલોમાં ૧૪ દિવસનું દિવાળીનું વેકેશન: ટીચરોને જોકે ઈલેક્શન ટ્રેનિંગ રહેશે

મુંબઈ: રાજ્ય ભારમાં મોટા ભાગની શાળાઓની પરીક્ષા લગભગ અંતિમ તબક્કામાં પહોંચી ગઇ છે. ૨૬ કે પછી ૨૮મી ઓક્ટોબરથી શાળાઓમાં દિવાળીનું વેકેશન શરૂ થવાનું છે. શિક્ષણ વિભાગે આપેલી માહિતી અનુસાર શાળાઓમાં આ વર્ષે ૧૪ દિવસનું વેકેશન રહેશે. મોટા ભાગની શાળાઓ ૧૨મી નવેમ્બરથી શરૂ થાય એવી શક્યતા છે. અમુક પ્રાઈમરી સ્કૂલો ૧૬મી નવેમ્બરથી શરૂ થશે. આ બધામાં સ્કૂલના શિક્ષકો માટે આ દિવસો કમનસીબ રહેવાના છે. વિધાનસભા ચૂંટણીની પાર્શ્વભૂમિ પર શિક્ષકોની દિવાળીની રજાઓ ચૂંટણીની ટ્રેનિંગમાં પૂરી થઇ જવાની છે.

રાજ્ય આખામાં લગભગ તમામ બિનઅનુદાનિત શાળાની છમાસિક પરીક્ષાઓ પૂરી થઇ ગઇ છે અને વિદ્યાર્થીઓ રજાની મજા માણી રહ્યા છે. જોકે અનુદાનિત અને સરકારી શાળાઓમાં રાજ્ય સરકાર તરફથી થનારાં મરાઠી અંગ્રેજી અને ગણિત વિષયોનાં મૂલ્યાંકન ચાલી રહ્યાં છે. આ મૂલ્યાંકનનું પરીક્ષણ પચીસમીએ પૂરું થશે. ત્યાર બાદ તાત્કાલિક કે પછી ૨૮મી ઓક્ટોબરથી શાળામાં રજાઓ શરૂ થઇ જવાની છે. શિક્ષણ વિભાગે આપેલી માહિતી અનુસાર આ રજાઓ ૧૪ દિવસની રહેશે. દિવાળીની રજાઓનું આયોજન જિલ્લા પરિષદના પ્રાથમિક અને માધ્યમિક વિભાગ દ્વારા કરવામાં આવતું હોય છે. આ આયોજનની સમીક્ષા કર્યા બાદ શિક્ષણ વિભાગ માહિતી પૂરી પાડે છે. માધ્યમિક શાળાઓ ૧૨ નવેમ્બરથી ફરી શરૂ થશે. જોકે પ્રાઈમરી સ્કૂલો ૧૬મી નવેમ્બરથી શરૂ થશે. ■

# ફટાકડા વ્યવસાય પર વરસાદનું પાણી ફરી વળશે?

## રિટેલ વેપારીઓએ ખરીદી શરૂ ન કરતાં હોલસેલના વેપારીઓની ચિંતા વધી

મુંબઈ: દિવાળીને હવે માત્ર ૯ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે રાજ્યના અમુક ભાગોમાં હજી પણ કમોસમી વરસાદ પડી રહ્યો છે અને તેનો ફટકો ફટાકડા વ્યવસાયને પડ્યો છે. રિટેલર્સ ફટાકડા લેવા માટે દેખાઈ ન રહ્યા હોવાથી હોલસેલના વેપારીઓની ચિંતામાં વધારો થયો છે. દર વર્ષે દિવાળી નિમિત્તે મોટા પ્રમાણમાં ફટાકડાનું વેચાણ થતું હોય છે. આ સમયમાં ફટાકડા વ્યવસાયમાં કરોડોનું ટર્નઓવર થતું હોય છે. કોરોનાને કારણે ત્રણ વર્ષ આ ધંધાને ખૂબ જ અસર થઇ હતી. હજી માંડ ફટાકડાનો વ્યવસાય ટ્રેક પર આવી જ રહ્યો હતો ત્યારે આ વર્ષે કમોસમી વરસાદે વેપારીઓની મુશ્કેલી વધારી દીધી છે. હોલસેલ માર્કેટમાં વેપારીઓએ ફટાકડાની મોટા પ્રમાણમાં ખરીદી તો કરી રાખી છે, પણ રિટેઈલરો ફટાકડાની ખરીદી કરવા આવી ફરકી નથી રહ્યા. સામાન્ય રીતે દિવાળીના એક મહિના પહેલાં ફટાકડાની ખરીદી કરવા માટે રિટેઈલરો આવતા હોય છે, પણ આ વર્ષે કમોસમી વરસાદને કારણે રિટેઈલરો કોઇ જોખમ ઉઠાવવા નથી માગી રહ્યા. આને કારણે ફટાકડાના ટર્નઓવરને અને હોલસેલના વેપારીઓને મોટો ફટકો પડવાની શક્યતા છે. ■

# શહેરી વિસ્તારમાં મતદાન વધારવા સક્રિય પ્રયાસ

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કોલાબા વિસ્તારમાં મતદાન વધારવા માટે સંબંધિત અધિકારીઓ હાઉસિંગ સોસાયટીના સભ્યો અને પ્રતિનિધિઓનો સંપર્ક કરી વોટિંગ કરવા માટે સમજાવી રહ્યા છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ગયા અઠવાડિયે શહેરી મતદારોની પાંખી હાજરી અંગે ચિંતા વ્યક્ત કર્યા પછી આ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ૨૦૧૯ની રાજ્યની ચૂંટણીમાં દક્ષિણ મુંબઈના ઉચ્ચભ્રૂ કોલાબા વિસ્તારમાં લગભગ ૪૦ ટકા જેટલું જ મતદાન થયું હતું. ચૂંટણી પંચની માહિતી અનુસાર કોલાબા વિધાનસભા મતવિસ્તારમાં ૨ લાખ ૬૪ હજાર ૯૩૧ મતદાર છે.

શહેરી વિસ્તારના મતદારોની ઉદાસીનતાના મુદ્દાને ઉકેલવા ચૂંટણી પંચે આ વખતે બુધવારે (૨૦ નવેમ્બર) મતદાન યોજવાનો નિર્ણય લીધો છે. શનિ - રવિની રજાનો લાભ લઈ ફરવા જતા રહેતા મતદારોને એમ કરતા અટકાવવાના પ્રયાસ તરીકે આડવારે ચૂંટણી રાખવામાં આવી છે.

ચૂંટણી પંચ મહારાષ્ટ્રના મુંબઈ અને પુણે જેવા શહેરી મત વિસ્તારમાં ઓછા મતદાનની સમસ્યાનો નિવેડો લાવવા કોશિશ કરી મતદાતાઓની જાગૃતિ વધારવા માટે અનેક પગલાં લઈ રહ્યું છે.

મતવિસ્તારનો ઉલ્લેખ કરી રાજીવ કુમારે જણાવ્યું હતું કે 'ગુડગાંવ જુઓ, ફરીદાબાદ જુઓ તેમજ હૈદરાબાદ, બેંગલુરુ દક્ષિણ, ગાંધીનગર, કોલાબા, પુણે, થાણે... આ બધા વિસ્તારોમાં સંબંધિત રાજ્યની સરેરાશ કરતાં પણ ઘણું ઓછું મતદાન થયું છે.'

મંગળવારે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મુંબઈ શહેરના કલેક્ટર સંજય યાદવે જણાવ્યું હતું કે છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં ઓછું મતદાન થયું હતું એવા મતદાન મથકોની એક યાદી તૈયાર કરવામાં આવી છે અને મતદાન મથક મુજબ એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

# દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ એવા મત વિસ્તારોમાં જ ભાજપે નવા ઉમેદવારોને તક આપી

મુંબઈ: તાજેતરની લોકસભાની ચૂંટણીમાં ભાજપે લગભગ અડધો ડઝન વર્તમાન સંસદ સભ્યોને ટિકિટ આપવાનો ઇનકાર કર્યો હતો. આ નિર્ણય પ્રતિકૂળ સાબિત થયો અને ઘણી જગ્યાએ નવા ઉમેદવાર ચૂંટણી હારી ગયા. મહારાષ્ટ્રમાં ભાજપ ૨૮ બેઠક પર મુકાબલામાં ઊતરી માત્ર નવ જ બેઠક અંકે કરી શક્યો હતો. આ અનુભવના કારણે હવે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ એવું વલણ અપનાવ્યું હોવાનું લાગી રહ્યું છે. ભાજપે પ્રથમ યાદીમાં ૯૯ ઉમેદવારની જાહેરાત કરતી વખતે ૮૦ વર્તમાન વિધાનસભ્યોની ફરીથી ઉમેદવારી આપી છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે 'ગુજરાત અને હરિયાણામાં ભાજપે લગભગ અડધો અડધ વિધાનસભ્યોને પડતા મૂક્યા હતા. જોકે, મહારાષ્ટ્રમાં વિશેષ ફેરફાર નથી કરવામાં આવ્યો, જે મતવિસ્તારોમાં વર્તમાન વિધાનસભ્યનો વિજય મુશ્કેલ લાગે છે ત્યાં જ નવા ઉમેદવારને તક આપવામાં આવશે.' તાજેતરની હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૪૦માંથી ૨૩ વિધાનસભ્યને ફરી ઉમેદવારી આપી હતી અને ૧૭ને જાકારો આપ્યો હતો. ભાજપના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત કરતા મહારાષ્ટ્રમાં વિપક્ષ વધુ મજબૂત હોવાથી ભાજપ આ વખતે વધારે મોટા ફેરફારો કરવા નથી માગતો. ભાજપના કૅબિનેટ પ્રધાને જાણકારી આપી કે 'અમે બળવાખોર અને અપક્ષ ઉમેદવાર વધારવાના નથી.' ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે 'જેમનામાં વિજય મેળવવાની ક્ષમતા છે એવા જ લોકોને ટિકિટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.'

ભાજપના કેટલાક નેતાઓએ 'એક પરિવાર, એક ઉમેદવાર'નું રટણ કર્યું હોવા છતાં કેટલીક જગ્યાએ એક જ પરિવારના બે સભ્યને ઉમેદવારી આપવામાં આવી છે. મુંબઈમાં આશિષ શેલાર (બાંદ્રા વેસ્ટ) અને વિનોદ શેલાર (મલાડ વેસ્ટ)ને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. આ સંદર્ભમાં ભાજપના એક નેતાએ કહ્યું કે 'કોઈપણ ચૂંટણીમાં દરેક મત વિસ્તારમાં ત્રણથી ચાર ઈચ્છુક ઉમેદવાર હોય છે. છેવટે તો આપણે દરેક મતવિસ્તારમાંથી એકની પસંદગી કરવાની હોવાથી સ્વાભાવિક રીતે જ અન્યોને નિરાશ થવું પડે છે. અમારા પક્ષના જે નેતાઓ બળવો કરશે તેમને ૩૧ ઑક્ટોબર પહેલા ઉમેદવારી પાછી ખેંચવા વિનંતી કરવામાં આવશે.'

૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૬૪ બેઠક પર ચૂંટણી લડી હતી. તેમાંથી ૧૦૫ બેઠક પર જીત મેળવી હતી. ■

# જમીનના વિવાદને લઇ શસ્ત્રના ઘા ઝીંકી બિલ્ડરની હત્યા: બેની ધરપકડ

થાણે: અંબરનાથમાં જમીનના વિવાદને લઇ બિલ્ડરની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા કરવા બદલ પોલીસે બે જણની ધરપકડ કરી હતી.

આરોપીઓની ઓળખ સૂરજ વિલાસ પાટીલ અને હર્ષ સુનીલ પાટીલ તરીકે થઇ હતી, જેમણે સંજય શ્રીરામ પાટીલ (૫૨)ની મંગળવારે રાતે હત્યા કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર દુર્ગા દેવી પાડા ખાતે રહેતા સંજય પાટીલે ૧૯ વર્ષ અગાઉ અંબરનાથ પૂર્વમાં શાંતારામ પાટીલ પાસેથી પાંચ એકર જમીન ખરીદી હતી. બાદમાં શાંતારામ પાટીલે ઉપરોક્ત જમીન અન્ય લોકોને વેચી હોવાથી એ જમીનની માલિકી પરથી વિલાસ પાટીલ, સૂરજ પાટીલ અને હર્ષ પાટીલ વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો.

આ વિવાદને લઇ બુધવારે રાતના અંબરનાથ પૂર્વના શિવ મંદિર રોડ પર સૂરજ પાટીલ અને હર્ષ પાટીલે સંજય શ્રીરામ પાટીલના પેટ, છાતી અને પીઠ પર શસ્ત્રના ઘા ઝીંકી દેતાં તેનું મૃત્યુ થયું હતું. હત્યા બાદ આરોપીઓ ફરાર થઇ ગયા હતા.

સંજય પાટીલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યા બાદ શાંતિનગર પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને બંને આરોપીને પકડી પાડ્યા હતા. ■

# વિદ્યાર્થિનીનો પીછો કરીને વિનયભંગ કરવા બદલ યુવક સામે ગુનો

થાણે: ભિવંડીમાં ૧૨ વર્ષની વિદ્યાર્થિનીનો પીછો કરવા અને તેનો વિનયભંગ કરવા પ્રકરણે ૨૨ વર્ષના યુવક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આરોપી સફીઉલ્લા મતીઉલ્લા અન્સારી વિરુદ્ધ શાંતિનગર પોલીસ સ્ટેશનમાં મંગળવારે ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

૧૯ ઑક્ટોબરે શાળાના મેદાનમાં અન્સારીએ પ્રથમ વિદ્યાર્થિનીને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. ત્રણ દિવસ બાદ શાળામાં પરીક્ષા આપી વિદ્યાર્થિની તેની કાકી સાથે ઘરે જઇ રહી હતી ત્યારે અન્સારીએ તેનો પીછો કરીને તેની છેડતી કરી હતી.

વિદ્યાર્થિની કાકીએ અન્સારીના આ વર્તન સામે વાંધો ઉઠાવતાં તેણે તેમને ગાળો ભાંડી હતી અને ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી.

દરમિયાન વિદ્યાર્થિની અને તેના પરિવારજનોએ આ પ્રકરણે શાંતિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અન્સારી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# નાલાસોપારામાં હત્યાકેસનો ફરાર આરોપી ૧૬ વર્ષ બાદ યુપીથી પકડાયો

પાલઘર: નાલાસોપારામાં યુવકની હત્યાના કેસમાં ફરાર આરોપીને ૧૬ વર્ષ બાદ ઉત્તર પ્રદેશથી પકડી પાડવામાં પોલીસને સફળતા મળી હતી.

મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસના સેન્ટ્રલ ક્રાઇમ યુનિટે સોમવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ વિનોદકુમાર ભુદીરામ સિંહ ઉર્ફે ઝુરી તરીકે થઇ હતી.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઇમ) મદન ભલ્લાળે જણાવ્યું હતું કે નાલાસોપારાના ગામમાં ૧૯ જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ ૨૬ વર્ષના પ્રવીણ પ્રભાકર ધુળે પર ટોળાએ હુમલો કર્યો હતો. બાદમાં સિકંદર ઇમરાન શેખ અને અનિલ ધુર્વી સિંહે ગોળી મારીને ધુળેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ પ્રકરણે ગુનો દાખલ કર્યા બાદ પોલીસે તપાસ આદરી હતી અને ૨૦૧૧માં ૧૨ જણની ધરપકડ કરી હતી, જેમની સામે બાદમાં આરોપનામું દાખલ કરાયું હતું.

આ કેસમાં વિનોદકુમાર સિંહ ફરાર હતો અને પોલીસ તેને શોધી રહી હતી. તાજેતરમાં પોલીસને માહિતી મળી હતી કે વિનોદકુમાર ઉત્તર પ્રદેશમાં છુપાયો છે. આથી ક્રાઇમ બ્રાન્ચની ટીમે ઉત્તર પ્રદેશ રવાના થઇ હતી અને વિનોદકુમારને તેના નિવાસેથી પકડી પાડ્યો હતો. વિનોદકુમારના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને તેને નાલાસોપારા લાવવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# બદલાપુર જાતીય સતામણી કેસની તપાસમાં ભૂલ કરનાર પોલીસ સામે શું પગલાં લેવાયાં?

## હાઈ કોર્ટે રાજ્ય સરકાર પાસે જવાબ માગ્યો

મુંબઈ: થાણે જિલ્લાના બદલાપુર વિસ્તારની એક શાળામાં બે સગીર છોકરી પર કથિત જાતીય અત્યાચાર અંગે એફઆઇઆર નોંધવામાં અને તેની તપાસ કરવામાં થયેલી ખામીઓ બદલ દોષી પોલીસ અધિકારીઓ સામે કરવામાં આવેલી કાર્યવાહી અંગે બોમ્બે હાઈ કોર્ટે બુધવારે મહારાષ્ટ્ર સરકાર પાસે ખુલાસો માગ્યો હતો.

ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ પૃથ્વીરાજ ચવ્હાણની ખંડપીઠે નોંધ્યું હતું કે ભૂલ કરનાર બદલાપુર પોલીસ અધિકારીઓની સામે વિભાગીય તપાસ કરવામાં આવશે. એડવોકેટ જનરલ બિરેન્દ્ર સરાફે અદાલતને જણાવ્યું હતું કે ખાતાકીય તપાસમાં એક અધિકારી સામે ફરજમાં બેદરકારીના આરોપો ધ્યાનમાં આવ્યા છે. જરૂરી કાર્યવાહી માટે પોલીસ કમિશનરને રિપોર્ટ મોકલવામાં આવ્યો છે. ઓગસ્ટમાં બદલાપુરની શાળાના શૌચાલયની અંદર એક પુરુષ એટેન્ડન્ટે ચાર અને પાંચ વર્ષની બે છોકરીનું જાતીય શોષણ કર્યું હતું.

બદલાપુર પોલીસ દ્વારા આ કેસની તપાસ કરવામાં આવી રહી હતી ત્યારે પોલીસ તપાસમાં ગંભીર ક્ષતિઓ અંગે લોકોના હોબાળા બાદ મહારાષ્ટ્ર સરકારે આ કેસની તપાસ માટે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ની રચના કરી હતી. પુરુષ એટેન્ડન્ટની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં પોલીસે કરેલા ગોળીબારમાં તેને ઠાર મારવામાં આવ્યો હતો.(પીટીઆઇ)■

# દિવાળીના મુહૂર્ત

## પુષ્ય નક્ષત્રમાં ચોપડા બાંધવા આપવાના મુહૂર્ત

**પુષ્ય નક્ષત્ર સમાપ્ત: શુક્રવાર તા. ૨૫-૧૦-૨૪, સવારે ક. ૦૭-૩૯**

**ગુરુપુષ્યામૃતસિદ્ધિ યોગનાં મુહૂર્તો: ગુરુવાર, તા.૨૪-૧૦-૨૦૨૪**

(૧) સવારે ક. ૦૬-૩૭ થી સવારે ક. ૦૮-૦૩ (શુભ)
(૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૩ (ચલ) (૩) બપોરે ક. ૧૨-૨૩ થી ક. ૧૩-૪૯ (લાભ)
(૪) બપોરે ક. ૧૩-૪૯ થી ક. ૧૫-૧૬ (અમૃત)
(૫) સાંજે ક. ૧૬-૪૨ થી ક. ૧૮-૦૯ (શુભ)
(૬) સાંજે ક. ૧૮-૦૯ થી રાત્રે ક. ૧૯-૪૨ (અમૃત)
(૭) રાત્રે ક. ૧૯-૪૨ થી રાત્રે ક. ૨૧-૧૬ (ચલ)
(૮) મધ્યરાત્રે ક. ૦૦-૨૩ થી ક. ૦૧-૫૬ (તા. ૨૫) (લાભ)
(૯) મધ્યરાત્રિ પછી ક.૦૩-૩૦ થી ક. ૦૫-૦૩ (તા. ૨૫) (શુભ)
(૧૦) મધ્યરાત્રિ પછી ક. ૦૫-૦૩ થી ક. ૦૬-૩૭ (તા.૨૫)(અમૃત)

અન્ય શુભ દિવસો: ઓક્ટો. તા. ૧૩,૧૫, ૧૮,૨૧,૨૩,૨૪

વાઘ બારસ, વાક્બારસ, ગૌવત્સ દ્વાદશી, સોમવાર,આશ્વિન વદ-૧૧, સંવત ૨૦૮૦, સોમવાર, તા. ૨૮-૧૦-૨૦૨૪, રમા એકાદશી(કેળા), ધનતેરસ, ધન્વંતરી પૂજન આશ્વિન વદ-૧૨: મંગળવાર, ૨૯-૧૦-૨૦૨૪ ચોપડા લાવવા, ગાદી બિછાવવી, લક્ષ્મીપૂજન

**(મહાલક્ષ્મીપૂજન)**

યમદીપ દાન, ગુરુદ્વાદશી, ભૌમ પ્રદોષ, પ્રદોષકાળ વ્યાપિની તેરસ હોવાથી આજ રોજ ધનપૂજન કરવું. ધન્વંતરી ભગવાનનું પૂજન, સુવર્ણ - રજત સિક્કા, આભૂષણ - રત્નો આદિ ધનનું પૂજન કરવું. શ્રી યંત્ર - લક્ષ્મીયંત્ર, સ્વ. હરિહર પંડિત મહેસાણાવાળા સંશોધિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશયંત્ર આદિની સ્થાપના પૂજા, ઈષ્ટદેવના મંત્રાદિ અનુષ્ઠાનનું માહાત્મ્ય છે. મુહૂર્ત સમય આ પ્રમાણે છે:

(૧) સવારે ક. ૦૯-૩૦ થી ક. ૧૦-૫૬ (ચલ)
(૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (લાભ)
(૩) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૮ (અમૃત)
(૪) બપોરે ક. ૧૫-૧૪ થી સાંજે ક. ૧૬-૪૦ (શુભ)
(૫) રાત્રે ક. ૧૯-૪૦ થી ક. ૨૧-૧૪ (લાભ)
(૬) રાત્રે ક. ૨૨-૪૮ થી મધ્યરાત્રે ક.૦૦-૨૨ (શુભ)
(૭) મધ્યરાત્રિ પછી ક. ૦૦-૨૨ થી ક.૦૧-૫૬ (તા.૩૦) (અમૃત)
(૯) મધ્યરાત્રિપછી ક. ૦૧-૫૬ થી ક. ૦૩-૨૦ (તા.૩૦) (ચલ)

**ધનતેરસ પર્વના સ્થિર લગ્નો:**

(૧) સવારે ક. ૦૮-૦૨ થી ક. ૧૦-૧૬ (વૃશ્ચિક)
(૨) બપોરે ક. ૧૪-૧૨ થી ક. ૧૫-૪૯ (કુંભ)
(૩) સાંજે ક. ૧૯-૦૭ થી રાત્રે ક. ૨૧-૦૭ (વૃષભ)
(૪) ક. ૦૧-૩૬ થી ક. ૦૩-૪૪ (તા. ૩૦) (સિંહ)
(૫) પ્રદોષયુક્ત ધનતેરસના યોગમાં (મુંબઈ સૂર્યાસ્ત ક. ૧૮-૦૬) સમયે પવિત્ર ગોરજ સમયમાં.

કાળી ચૌદશ મહાપર્વ ૨૦૮૦ (મહાકાલી-મહારાત્રિ), આશ્વિન વદ-૧૩, બુધવાર, તા.૩૦-૧૦-૨૦૨૪, શિવરાત્રિ, દીપદાન, વિષ્ટિ ક. ૧૩-૧૫ થી ક. ૨૬-૩૪ (તા. ૩૧).

ઈષ્ટ દેવતાનું પૂજન, મંત્રજાપ, અનુષ્ઠાન, મહાકાલી માતાની, હનુમાનજીની પૂજા, પીપળાનું પૂજન. કાળી ચૌદશની પૂજા પરંપરા અનુસાર યોગ્ય મુહૂર્તમાં કરવી.

દિવાળી મહાપર્વ ૨૦૮૦(મહા સરસ્વતી)મહાલક્ષ્મી, મહાકાલી, શ્રી શારદા (ચોપડા) પૂજન, આશ્વિન વદ-૧૪,ગુરુવાર, તા. ૩૧-૧૦-૨૦૨૪, નરક ચતુર્દશી, ચંદ્રોદય ક. ૦૫-૩૦, ચિત્રા ક. ૨૪-૪૪ સુધી (તા. ૧) પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં સવારે ક.૧૧.૧૫ સુધી,પછી તુલામાં,અભ્યંગ સ્નાન, મહાવીર નિર્વાણ દિન. લક્ષ્મી વ ઈન્દ્ર પૂજા.કંપનીના, વ્યક્તિગત હિસાબના ચોપડા તથા ઉપયોગી વાંચનનાં પુસ્તકો, એકાઉન્ટિંગ માટે વપરાતા કોમ્પ્યુટર, સ્ટેશનરીનું, સુવર્ણ આદિ ધનપૂજન આજના દિવાળીના પવિત્ર પર્વમાં, પ્રદોષકાળ અને નિશિથકાળ વ્યાપિની અમાસ હોવાથી બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી ચોપડાપૂજન કરવું.

**ચોપડા પૂજનનાં મુહૂર્તો આ પ્રમાણે છે:**

(૧) સવારે ક. ૦૬-૪૦ થી ક. ૦૮-૦૫ (શુભ)
(૨) સવારે ક. ૧૦-૫૬ થી બપોરે ક. ૧૨-૨૨ (ચલ)
(૩) બપોરે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૭ (લાભ)
(૪) બપોરે ક. ૧૩-૪૭ થી ક. ૧૫-૧૩ (અમૃત)
(૫) સાંજે ક. ૧૬-૩૮ થી ક. ૧૮-૦૪ (શુભ)
(૬) સાંજે ક. ૧૮-૦૪ થી ક. ૧૯-૩૯ (અમૃત)
(૭) રાત્રે ક. ૧૯-૩૯ થી ક. ૨૧-૧૪ (ચલ)
(૮) ક. ૦૦-૨૨ થી ક. ૦૧-૫૭ (તા.૧) (લાભ)
(૯) ક. ૦૩-૩૧ થી ક. ૦૫-૦૫ (તા.૧) (શુભ)
(૯) ક. ૦૫-૦૫ થી ક. ૦૬-૪૦ (તા.૧) (અમૃત)
(૧૦) પ્રદોષકાળ સાંજે ક. ૧૮-૦૫થી રાત્રે ક. ૨૦.૩૬
(૧૧) નિશિથકાળ રાત્રે ક. ૨૩-૫૭ થી મધ્યરાત્રે ક. ૨૪-૪૭ દિવાળી પર્વના સ્થિર લગ્નો, સ્થિર નવમાંશ

(૧) સવારે ક. ૦૭-૫૪ થી ક.૧૦-૦૯ (વૃશ્ચિક)
(૨) બપોરે ક. ૧૪-૦૪ થી ક. ૧૫-૪૨ (કુંભ)
(૩) સાંજે ક. ૧૮-૫૯ થી રાત્રે ક. ૨૦-૫૯ (વૃષભ)
(૪)મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૮ થી ક. ૦૩-૩૬ (તા. ૧) (સિંહ)
(૫) વૃષભ લગ્ન, કુંભ નવમાંશ ક.૧૯-૧૧ થી ક.૧૯-૨૩
(૬) વૃષભ લગ્ન, વૃષભ નવમાંશ ક. ૧૯-૫૦ થી ક. ૨૦-૦૩
(૭) વૃષભ લગ્ન સિંહ નવમાંશ ક. ૨૦-૩૧ થી ક. ૨૦-૪૪
(૮) સિંહ લગ્ન, વૃષભ નવમાંશ ક. ૦૧-૪૨ થી ક. ૦૧-૫૬ (તા. ૧લી)
(૯) સિંહ લગ્ન,સિંહ નવમાંશ ક. ૦૨-૨૫ થી ક. ૦૨-૩૯ (તા. ૧લી)
(૧૦) સિંહ લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૦૩-૦૭ થી ક. ૦૩-૨૧
(૧૧) વૃશ્ચિક લગ્ન,સિંહ નવમાંશ ક. ૦૮-૦૮ થી ક. ૦૮-૨૩
(૧૨) વૃશ્ચિક લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૦૮-૫૩થી ક.૦૯-૦૮
(૧૩) વૃશ્ચિક લગ્ન, કુંભ નવમાંશ ક. ૦૯-૩૮ થી ક.૦૯-૫૨
(૧૪) કુંભ લગ્ન, વૃશ્ચિક નવમાંશ ક. ૧૪-૧૫ થી ક. ૧૪-૨૬
(૧૫) કુંભ લગ્ન, કુંભ નવમાંશ ક. ૧૪-૪૭ થી ક. ૧૪-૫૭
(૧૬) કુંભ લગ્ન વૃષભ નવમાંશ ક.૧૫-૨૦ થી ક. ૧૫-૩૦

**દર્શ અમાસ**

આશ્વિન વદ-૩૦, શુક્રવાર,તા.૧-૧૧-૨૦૨૪, અન્વાધાન, કેદાર ગૌરી વ્રત (દ.ભા.), હરિયાણા પંજાબ દિન

**નૂતન વર્ષાભિનંદન**

કાર્તિક સુદ-૧, શનિવાર, તા.૦૨-૧૧-૨૦૨૪ વિ. સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, મહાવીર જૈન સંવત્સર ૨૫૫૧ પ્રારંભ. ઈષ્ટિ, દિવાળી પડવો, કાર્તિક શુક્લાદિ,બલિ પૂજન, અભ્યંગ સ્નાન,ગોવર્ધન પૂજા,ગોક્રિડા, કુલાચાર પ્રમાણે મિતિ નાખવી-કાંટો બાંધવો-નવા વર્ષના વેપારનો પ્રારંભ કરવો.

**મુર્હૂત સમય:**

(૧) સવારે ક. ૦૮-૦૬ થી ક. ૦૯-૩૧ (શુભ), (૨) સવારે ક. ૧૨-૨૨ થી ક. ૧૩-૪૭ (ચલ)
(૩) બપોરે ક. ૧૩-૪૭ થી ક.૧૫-૧૩ (લાભ), (૪) બપોરે ક. ૧૫-૧૩ થી ક. ૧૬-૩૮ (અમૃત)

**લાભ પાંચમ- જૈન જ્ઞાન પાંચમ**

કાર્તિક સુદ-૫, સંવત ૨૦૮૦, બુધવાર, તા. ૬-૧૧-૨૦૨૪

સૌભાગ્ય પાંચમ, પાંડવ પંચમી,જૈન જ્ઞાન પાંચમ, કુલાચાર પ્રમાણે આજનાં પવિત્ર પર્વયોગમાં મિતિ નાખવી, કાંટો બાંધી નવા વર્ષનો વેપાર પ્રારંભી શકાય છે.

**મુહુર્ત સમય:**

(૧) સવારે ક. ૦૬-૪૨ થી ક. ૦૮-૦૭ (લાભ),
(૨) બપોરે ક. ૦૮-૦૭ થી ક. ૦૯-૩૨ (અમૃત)
(૩) બપોરે ક. ૧૦-૫૭ થી ક. ૧૨-૨૨ (શુભ),
(૪) બપોરે ક.૧૫-૧૦ થી ૧૬-૩૬ (ચલ)
(૫) સાંજે ક. ૧૬-૩૬ થી ૧૮-૦૨ (લાભ)

# રાજકોટ જિલ્લામાં દિવાળીના તહેવારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ ફટાકડા નહીં ફોડી શકાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે દિવાળી દરમિયાન ફટાકડાથી આગના બનાવો રોકવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કરી ૧૬ નવેમ્બર સુધી રાજકોટ જિલ્લામાં રાત્રીના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ચેતન ગાંધી દ્વારા આ જાહેરનામા દ્વારા પ્રતિબંધાત્મક હુકમો ફરમાવેલ છે જે અંતર્ગત ફટાકડાની લૂમથી મોટા પ્રમાણમાં હવા અને ધ્વની પ્રદૂષણ સહિત ઘનકચરાની સમસ્યાઓ ઊભી થતી હોવાથી તે ફોડી શકાશે નહીં. હવા અને ધ્વની પ્રદૂષણ રોકવા માટે માત્ર અધિકૃત બનાવટવાળા જ ફટાકડાનું ઉત્પાદન કરી વેચાણ કરી શકાશે. તે ઉપરાંત ફલીપકાર્ટ, એમેઝોન સહિતની કોઇપણ ઇ-કોમર્સ વેબસાઇટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઇ શકાશે નહીં કે ઓનલાઇન વેચાણ કરી શકાશે નહીં.

જાહેર રસ્તા-રોડ તથા ફૂટપાથ પર કારખાનુ, ફટાકડા, બૉમ્બ, રૉકેટ, હવાઇ કે અન્ય ફટાકડા કે જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા કે આતશબાજી ફોડવા-સળગાવવા કે કોઇ વ્યકિત ઉપર ફેંકવા નહીં. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્ર, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોના ૧૦૦ મીટરના ત્રીજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં ફટાકડા ફોડી શકાશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનારાઓ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. ■

# રોડ સાઈટ હોમ ડેકોરની ચીજવસ્તુઓનો મૃત્યુઘંટઃ કોઈ લેવાલ નથી



(તસવીર- ઉત્સવ વૈદ્ય ભુજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દિવાળીના તહેવારો નજીક આવી ચૂક્યા છે ત્યારે ભુજ સહિત કચ્છના શહેરી વિસ્તારોમાં 'હોમ ડેકોરની' કલાત્મક ચીજવસ્તુઓ વહેંચતા ફેરિયાઓ ઠેર-ઠેર ગોઠવાયા છે. આ ફેરિયાઓ મૂળ તો બિહારના છે પરંતુ છેલ્લા લગભગ બે દાયકાઓથી કચ્છ ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લાઓમાં સ્થાયી થયા છે અને જ્યાં જ્યાં તેઓ સ્થાયી થયા છે તે ગામોની ભૂમિને આવા પરિવારોએ તેમની કર્મભૂમિ બનાવી છે.

આ વખતે વિધિની વક્રતા તો એ છે કે લોકો આવી કલાત્મક ચીજવસ્તુઓ ખરીદતા નથી અને છેલ્લા પંદર વર્ષોમાં કદી પણ ન અનુભવી હોય તેવી ઘેરી મંદીનો સામનો આ શ્રમજીવી પરિવારો કરી રહ્યા છે. છેક બિહારથી ભુજ સ્થાયી થયેલા બીજય શાહ નામના ફેરિયાના જણાવ્યા પ્રમાણે વેસ્ટ પ્લાસ્ટિક અને અન્ય રિ-સાઇકલ્ડ થયેલી જણસોમાંથી બનાવાયેલી હોમ ડેકોરની ચીજવસ્તુઓ જેવી કે પ્લાસ્ટિકના ફૂલ,મૂર્તિઓ, ચિનાઈ માટીની કલાકૃતિઓ, દુકાનોમાંથી લોકો ખરીદે છે પણ ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારના કલાકારો દ્વારા બનાવાયેલા કલાત્મક નમૂનાઓ ફેંકી દેવાના ભાવે વેંચાતા હોવા છતાં કોઈ ખરીદનાર નથી!.

દિવાળી પૂર્વે લગબગ બે મહિના પૂર્વે અમે હોમ ડેકોરની કલાત્મક ચીજવસ્તુઓના ઢગલે ઢગલા રસ્તા પર ખડકયા છે પણ એમાંના મોટાભાગની ચીજવસ્તુઓ લગભગ એક દાયકાથી વનવેંચાયેલી પડી રહેવા પામી છે જેને લઈને અમારા પરિવારની દિવાળી તો બગડી જવા પામી છે. હોમ ડેકોરની કલાત્મક ચીજવસ્તુઓ પ્રત્યે ઘટતી જતી રુચિ પાછળ મોંઘવારીને જવાબદાર ગણતા આ ભાંગી ગયેલા રોડ સાઈડ ફેરિયાએ જણાવ્યું હતું કે, લોકો ભરપેટ બે ટંક ભોજન માટે ફાંફા મારી રહ્યા હોય ત્યારે ઘર સજાવટની ચીજવસ્તુઓ લોકો ક્યાંથી ખરીદે.આ માત્ર જાણે અમીરોનો જ શોખ હોય તેવી પરિસ્થિતિ ઊભી થવા પામી છે.

હવે હોમ ડેકોરની ચીજવસ્તુઓ રોડ સાઈડ વહેંચવાને બદલે અમે ફળ-ઝાડના રોપા, પક્ષી ઘર, પાણીના કુંડા જેવી ચીજ વસ્તુઓ વહેંચશું જેથી તેના વહેંચણ થકી અમારા ઘરના રસોડાના ચૂલા સળગે. ■

# ભાવનગરમાં મંડપના સામાનની આડમાં છુપાવેલો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ઘોઘા જકાતનાકા અખિલેશ સોસાયટીમાં મંડપના સામાનની આગમાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઇ એલસીબી અને પેરોલ ફર્લો સ્કવૉડે એક સાક્ષર વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો. એલસીબી અને પેરોલ ફર્લો સ્કવોડ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના ઘોઘા જકાતનાકા, અખિલેશ સોસાયટીમાં રહેતા રાહુલ ભુપતભાઈ જેઠવાના ઘરની બહાર જાહેર રસ્તા ઉપર રાખેલ તેના મંડપના સામાનની આડમાં છુપાવેલા ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી ૧૫૭ બોટલ, કિં. રૂ. ૫૮,૦૮૦/- કબજે કરી દારૂનો જથ્થો લાવનાર રાહુલ ભુપતભાઈ જેઠવા વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં સરકારી શાળામાં આગઃ પુસ્તકો અને ફર્નિચર સળગી ગયાં


(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર.)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નંબર ૭૬ સરદાર વલ્લભભાઈ પટેલમાં મોડીરાત્રે અચાનક કોઈ કારણોસર આગ લાગી હતી, ઘટનાની જાણ ફાયર બ્રિગેડ થતા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઇ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

જાણવા મળતી વિગતો મુજબ, મોડી રાત્રે ફાયર વિભાગમાં કોલ આવ્યો હતો કે, શહેરના ભરતનગર વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી શાળા નંબર ૭૬ સરદાર વલ્લભભાઈ પટેલ શાળાના બીજા માળે કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી, આ અંગે તાત્કાલિક ફાયર વિભાગેને જાણ કરતા તત્કાળ ઘટનાસ્થળે પહોંચી એક ગાડી પાણીનો છંટકાવ કરી આગ પર કાબૂ મેળવ્યો હતો, આગ પર એક કલાકની જહેમત બાદ કાબૂ મેળવ્યો હતો, આ આગમાં શાળામાં રહેલ ફર્નિચર તથા ચોપડા બળીને ખાખ થઈ ગયાં હતાં. ■

# જૂનાગઢમાં ગેરકાયદેસર ફટાકડા વેચતા બે વેપારી ઝડપાયા, ૨૧ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જૂનાગઢમાં ગેરકાયદેસર રીતે ફટાકડાનો સંગ્રહ કરી વેચાણ કરતા બે વેપારીને ૨૧ લાખથી વધુના મુદ્દામાલ સાથે એસઓજી પોલીસે ઝડપી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ફટાકડાની ગણતરી જ્વલનશીલ પદાર્થોમાં થતી હોવાથી વેપારીઓએ દિવાળીના તહેવારમાં સરકારી તંત્ર પાસેથી ફટાકડાનું વેચાણ કરવા માટે લાઈસન્સ લેવું જરૂરી છે. લાઈસન્સ વિના ફટાકડા વેચવા એ ગુનો બને છે. ત્યારે ઘણા વેપારીઓ વધુ પૈસા કમાવવાની લાલચમાં ફટાકડા વેચવા માટે લાઈસન્સ લેતા નથી. જેથી જૂનાગઢ જિલ્લામાં આવા વેપારીઓને પકડવા માટે પોલીસ સક્રિય બની હતી.

જૂનાગઢ એસઓજીને બાતમી મળી હતી કે, અશ્વિન ધનજી વોરા અને નરેશ પૂના ચોથાણી ઝાલણસર નજીક ગોડાઉનમાં ગેરકાયદેસર ફટાકડાનો સંગ્રહ કરી વેપાર કરી રહ્યાં છે. બાતમીને આધારે એસઓજીએ બંને વેપારીઓને ત્યાં દરોડો પાડ્યો હતો અને તેમની પાસેથી ૨૧ લાખથી વધુની કિંમતના ફટાકડાનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલા બંને વેપારીઓ માનવ જિંદગી જોખમાય તે રીતે ફાયર સેફ્ટીના કોઈપણ સાધનો અને મંજૂરી વિના ફટાકડાનું વેચાણ કરતા હતાં. ■

# ભાડાંના બાકી બિલોનું ચૂકવણું નહીં કરાતા સાવરકુંડલા પાલિકાએ રિલાયન્સ જીયોના ૩ ટાવર સીલ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં આવેલા રિલાયન્સ જીયોના ટાવરોના ભાડાંના બાકી બિલો ભરપાઈ નહીં કરાતા નગરપાલિકાએ ત્રણ ટાવરોને સીલ મારી દીધું હતું. પાલિકાનું ૨૦૨૨થી ૨૦૨૪ સુધીનું ૧૦ લાખનું બાકી બિલ નોટિસો આપવા છતાંય નહીં ભરાતા પાલિકા દ્વારા ત્રણેય ટાવરોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીને કારણે નેટવર્ક ઠપ્પ થઈ જતાં જીયો યુઝર્સ હેરાન થયાની ફરિયાદો ઊઠી હતી.

સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે, ૨૦૨૨થી ૨૦૨૪ સુધીના ૧૦ લાખના બિલ બાકી હતા જે અનેક વખત નોટિસો મોકલવા છતાં ભરપાઈ નહોતા થયા. અનેક રજૂઆતો કરવા પછી પણ કોઈ જવાબ પણ મળતો નહોતો. જેથી નગરપાલિકા દ્વારા રિલાયન્સ જીયો કંપનીના ૩ ટાવરને સીલ મારી દેવાયાં હતાં. નગરપાલિકાના સૂત્રોનું કહેવું છે કે, રિલાયન્સ જીયોના ટાવરના ભાડાના બીલ બાકી હતાં અને તેને ભરપાઈ કરવા ગલ્લાંતલ્લાં કરવામાં આવતાં હતાં. જેના કરાણે પાલિકાએ સીલ મારવાની કાર્યવાહી કરી હતી. સીલ વાગી જવાથી નેટવર્ક ઠપ્પ થઈ જતાં યુઝર્સની અનેક ફરિયાદો ઊઠી હતી. ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા નુકસાન ચૂકવવા અને ગ્રાહકોને વેલિડિટી વધારી આપવા માટે કંપનીને લીગલ નોટિસ પણ ફટકારવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# રાજકોટ મહાનગર પાલિકાના ફાયર વિભાગમાં ૩૧૯ જગ્યાઓ માટે સીધી ભરતી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં થયેલા ગેમ ઝોન અગ્નિકાંડની ઘટના બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફાયર વિભાગમાં કર્મચારીઓની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ૩૧૯ જગ્યાઓ માટે ૨૪ ઓક્ટોબર ગુરુવારથી સીધી ભરતી શરૂ કરાશે. જેના માટે સાતમી નવેમ્બર સુધીમાં ઓનલાઈન અરજી કરવા જણાવાયું છે.

રાજકોટ ફાયર એન્ડ ઈમર્જન્સી વિભાગના જણાવ્યા પ્રમાણે મહાનગર પાલિકા દ્વારા ફાયર વિભાગમાં વિવિધ જગ્યાઓ માટે ભરતી કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ડિવિઝનલ ફાયર ઓફિસર ૪ જગ્યા, સ્ટેશન ઓફિસર ૫ જગ્યા, સબ ઓફિસરની ૩૫ જગ્યા, ફાયર ઓપેરેટરની ૨૪૭ જગ્યા એમ કુલ ૩૧૯ જગ્યા માટે સીધી ભરતી કરવામાં આવનાર છે. આ માટે જરૂરી લાયકાત ધરાવનાર ઉમેદવારોએ તા ૨૪ ઓક્ટોબરથી તા. ૭ નવેમ્બર સુધીમાં મહાનગર પાલિકાની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારમાં નવા ગામોનો ઉમેરો થતાં ભરતીના નવા નિયમો તૈયાર કરીને ભરતીના નિયમોમાં ફેરફાર કરવાનો નિર્ણય તાજેતરમાં મળેલી મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવામાં આવ્યો હતો. ફાયર વિભાગમાં હાલ ૨૬૮ કર્મચારીઓ-અધિકારીઓ છે. જેમાં સવા ચારસો જેટલા અધિકારી-કર્મચારીઓનો ઉમેરો કરાશે.કુલ ૬૯૬ જેટલા કર્મચારીઓની તબક્કાવાર ભરતી કરવામાં આવશે તેવું પાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું. ■


રાજકોટમાં ગુંદા વાડીની બજારમાં દિવાળીની ખરીદી માટે લોકો ઊમટી પડ્યા હતા.
(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ.)

# જામનગર જિલ્લામાં સૌ પ્રથમવાર મોબાઈલ ઍપના માધ્યમથી પશુધન વસ્તી ગણતરી હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકાર દ્વારા દર પાંચ વર્ષે પશુઓની ગણતરી કરવામાં આવતી હોય છે. ત્યારે આગામી ૨૫ ઑક્ટોબરથી જામનગર જિલ્લામાં મોબાઈલ એપ્લિકેશનથી ૨૧મી પશુ ગણતરી હાથ ધરવામાં આવશે. આ માટે જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા જરૂરી તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકાર દ્વારા પશુ ગણતરી માટે દેશના ચાર રાજ્યમાં ગત જુલાઈ મહિનામાં પાયલોટ સરવેનું આયોજન કરાયું હતું, જેમાં ગુજરાતમાંથી માત્ર જામનગર જિલ્લાની પસંદગી કરાઈ હતી. આ પાયલોટ સરવેમાં શહેરી વિસ્તાર તરીકે કાલાવડ નગરપાલિકાના વોર્ડ નં.૩ અને ગ્રામ્ય વિસ્તાર તરીકે જોડિયા ગામમાં પ્રાયોગિક ધોરણે પશુધન વસ્તી ગણતરી હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે ૨૧મી પશુ ગણતરીમાં વિચરતા પશુપાલકોના પશુઓ ઉપરાંત પાંજરાપોળ, ગૌશાળા અને ડેરી ફાર્મનાં પશુઓને પણ આવરી લેવામાં આવશે.

જામનગર જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. તેજસ શુક્લે જણાવ્યું હતું કે, પશુધનના ડેટા એકત્ર કરવાની કામગીરી સંપૂર્ણપણે મોબાઈલ એપ, વેબ એપ અને ડેશબોર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવશે. આ કામગીરી માટે નોડલ અધિકારીઓની નિમણૂક થયેલી છે. જામનગર જિલ્લામાં શહેર સહિત છ તાલુકાઓના તમામ ગામોમાં ૯૨થી વધુ ગણતરીદારો જિલ્લા નોડલ અધિકારીના માર્ગદર્શનમાં ઘરે ઘરે જઈ પશુઓની ગણતરી હાથ ધરશે અને પશુઓની નોંધણી કરી રીપોર્ટ કરશે. ■

# જામનગરના વિકાસ માટે મનપાએ નાણાં પંચ સમક્ષ બે હજાર કરોડ ફાળવવા માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૧૬મા નાણાં પંચની બેઠકમાં શહેરોના વિકાસ માટે અનેક રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારે જામનગરના વિકાસ માટે પણ સોમવારે યોજાયેલી બેઠકમાં બે હજાર કરોડ રૂપિયા ફાળવવા માટે મહાનગર પાલિકા દ્વારા માગ કરવામાં આવી હતી. નાણાં પંચની બેઠકમાં મનપાની સ્ટે.કમિટીના ચેરમેન નીલેશ કગથરાએ શહેરના રિવરફ્રન્ટ, રોડ-રસ્તા, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ટાઉનહોલ સહિતના કામો માટે બે હજાર કરોડ આપવાની માગણી કરી હતી.

જામનગરમાં રિલાયન્સ, એસ્સાર જેવી કંપનીઓ હોવાથી હજારો કર્મચારીઓ અને મજૂરો જામનગરમાં વસવાટ કરતા થયાં છે અને શહેરની વસતી પણ ૭.૮૦ લાખ જેટલી થઈ ચૂકી છે. ત્યારે શહેરના વિકાસ માટે પાલિકાને ત્વરાએ નાણાં ફાળવવા માટે નાણાં પંચ સમક્ષ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. સોમવારે ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં જામનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને નાણા પંચ સમક્ષ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, જામનગર શહેરમાં રિવરફ્રન્ટ યોજના પણ અમલમાં આવશે.

રિવરફ્રન્ટ યોજનામાં ૫ વર્ષમાં એક હજાર કરોડની ગ્રાન્ટ આપવા અમારી માગણી છે. જામનગરને વિશેષ મામલામાં ગ્રાન્ટ આપીને સ્માર્ટ સિટીમાં સમાવેશ કરવો જોઈએ. આગામી દિવસોમાં રિવરફ્રન્ટની સાથે મૂલ્યવાન જળ સંશોધન યોજના, અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ અને વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે નાણાની ખૂબ જરૂર હોવાથી મહાનગરપાલિકાને બે હજાર કરોડ ફાળવવા અમારી માગ છે. ■

# મોરબીના ટંકારામાં એસએમસીએ બનાવટી ઑઈલ બનાવતી ફેક્ટરી ઝડપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીના ટંકારામાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરોડો પાડી શંકાસ્પદ ઓઈલ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી. આ ફેક્ટરીમાંથી ડુપ્લિકેટ ઓઈલનો જથ્થો તેમજ મશીનરી સહિતનો લાખોનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

ટંકારાની સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને એસએમસીએ ફેક્ટરી ઝડપી પાડતા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલની એક ટીમને બુધવારે સવારે મળેલી બાતમીમાં મોરબી જિલ્લાના ટંકારામાં એક ફેક્ટરીમાં ડુપ્લિકેટ ઓઇલ બનાવી સૌરાષ્ટ્રમાં વેચાણ કરાતું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યાર બાદ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ટંકારામાં આવેલી ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો. ફેક્ટરીમાં કેટલાક શખ્સો ડુપ્લિકેટ ઓઈલના અલગ-અલગ ડબ્બાઓ પર કંપનીના સ્ટીકર લગાવી રહ્યાં હતાં. પોલીસે ફેક્ટરીમાં તપાસ કરતા ૫૦ જેટલા ઓઈલના બેરલ મળી આવ્યા હતા. આ ઓઇલ ઓટોમોબાઈલમાં વપરાતું હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે અન્ય નામાંકિત કંપનીઓના ઓટોમોબાઈલમાં વપરાતા એન્જિન ઓઈલના નામે હલકા પ્રકારની ગુણવત્તાવાળા ઓઈલમાં કેમિકલ, બેઈઝ ઓઈલ, વગેરે જેવા રો મટિરિયલનો ઉપયોગ કરવામાં આવતો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ફેક્ટરીમાંથી શંકાસ્પદ ઓઇલના બેરલ, રો મટિરિયલ અને મશીનરી સહિત લાખોની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ■

# જસદણમાં ભાઈએ બહેનને રહેવા આપેલા પ્લોટ પર ભાણેજે કબજો કરી લીધો

અમદાવાદઃ રાજકોટમાં રહેતા બીએસએનએલના નિવૃત્ત કર્મચારીએ જસદણમાં તેમનો એક પ્લોટ બહેનને રહેવા માટે આપ્યો હતો, જે પ્લોટ પર ભાણેજે કબજો જમાવી દીધો હતો. ત્યાં ઓરડીઓ બનાવીને ભાડે આપી દીધી હતી, જે અંગે જસદણ પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. શહેરમાં અજમેરા શાસ્ત્રીનગરમાં રહેતા દેવજીભાઈ પરમાર બીએસએનએલમાં નોકરી કરતાં હતાં અને હાલમાં નિવૃત્ત જીવન જીવી રહ્યાં છે. તેમણે જસદણ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની પાસે જસદણમાં ખેતીની જમીન પરિવારના સંયુક્ત ખાતામાં આવી છે. આ જમીન ઓછી હોવાથી ત્યાં કોઈપણ પ્રકારનું ખેતીકામ કરવામાં આવતું નહોતું. આ જમીનમાં કુલ ૨૦ પ્લોટ પાડેલ હતા, જેમાં એક પ્લોટ તેમણે તેમની બહેન ડાહીબેન ચૌહાણને રહેવા માટે આપ્યો હતો. ત્યારબાદ તેમનો ભાણેજ રમેશ ચૌહાણ પણ ત્યાં રહેવા આવ્યો હતો.

ફરિયાદીને ૨૦૧૯માં જસદણમાં રહેતા તેમના ભાઈએ કહ્યું હતું કે, આપણાં ભાણેજ રમેશ ચૌહાણે પ્લોટ પર કબજો કરી લીધો છે. ત્યારબાદ ફરિયાદી જસદણ આવ્યા હતાં અને ભાણેજને પ્લોટ ખાલી કરવા કહ્યું હતું. ત્યારે ભાણેજે ફરિયાદી અને તેમના ભાઈને અપશબ્દો બોલીને મારી નાખવાની ધમકી આપી હતી. તેણે પ્લોટ પર ઓરડીઓ બનાવીને ભાડે આપી દીધી હતી. આ બાબતે ફરિયાદીએ કલેક્ટરને અરજી કરતાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધવા હુકમ થતાં આરોપી ભાણેજે ૪.૧૭ લાખનો પ્લોટ પચાવી પાડ્યાની ફરિયાદ નોંધાઈ હતી. જસદણ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને કપાસનું વેચાણ કરવા ખેડૂતો ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકસાન પહોંચ્યું છે. બીજી તરફ મગફળી અને કપાસ સહિતનો પાક નાશ પામ્યો છે. ત્યારે જૂનાગઢ માર્કેટ યાર્ડમાં જણસીની મોટા પ્રમાણમાં આવક થઈ હતી. સરકારે ટેકાના ભાવ નક્કી કર્યા છે પણ યાર્ડમાં પાકની ખરીદી મોડી શરૂ થતાં ખેડૂતો પાકને નુકસાન પહોંચે તે પહેલા જ નાછૂટકે ઓછા ભાવે વેચાણ કરવા માટે પહોંચ્યા હતાં. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં જણસી લઈને આવેલા ખેડૂતોએ કહ્યું હતું કે, સરકારે ટેકાના ભાવ નક્કી કર્યા છે અને ખરીદી લાભ પાંચમથી થવાની છે. ત્યારે હાલમાં વરસાદનું વાતાવરણ હોવાથી પાક બગડી જાય તેવી સ્થિતિ છે. જો ખેતરમાં પાક રહેવા દઈએ તો નુકસાન પહોંચે તેમ છે. જેથી ઓછા ભાવમાં પાક વેચવા માટે અમે મજબૂર થયાં છીએ. ■